# કોડિયું

વર્ષ : ૭૨ જૂન: ૨૦૧૯ અંક : ૧૧

## અનુક્રમણિકા



| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
| --- | --- | --- | --- |
| ૦૧ | વિરોધ-પરિહાર | - ભાણદેવજી | ૪૪૯ |
| ૦૨ | ગાંધીજીનો મારગ | - દિનુ ચુડાસમા | ૪૫૫ |
| ૦૩ | નાનાભાઈના પત્રો | - નીતિન ભટ્ટ | ૪૫૭ |
| ૦૪ | દ.આ.માં સત્યાગ્રહનું બીજ રોપણ | - હિરજી નાકરાણી | ૪૫૯ |
| ૦૫ | પીડીલાઈટ પરિવારનો સુંગધી ગુલાલ | - અરુણ દવે | ૪૬૫ |
| ૦૬ | ગાંધીજીનો આકાશદર્શનનો પ્રેમ | - હસમુખ દેવમુરારિ | ૪૬૭ |
| ૦૭ | બાપુના મૂક સાથી કસ્તુરબા ગાંધી | - ભરત'કુમાર' પ્રા.ઠાકર | ૪૬૯ |
| ૦૮ | રવીન્દ્રનાથ : ધણીને દ્વારે | - જયંત મેઘાણી | ૪૭૨ |
| ૦૯ | શિષ્યઘેલા સર તખ્તસિંહ પરમાર | - નટવર આહલપરા | ૪૭૪ |
| ૧૦ | તર્કસંગત પ્રત્યુત્તર... | - રણછોડ શાહ | ૪૭૭ |
| ૧૧ | એક અનોખો સેવાયજ્ઞ | - માલતી શાહ | ૪૭૯ |
| ૧૨ | વિપદ પડે નવ વલખીયે.. | - મનીષા પ્ર. પંડયા | ૪૮૨ |
| ૧૩ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૪૮૩ |



### ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

### ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

### ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

### ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

ટૉફલરે સમજાવ્યું- ભણાવ્યું છે તેમ આજે કુંભારના ચાકડાનું સ્થાન યંત્રનાં પૈડાએ અને પશુબળનું સ્થાન અશ્મિજન્ય બળતણે લીધું છે. હવે ઈન્ટરનેટે સમગ્ર વ્યવસ્થા તંત્ર ઉપર કબજો જમાવ્યો છે. આપણા તમામ ક્ષેત્રોમાં નિર્ણાયક તરીકે જો કોઈનું પ્રભુત્વ હોય તો તે છે ઈન્ટરનેટ. હવે પછીના પરિવર્તનો કે ક્રાંતિઓ તેના આધારે જ થવાની છે તેની પ્રતીતિ થઈ ચૂકી છે. ઊભી થઈ રહેલી એક બજારૂ સંસ્કૃતિના અનુભવે ભલભલા ચિંતકો અને આશાવાદીઓને પણ વિચારતા કરી મૂકયા છે. ત્યારે વર્ષોથી સૂચવાતો છતાં અમલમાં અશકય જણાતો એવો એક નિર્ણય ગુગલ કંપનીએ લઈને વિશ્વને રોમાંચિત કરી મૂકયા છે. ગુગલે લીધેલા તેના ઐતિહાસિક નિર્ણયે સમગ્ર શિક્ષણ જગત-વ્યવસ્થાનો જાણે શિરોચ્છેદ કરી નાખ્યો છે. તેમણે કરેલા નિર્ણય પ્રમાણે હવે નવી નોકરીઓમાં જે તે જગ્યાઓ અને ડિગ્રી વચ્ચેનો સંબંધ રહેશે નહીં. ઉમેદવારની આવડત, નિષ્ઠા, કાર્યદક્ષતા વગેરેને જ લક્ષમાં લેવામાં આવશે. યુનિવર્સિટીઓ તરફથી મળેલી ઉપાધિઓ હવે નોકરી મેળવવાના કોઈ કામની રહેશે નહીં.

આજે જયારે અનેક ક્ષેત્રોના ઈન્ટરવ્યુ લેવા જવાનું થાય છે ત્યારે એટલી મૂંઝવણ થાય છે કે આ ભલા માણસને પૂછવું શું ? સાવ સામાન્ય માહિતીઓ કે રોજિંદાજીવનના અનુભવ સંદર્ભે પણ તેને કોઈ ગતાગમ હોતી નથી. હિન્દીમાં ડૉકટરેટ થનારો અંતે એવો જવાબ આપતો હોય છે કે ''દુસરા સબજેકટ ફાતા નહીં થા, ઈસલીયે હિન્દી લીધા હૈ''.

આપણા દાદાઓએ અને આપણી નઈ તાલીમે વારંવાર સમજાવ્યું છે કે તમે શું ભણ્યા છો એ મહત્વનું નથી, તમને શું આવડે છે તે મહત્વનું છે. મોંઘીદાટ શૈક્ષણિક લાયકાતો નોકરી અપાવે છે એ માન્યતાને હવે ભૂલી જવી પડશે. આજે નોકરી ન મળે ત્યાં સુધી સૌ ભણ્યે જાય છે અને સૌની હાટડીઓ શરૂ રાખવા સત્તાધીશો લાયકાતના ધોરણો વધારતા જાય છે. ડિગ્રી અને વધારે ટકાવારી મેળવવાની સ્પર્ધાએ શિક્ષણમાં પણ ભ્રષ્ટાચાર જન્માવ્યો છે. આજના શૈક્ષણિક સંકુલોની આકર્ષક જાહેરાતોથી અંજાઈ જઈને માં-બાપ લાંબુ વિચાર્યા વગર દેવું કરીને પણ સંતાનોને બિનજરૂરી શિક્ષણ અપાવવા મથી રહ્યાં છે.

ગુગલે જે નીતિ અપનાવી છે એ આપણે ત્યાં અમલમાં આવતા વર્ષો લાગી જશે કારણ કે આજના શિક્ષણ સંકુલો તો સરકારી અને ખાનગી એમ બંને ક્ષેત્રોના અમલદારો માટે આર્થિકસ્રોત બની ગયો છે. જયાં સુધી હું અને તમે નહીં જાગીએ ત્યાં સુધી આપણે અને આપણા સંતાનો આ સડી ગએલી વ્યવસ્થાના ભોગ બન્યા કરીશું.

— [signature]

## (૦૧) વિરોધ-પરિહાર

- ભાણદેવજી

એવો કોઈ કાળ, એવો કોઈ દેશ કે એવો કોઈ સમાજ નથી, જેમાં સત્યનો વિરોધ ન થયો હોય. અધ્યાત્મ સત્યની શોધ છે. આ સત્યની શોધ માટે ફના થઈ જનાર વીર પુરુષો પણ હોય છે. આ પથ પ્રત્યે સદ્ભાવ ધરાવનાર ભાવિકજનો પણ હોય છે. અને સમગ્ર આધ્યાત્મિક ક્ષેત્ર પ્રત્યે વિરોધીભાવ ધરાવનાર અધ્યાત્મના વિરોધીઓ પણ હોય છે. અધ્યાત્મનો વિરોધ કરનારા વિરોધીઓ માત્ર મૌનભાવે તેનો વિરોધ કરે છે તેવું નથી. અધ્યાત્મનો સક્રિય વિરોધ પણ થાય છે. અધ્યાત્મપથના વિરોધમાં બૌદ્ધિક દલીલો પણ કરવામાં આવે છે. અધ્યાત્મપથના કાચા જિજ્ઞાસુઓ અને પ્રારંભિક પથિકોના ચિત્તમાં વિરોધીઓની આ દલીલો દ્વારા વિઘ્ન કે શંકા ઉપસ્થિત થઈ શકે છે. તેથી અધ્યાત્મપથ પ્રત્યે જે વિરોધ પ્રદર્શિત કરવામાં આવે છે તે વિરોધની પોકળતા અને વ્યર્થતા સમજી લેવી આવશ્યક છે. અધ્યાત્મપથના વિરોધીઓ અધ્યાત્મપથનો કઈ કઈ રીતે વિરોધ કરે છે, તે આપણે જોઈએ અને તેમના વિરોધનો પરિહાર-નિરાસ કેવી રીતે કરી શકાય તે પણ તપાસીએ.

**૧. આક્ષેપઃ**

અધ્યાત્મપથ પરમ સત્યની શોધનો પથ છે. આ પરમ સત્યને બ્રહ્મ, આત્મા, પરમાત્મા, ભગવાન, ઈશ્વર, પુરુષોત્તમ આદિ ભિન્ન ભિન્ન નામથી સંબોધવામાં આવે છે. આ તત્ત્વ અપ્રાકૃત્તિક તત્ત્વ છે. પરાત્પર તત્ત્વ છે. વિરોધીઓ એમ કહે છે કે આવું કોઈ તત્ત્વ હોવાની આપણી પાસે કોઈ સાબિતી નથી. જેથી કોઈ સાબિતી નથી તેવા તત્ત્વની પ્રાપ્તિ માટે જીવન કેવી રીતે આપી શકાય ? અને શા માટે આપવું ? જેના અસ્તિત્વ વિશે આપણી પાસે કોઈ પ્રમાણ નથી, તેની શોધ કે પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો, તે માટે જીવન આપવું તે ડહાપણની નિશાની નથી.

**ઉત્તર :**

એ વાત સાચી છે કે ભગવાનના અસ્તિત્વને પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાય તેમ નથી. પરંતુ જેને વૈજ્ઞાનિક પદ્ધતિથી સિદ્ધ કરી શકાય તે જ સાચું અને બીજું બધું ખોટું - એ સિદ્ધાંત પણ સાચો નથી. એવા સત્યો પણ હોઈ શકે છે અને છે જ કે જેને સાબિત ન કરી શકાય છતાં તેમનું અસ્તિત્વ છે.

ભગવાન એટલો નાનો નથી કે તેને સાબિત કરી શકાય. ભગવાન બધી સાબિતીઓને અતિક્રમીને સૌથી પાર અવસ્થિત છે. જેના થકી બધું છે, તેને કોણ સાબિત કરી શકે ? જે પારલૌકિક તત્ત્વ છે તેને લૌકિક ઉપાયો દ્વારા સાબિત કરી શકાય નહિ. જે અભૌતિક તત્ત્વ છે તેને ભૌતિક ઉપાયો દ્વારા સાબિત કરી શકાય નહિ. પારલૌકિક તત્ત્વને પામવાના ઉપાયો, તેને જાણવાના ઉપાયો પણ પારલૌકિક જ હોવાના. આવા પારલૌકિક ઉપાયો દ્વારા અગણિત સિદ્ધો, સંતો અને અધ્યાત્મ પુરુષો તેને પામ્યા છે. તેમની પ્રાપ્તિમાં, અનુભૂતિમાં શ્રદ્ધા રાખવી તે પણ એક સાબિતી જ છે.

ભારતીય અધ્યાત્મપરંપરામાં અને દાર્શનિક પરંપરામાં પ્રત્યક્ષ અને અનુમાનની જેમ આગમને તથા આપ્તવચનને પણ પ્રમાણ માનવામાં આવે છે. આગમ પ્રમાણ એટલે વેદરૂપી પ્રમાણ અને આપ્ત પ્રમાણ એટલે શ્રદ્ધેય પુરુષના વચનોમાં શ્રદ્ધા. વેદ-ઉપનિષદમાં તો 'આત્મ' તત્ત્વનો સ્પષ્ટતઃ સ્વીકાર છે જ અને રમણ, રામકૃષ્ણ આદિ શ્રદ્ધેય પુરુષોના અનુભવો અને તેમની વાણી પણ પારલૌલિક આધ્યાત્મિક તત્ત્વના અસ્તિત્વની શાખ પૂરે છે.

તેથી આપણે નિશ્ચિતપણે કહી શકીએ કે જેને આત્મા, ઈશ્વર, આદિ અનેકવિધિ નામોથી સંબોધવામાં આવે છે, તેવું પરમ તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે અને તેની તેને અનુરૂપ તેવી સાબિતી પણ છે જ.

**૨. આક્ષેપઃ**

અધ્યાત્મયાત્રા સામે એક એવો આક્ષેપ કરવામાં આવે છે કે તે એક એવી કાલ્પનિક દોડ છે, જેને અંતે નિષ્ફળતા જ હાથ લાગે છે. અધ્યાત્મયાત્રા એટલે અંધારા ઓરડામાં એવી બિલાડીની શોધ જે ત્યાં છે જ નહિ, તેથી આ શોધ વ્યર્થ ફાંફાં જ છે. અધ્યાત્મપથ પર ચાલનાર વ્યક્તિ અંતે નિરાશાની ગર્તામાં ગબડી પડે છે.

ઉત્તરઃ

અધ્યાત્મપથ કાલ્પનિક દોડ નથી, પરમ વાસ્તવિક દોડ છે. આધ્યાત્મિક જગત આ ભૌતિક જગત કરતાં પણ વધુ વાસ્તવિક જગત છે. અધ્યાત્મયાત્રા ભૌતિક સત્યની નહિ, પરંતુ પરમ સત્યની શોધ છે. અધ્યાત્મયાત્રા ભૌતિક કલ્યાણની નહિ, પરમ કલ્યાણની યાત્રા છે. અધ્યાત્મપથ પર ચાલનાર પથિકો નિરાશાની ગર્તામાં નહિ, પરંતુ સુવર્ણશિખરો પર પહોંચ્યા છે. શું રમણ મહર્ષિ નિરાશાની ગર્તામાં ગબડી પડ્યા ? શું મીરાં નિષ્ફળ ગયા ? અધ્યાત્મપથ કાલ્પનિક દોડ નથી, પરંતુ સત્યની શોધ છે અને સત્યથી વધુ વાસ્તવિક બીજું શું છે ?

અધ્યાત્મપથ પર ચાલનાર વ્યક્તિમાં જ યોગ્યતાનો અભાવ હોય અને તે નિષ્ફ્ફ જાય કે નિરાશ થાય તેમ બની શકે. પરંતુ તે ખામી અધ્યાત્મપથની નહિ, પરંતુ તેના પર ચાલનાર યાત્રીની છે. રસ્તે ચાલનાર વ્યક્તિ પોતાની અણઆવડતને કારણે પડી જાય, નિષ્ફળ જાય તો તે વાંક રસ્તાનો ન ગણાય પરંતુ ચાલનાર વ્યક્તિનો ગણાય.

આમ છતાં એ પણ નોંધવું જોઈએ કે એકાદ પ્રયત્નમાં નિષ્ફળ જનાર કે એકાદ જન્મમાં પણ નિષ્ફળ જનાર વ્યક્તિ કાયમી ધોરણે નિષ્ફળ ગઈ તેમ કહી શકાય નહિ. આજે નહિ તો કાલે, આ જન્મે નહિ તો પછીના જન્મે, જે ચાલશે તે ક્યારેક પહોંચશે.

અધ્યાત્મનો પથ તો કલ્યાણનો પથ છે અને શ્રીમદ્ ભાગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે વચન આપ્યું છેઃ

ન હિ કલ્યાણકૃત્ કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ।

ગીતા ૭-૪૦.

"હે તાત ! કલ્યાણપથનો પથિક ક્યારેય દુર્ગતિ પામતો નથી."

**૩. આક્ષેપ :**

અધ્યાત્મપથના પથિકો પર એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે તેઓ જીવનની વાસ્તવિકતા સામે ટકી ન શકવાથી, તેમનાથી હારી-થાકીને ભાગી ગયેલા માણસો છે. એટલું જ નહિ, પરંતુ અધ્યાત્મનું ક્ષેત્ર જ એક છટકબારી છે, જીવનથી હારેલાં-થાકેલાં લોકો માટે ભાગી છૂટવા માટેનું ક્ષેત્ર છે. અધ્યાત્મવૃત્તિ જ ભાગેડું વૃત્તિ છે.

**ઉત્તર :**

જેઓ આવો આક્ષેપ કરે છે, તેઓ અધ્યાત્મનો અર્થ જ સમજ્યા નથી. અધ્યાત્મવિદ્યા જીવનથી નાસી છૂટવાની ભાગેડું વૃત્તિ નથી, પરંતુ જીવનને સાચા અર્થમાં જોવાની, જીવવાની અને જીવનને પરિપૂર્ણ બનાવવાની વિદ્યા છે. હા, કોઈ વ્યક્તિ ભાગેડું વૃત્તિથી, જીવનથી પલાયન કરવા માટે અધ્યાત્મનો આશરો લે તેવું બની શકે પરંતુ તેમાં તે વ્યક્તિ ભાગેડુ છે એમ કહી શકાય, અધ્યાત્મપથ જ ભાગેડું વૃત્તિ છે તેમ કહી શકાય નહિ.

ઊંડી દૃષ્ટિથી જોઈએ તો અધ્યાત્મ જીવન નહિ પરંતુ નર્યું ભૌતિકજીવન ભાગેડું વૃત્તિ છે. પોતાના આંતરિક અભાવની પીડાથી છટકવા માટે માનવી સતત ભૌતિકતા કે ભોગમાં રચ્યો-પચ્યો રહે તો તે ભૌતિકજીવન પોતાની જાતથી છટકવાની, ભાગી છૂટવાની વૃત્તિ નથી ?

દારૂ પીવો તે ભાગેડું વૃત્તિ છે, અધ્યાત્મ નહિ; અર્થહીન પ્રવૃત્તિઓમાં રમમાણ રહેવું તે ભાગેડું વૃત્તિ છે, અધ્યાત્મ નહિ. નરી ભૌતિકતા અને નર્યો ભોગવાદ તે ભાગેડું વૃત્તિ છે, અધ્યાત્મ નહિ.

વ્યક્તિ પોતાની ભૌતિક જરૂરિયાતો પ્રાપ્ત કરવા માટે કોઈ પ્રવૃત્તિ કરે તો તે ભાગેડું વૃત્તિ કે ખોટી પ્રવૃત્તિ છે. એમ કહેવાનું નથી.

ખરેખર તો કોઈ પણ પ્રવૃત્તિ ભાગેડું ગણાય કે નહિ તે, કોઈ પ્રવૃત્તિના બાહ્યસ્વરૂપ પરથી નહિ પરંતુ તે પ્રવૃત્તિ કરનાર વ્યક્તિના ચિત્તની પરિસ્થિતિ પરથી નક્કી કરી શકાય છે અને તેમ જ કરવું જોઈએ.

**૪. આક્ષેપઃ**

એક એવો આક્ષેપ કરવામાં આવે છે કે અધ્યાત્મપથ તો અજ્ઞાતમાં કૂદકો છે. ભગવાન હોય તોપણ તે ક્યાં છે, કેવો છે તે વિશે આપણી પાસે કોઈ પાકી જાણકારી નથી અને પાકી જાણ વિના તેને પામવાના માર્ગ પર કેવી રીતે ચાલી શકાય ?

**ઉત્તરઃ**

તર્કયુક્ત લાગતી આ દલીલ એક તર્કાભાસ છે.

જીવનમાં શ્રદ્ધાની પણ જરૂર છે, અંધારામાં કૂદકો મારવાની હિંમતની પણ જરૂર છે. કોઈ વ્યક્તિ એમ કહે કે મારે તરતાં શીખવું છે, પરંતુ પાણીમાં પહેલેથી પડીશ નહિ. પહેલાં તમે મને અહીં જમીન પર જ તરતાં શીખવી દો,

પછી જ પાણીમાં પ્રવેશું. તરતાં શીખ્યા વિના પાણીમાં પ્રવેશું તો ડૂબી જ મરું ને!

પાણીમાં નહિ પડવાની આ દલીલ પ્રથમ દૃષ્ટિએ તર્કયુક્ત લાગે છે, પણ વસ્તુતઃ તે એક તર્કાભાસ છે. પાણીમાં પડ્યા વિના કોઈ તરતાં શીખી શક્યું છે ? તરતાં શીખીને પછી જ પાણીમાં પ્રવેશવાની શરત રાખીને તરતાં શીખી શકાય ? પહેલાં પાણીમાં પ્રવેશવું પડે, પછી જ તરતાં આવડે !

તે જ રીતે પરમસત્તા વિશે બધું જાણીને, સમજીને પછી જ તેને પામવાના માર્ગ પર ચાલી શકાય તેવી શરત મૂકનાર વ્યક્તિ અધ્યાત્મપથ પર કદી ચાલી શકે નહિ.

એક પરમ સત્ય છે તેવી શ્રદ્ધા અને જેને નથી જાણતા તેને પામવાના પથ પર ચાલવાની હિંમત, સાહસ અધ્યાત્મપથ માટે અનિવાર્ય છે. અધ્યાત્મપથ વીરોનો માર્ગ છે, કાયરોનો નહિ !

**૫. આક્ષેપઃ**

એક એવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે કે પરમસત્તામાં શ્રદ્ધા હોય, અજ્ઞાતમાં છલાંગ મારવાની હિંમત હોય તોપણ જે પરમસત્તા વિશે આપણે કશું જાણતા નથી તેની પ્રાપ્તિના પંથે ચાલવું કઈ રીતે ? જેનો કંઈ પરિચય ન હોય તેને પામવાનો પ્રયત્ન કરવો કેવી રીતે ? જેનું સરનામું ન હોય તેના નિવાસસ્થાને પહોંચવું કેવી રીતે ?

**ઉત્તરઃ**

પહેલી વાત તો એ કે પરમસત્તા આપણું સૌનું અંતરતમ સત્ય છે. બીજું બધું પરાયું હોઈ શકે પણ જે આપણા અસ્તિત્વનું કેન્દ્ર છે તેને આપણે એટલું દૂરનું કદી ન ગણાવી શકીએ કે જાણે આપણે તેનાથી સર્વથા અપરિચિત હોઈએ. હા, આ ક્ષણે આપણે તેના વિશે સભાન ન હોઈએ એમ બની શકે છે, પણ તેથી તે વિજાતીય તત્ત્વ બની જતું નથી. કોઈ જાગૃત માનવ એમ ન કહી શકે કે મને તેની કશી જાણ નથી. આપણામાંના દરેકે કોઈ ને કોઈ ક્ષણે તેની કશીક ઝલક મેળવી હોય છે, તેનો કશોક ભણકાર સાંભળ્યો જ હોય છે.

બીજી વાત એ છે કે ભલે આપણે તેના વિશે ખરું ન જાણતા હોઈએ, પરંતુ અનેક અધ્યાત્મ પુરુષો તેને પામ્યા છે. તેમનો અનુભવ આપણા માટે અધ્યાત્મપથનું ભાથું બની શકે છે, તેમની અનુભૂતિ આપણા માટે માર્ગદર્શન બની શકે છે.

શિષ્ય ન જાણતો હોય તેમ બની શકે છે, પરંતુ ગુરુ તો જાણે છે જ !

**૬. આક્ષેપઃ**

એક એવી સમસ્યા ઉપસ્થિત કરવામાં આવે છે કે અધ્યાત્મનો પણ શું કોઈ પથ હોઈ શકે ? જે સર્વને અતિક્રમીને રહ્યો છે, જે અનંત છે, જે બધાથી પર છે, તેને પામવાનો શું કોઈ પથ હોઈ શકે ? શું તે એટલો નાનો છે કે તેને કોઈ પદ્ધતિથી પામી શકાય ?

**ઉત્તરઃ**

જમીન પર બાંધેલા કે કાગળ પર દોરેલા રસ્તા જેવો કોઈ રસ્તો અધ્યાત્મનો ન હોઈ શકે, એ બરાબર છે અને છતાં તેને પામવાનો ઉપાય પણ હોઈ શકે છે.

આકાશમાં કોઈ બાંધેલો રસ્તો નથી અને છતાં પક્ષીઓ આકાશમાં ઊડે છે અને ગંતવ્ય સ્થાને પહોંચે છે. સમુદ્રમાં કોઈ નિશ્ચિત રસ્તો નથી અને છતાં વહાણ તેમાં ચાલે છે અને નિર્ધારિત સ્થાને પહોંચે છે. અધ્યાત્મપથ પણ તે જ રીતે તરલ, જીવંત અને ક્ષણે ક્ષણે વિવેક માગી લે તેવો પથ છે.

અધ્યાત્મનો સર્વથા તૈયાર પથ ન હોઈ શકે, છતાં આપણી પાસે હજારો વર્ષના અનુભવોનું ભાથું એકઠું થયું છે, તેને આધારે અધ્યાત્મપથ પર પગલાં માંડી શકાય છે અને જેમ જેમ ચાલીએ તેમ તેમ માર્ગ સૂઝતો જાય છે. સમગ્ર પથનું દર્શન પહેલેથી જ થઈ શકે નહિ. જેમ જેમ ચાલીએ તેમ તેમ આગળનો માર્ગ સ્પષ્ટ થતો જાય છે; કોઈને કોઈ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન પણ મળી જાય છે અને ભગવાનના પથ પર ચાલનારને ભગવાન પણ મદદ કરે જ છે. જે ચાલશે તે પહોંચશે !

**૭. આક્ષેપઃ**

અધ્યાત્મના વિરોધીઓ એવો આક્ષેપ કરે છે કે અધ્યાત્મ જીવનનો ઈનકાર છે. વ્યક્તિના જીવનવિકાસની ગતિમાં અધ્યાત્મ બાધારૂપ છે. અધ્યાત્મ દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનો હ્રાસ થાય છે. વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસની અનેકવિધ શક્યતાઓ હોય છે. જ્યારે અધ્યાત્મપથ પર

ચાલવાનો પ્રારંભ કરે છે, ત્યારે તે વ્યક્તિ પોતાના વ્યક્તિત્વના વિકાસની શક્યતાઓ ગુમાવે છે. આમ થવાનું કારણ એ છે કે અધ્યાત્મ પારલૌકિક તત્ત્વ માટેની દોડ છે અને અધ્યાત્મપથના પથિકોને આ લોકના જીવન પ્રત્યે વૈરાગ્ય કેળવવાનું શીખવવામાં આવે છે. આ વૈરાગ્યવૃત્તિને કારણે સાધક પોતાના જીવનવિકાસથી વંચિત રહી જાય છે, પારલૌકિક તત્ત્વ પાછળની દોડને કારણે આ વાસ્તવિક જીવનનો વિકાસ રૂંધાય જાય છે.

**ઉત્તરઃ**

જેઓ અધ્યાત્મના યથાર્થ સ્વરૂપને સમજ્યા નથી તેઓ જ આવો આક્ષેપ કરે છે. અધ્યાત્મ એટલે જીવનનો ઈનકાર નહિ, જીવનની પરિપૂર્ણતા. અધ્યાત્મ દ્વારા જીવનવિકાસ નષ્ટ થતો નથી, પરંતુ પરિપૂર્ણ બને છે. અધ્યાત્મ આત્મપ્રાપ્તિનો પથ છે. આત્મા જીવનનું કેન્દ્ર છે. આત્માને પામીને જીવનવિકાસથી વંચિત રહે ?

હજારો કોડીઓની પ્રાપ્તિ તે જીવનવિકાસ નથી. પરંતુ એક હીરાની પ્રાપ્તિ જીવનવિકાસ છે. બધું જ મળે અને ભગવાન ન મળે તો કાંઈ જ મળ્યું નથી અને ભગવાન મળે અને બીજું કાંઈ પણ ન મળે તોપણ બધું જ મળ્યું છે.

વ્યક્તિત્વના વિકાસની દૃષ્ટિએ જોઈએ તો પણ આધ્યાત્મિક વિકાસ દ્વારા વ્યક્તિત્વનો વિકાસ રૂંધાતો નથી, પરંતુ વ્યક્તિત્વ તેના યથાર્થ અને પરિપૂર્ણ સ્વરૂપે વિકસે છે. એક સંગીતકારના જીવનમાં ભગવાન સ્પર્શ મળે તો તેનું સંગીત વધુ ઉન્નત બને છે અને નવું પરિણામ પામે છે. ભાગવત સ્પર્શથી કથીર સુવર્ણ બની જાય છે.

**૮. આક્ષેપઃ**

અધ્યાત્મપથ વિરુદ્ધ એવી ફરિયાદ છે કે આધ્યાત્મિક વ્યક્તિ વિકૃતિનો ભોગ બની જાય છે. અધ્યાત્મપથ પર ચાલનાર વ્યક્તિઓના વ્યવહારમાં ઘણી વિચિત્રતાઓ જોવા મળે છે.

**ઉત્તરઃ**

એ વાત સાચી છે કે અધ્યાત્મપથ પર ચાલનાર વ્યક્તિનું વર્તન અને જીવન વિશિષ્ટ બની જાય છે. તેના જીવનમાં કશુંક અસામાન્ય બની જાય છે, પરંતુ અસામાન્ય હોવું અને વિકૃત હોવું તે બન્ને એક નથી. જેઓ વિશિષ્ટ છે તેઓ વિકૃત છે તેમ માનવું જોઈએ નહિ.

મીરાં વિશિષ્ટ છે, વિકૃત નહિ. ઠાકુર શ્રી રામકૃષ્ણ વિશિષ્ટ છે, અસામાન્ય છે, પરંતુ વિકૃત નથી.

આમ છતાં અધ્યાત્મપથ પર ચાલનાર વ્યક્તિમાં કોઈ વિકૃતિ જોવા મળે તેવા કિસ્સાઓ પણ જોવા મળે છે. પરંતુ આમ થવાનું કારણ તે વ્યક્તિમાં હોય છે, અધ્યાત્મમાં નહિ. તેથી તે માટે અધ્યાત્મને જવાબદાર માની શકાય નહિ. કોઈ સંગીતકાર વિકૃતિનો ભોગ બને તો તેમાં સંગીતને જવાબદાર ગણી શકાય નહિ. કારણ કે કોઈ વ્યક્તિને વિકૃત બનાવે તેવું સંગીતમાં કશું જ નથી. તે જ રીતે અધ્યાત્મપથ પર ચાલનાર કોઈ સાધકના જીવનમમાં વિકૃતિઓ જોવા મળે તો તે માટે અધ્યાત્મને જવાબદાર ગણાવી શકાય નહિ.

**૯. આક્ષેપઃ**

અધ્યાત્મપથના પથિકો સામે એવી ફરિયાદ થાય છે કે આધ્યાત્મિક વ્યક્તિ સમાજબાહ્ય બની જાય છે. અધ્યાત્મપથના પથિકો સમાજ સાથે અનુકૂલન સાધી શકતા નથી.

**ઉત્તરઃ**

કોઈ એક સમૂહમાં આઠ વ્યક્તિઓ હોય. આ આઠમાંથી સાત વ્યક્તિઓ દારૂ પીએ અને એક વ્યક્તિ ન પીએ તો દારૂ પીનાર વ્યક્તિઓ આઠમી વ્યક્તિને સમાજબાહ્ય ગણે તેવી ફરિયાદ છે.

કોઈ કુટુંબ કે સમાજ સાથે આધ્યાત્મિક વ્યક્તિનું અનુકૂલન ન સધાય તો તેમાં કસૂર આધ્યાત્મિક વ્યક્તિનો નહિ, પરંતુ તેની આજુબાજુ રહેનાર વ્યક્તિઓનો હોય છે. મેવાડના રાજકુટુંબ સાથે મીરાંનું અનુકૂલન ન સધાય તો તે કસૂર મીરાંનો નહિ, મેવાડના રાજકુટુંબનો છે.

અધ્યાત્મ સત્યનો પંથ છે, પ્રકાશનો પંથ છે. સત્યનો ઉપાસક સમાજ સાથે અનુકૂલન સાધવા માટે પોતાના પંથને છોડી દે, પોતાના જીવનના સત્યને ચૂકી જાય તેવી અપેક્ષા રાખવી તે અધ્યાત્મનો જ ઇનકાર કરવા બરાબર છે.

અધ્યાત્મપુરુષો સમાજના પગલે પગલે નહિ ચાલે, સમાજે અધ્યાત્મ પુરુષોના પગલે પગલે ચાલતાં શીખવું પડશે.

**૧૦. આક્ષેપઃ**

એક એવો આક્ષેપ પણ કરવામાં આવે છે કે આધ્યાત્મિક વ્યક્તિ કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર પ્રત્યેની ફરજથી

ચ્યુત થાય છે.

**ઉત્તરઃ**

માત્ર બહિરંગ દૃષ્ટિએ જ જોઈએ તો આ આક્ષેપ સાચો લાગે છે, પરંતુ વસ્તુતઃ તે તથ્યહીન છે.

ભગવત્પ્રાપ્તિ પરમ ધર્મ છે અને તેની તુલનાએ અન્ય ધર્મો ગૌણધર્મ છે. કોઈ નિષ્ઠાવાન સાધક અધ્યાત્મયાત્રા માટે સાધનાના વિશિષ્ટ ગાળા દરમિયાન પોતાની સમાજ પ્રત્યેની કહેવાતી બહિરંગ ફરજ ન અદા કરી શકે તોપણ તેમાં કશું ખોટું નથી. કારણ કે પરમધર્મના પાલન માટે ગૌણ ધર્મનો ત્યાગ કરી શકાય છે અને અધ્યાત્મ તો પરમધર્મ છે જ.

આધ્યાત્મિક વ્યક્તિ પોતાની અધ્યાત્મયાત્રા દ્વારા કુટુંબ, સમાજ કે રાષ્ટ્રને જે મૂલ્યવાન સહાય કરે છે, તેની ગણતરી રૂપિયા-પૈસાથી કરી શકાય તેમ નથી.

હા, કોઈ વ્યક્તિ અધ્યાત્મના બહાના હેઠળ અધ્યાત્મને નામે પોતાની સામાજિક ફરજોમાંથી ચ્યુત થાય તો તેને વાજબી ઠરાવી શકાય નહિ. પરંતુ તે કસૂર અધ્યાત્મનો નહિ પણ તે વ્યક્તિનો છે.

**૧૧. આક્ષેપઃ**

કોઈ એમ પણ કહે છે કે આધ્યાત્મિક વ્યક્તિ સ્વકેન્દ્રી બની જાય છે, અહંકેન્દ્રી બની જાય છે.

**ઉત્તરઃ**

આધ્યાત્મિક વ્યક્તિ સ્વકેન્દ્રી-અહંકેન્દ્રી નહિ, પરંતુ ભાગવતકેન્દ્રી બની જાય છે, આત્મકેન્દ્રી બની જાય છે. આત્મકેન્દ્રીપણું અને અહંકેન્દ્રીપણું એક જ નથી, પરંતુ પરસ્પર વિરોધી હકીકતો છે.

અધ્યાત્મ જ એક માત્ર એવો યથાર્થપથ છે જેના દ્વારા વ્યક્તિ અહંકારમાંથી મુક્ત થઈને ભાગવતકેન્દ્રમાં-સત્યકેન્દ્રમાં પહોંચે છે, અંધકારના કેન્દ્રમાંથી મુક્ત થઈને પ્રકાશના કેન્દ્રમાં પહોંચે છે.

પ્રથમ દૃષ્ટિએ રમણ મહર્ષિ સ્વકેન્દ્રી લાગે છે અને સમાજ માટે કાંઈ કરતા નથી તેમ લાગે છે, પરંતુ રમણ મહર્ષિ સ્વકેન્દ્રી નથી, આત્મસ્થ છે અને તેઓ એક સ્થાને બેઠા બેઠા સમાજ માટે જે કરી ગયા તેનું મૂલ્યાંકન કરવાનો આપણી પાસે ઉપાય નથી, આપણો ગજ ટૂંકો પડે છે.

**૧૨. આક્ષેપઃ**

આધ્યાત્મિક વ્યક્તિ સામે એવો આક્ષેપ છે કે તે સમાજ માટે બોજારૂપ છે.

**ઉત્તરઃ**

જેઓ ખરેખર અધ્યાત્મપથના પથિક નથી, પરંતુ માત્ર અધ્યાત્મનો અંચળો જ પહેરે છે, તેઓ સમાજને ઉપયોગી નથી બોજારૂપ છે. તેઓ અધ્યાત્મને નામે પોતાની સામાજિક ફરજોથી ચ્યુત થયેલાં છે એમ જરૂર કહી શકાય, પરંતુ અધ્યાત્મપથના નિષ્ઠાવાન અને પ્રામાણિક સાધકો માટે આવો આક્ષેપ કરવાનું વલણ ઉચિત નથી.

દરેક ક્ષેત્રમાં બને છે તેમ અધ્યાત્મના ક્ષેત્રમાં પણ દંભી માણસો ઘૂસી જાય છે, પરંતુ તેવા દંભી માણસોને કારણે અધ્યાત્મપથના બધા જ સાધકો સામે બોજારૂપ હોવાનો આક્ષેપ તે ગોળ અને ખોળને સમાન માનવા જેવું વલણ છે.

અધ્યાત્મપથનો નિષ્ઠાવાન સાધક સમાજ માટે બોજારૂપ નથી, પરંતુ સમાજ માટે ખૂબ ઉપકારક છે. તે કેવી રીતે તે હવે જોઈએ.

(૧) સત્યનો સાક્ષાત્કાર પરમ ધર્મ છે અને આ પરમધર્મનો ઉપાસક પોતાની અન્ય ફરજો પૂરેપૂરી ન બજાવી શકે તોપણ તે દોષપાત્ર નથી, કારણ કે બધી જ જવાબદારી પૂરેપૂરી અદા કર્યા પછી સમય મળશે તો અધ્યાત્મ સાધનને સમય આપશું, તેવું માનનાર વ્યક્તિ અધ્યાત્મપથનો પથિક બની જ ન શકે, કારણ કે બીજું બધું કદી પૂરું થતું નથી અને અધ્યાત્મનો વારો જ આવતો નથી. એક નિષ્ઠાવાન સાધક માટે પરમ સત્યની પ્રાપ્તિ સર્વોચ્ચ અગ્રતા ધરાવે છે અને બીજું બધું ગૌણ બની જાય છે.

(૨) એક સાધકની સાધનાથી, એક સિદ્ધના જીવનથી સમાજ પર જે ઉપકાર થાય છે, તે અમૂલ્ય છે. જીવનનો હિસાબ માત્ર રૂપિયા પૈસાથી નથી આંકી શકાતો. માત્ર ભૌતિક વિકાસમાં જ વ્યક્તિ કે રાષ્ટ્રના વિકાસની ઈતિશ્રી નથી. જીવનમાં આર્થિક અને ભૌતિક વિકાસ સિવાય બીજું ઘણું છે. શ્રી રમણ મહર્ષિએ ઉચિત જ કહ્યું છે કે-

"Self-realization is the greatest social service."

"આત્મ-સાક્ષાત્કાર એ મોટામાં મોટી સમાજ-સેવા છે."

(૩) કોઈપણ સમાજમાં, પ્રત્યેક વિશિષ્ટ ક્ષેત્રના

નિષ્ણાત માણસો હોવાના જ. તો જ તે ક્ષેત્રનું ઊંડું ખેડાણ થઈ શકે. સમાજના સર્વાંગી વિકાસ માટે તે ક્ષેત્રનું પ્રદાન પણ ત્યારે જ ઉપયોગી બની શકે છે.

વૈજ્ઞાનિક, કવિ, ચિત્રકાર, સંગીતકાર આદિ મહાનુભાવો પોતાના ક્ષેત્રમાં રત રહે અને પોતાની અન્ય ફરજો ન બજાવી શકે તો પણ તેઓ સમાજ માટે બોજારૂપ ગણાતા નથી. આ જ નિયમ અધ્યાત્મક્ષેત્રના વિશેષજ્ઞને શા માટે લાગુ ન પડે? શું વ્યક્તિ અને સમાજના નિર્માણમાં અધ્યાત્મનું કાંઈ પ્રદાન જ નથી ? વ્યક્તિ અને સમાજના જીવનમાં અધ્યાત્મનું પણ મૂલ્ય છે અને સંભવતઃ ઘણું વિશેષ મૂલ્ય છે.

આમ હોવાથી અધ્યાત્મપથના પથિક માટે એવો આક્ષેપ કદી ન કરી શકાય કે તે સમાજ માટે બોજારૂપ છે.

**૧૩. આક્ષેપઃ**

ભૌતિકવાદી વિચારકો(ચાર્વાકના અનુયાયીઓ) એમ પણ કહે છે કે રાષ્ટ્ર કે સમાજના વિકાસમાં અધ્યાત્મપથ દ્વારા બાધા ઊભી થાય છે. અધ્યાત્મને લીધે લોકોના ચિત્તમાં ભૌતિક વિકાસની તમન્ના નથી. ભૌતિક-આર્થિક વિકાસની તમન્નાના અભાવમાં વ્યક્તિ અને સમાજ ગરીબાઈમાં સબડે છે.

**ઉત્તરઃ**

આપણા દેશનો આધ્યાત્મિક ઇતિહાસ તપાસતાં સમજાય છે કે મધ્યયુગમાં અન્ય ક્ષેત્રોની જેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ વ્યક્તિ અને સમાજ ચીલો ચાતરી ગયા હતા. જગન્મિથ્યાનો મૂળ ભાવાર્થ ભૂલી જવામાં આવ્યો અને જગત્ મિથ્યા છે, માત્ર ભ્રમણા છે તેવા એકદેશીય અને ભ્રામક ખ્યાલોનો પ્રચાર વધી ગયો પરિણામે સમાજમાં માત્ર પરલોક તરફ દૃષ્ટિ રાખવાની વૃત્તિ (other worldlyness) વધી ગઈ. પરિણામે એક પ્રકારના પ્રમાદ, શૈથિલ્ય અને દંભનો પ્રચાર વધ્યો અને અન્ય ક્ષેત્રોની જેમ અધ્યાત્મનું ક્ષેત્ર પણ વગોવાયું છે.

રાષ્ટ્રજીવનના કોઈ પણ ક્ષેત્રમાં આવા સારા-નરસા ગાળાઓ આવે જ છે. તેથી અધ્યાત્મપથ જ ગલત છે અને અધ્યાત્મને કારણે સમાજનો વિકાસ રૂંધાય છે, તેવું તારણ કાઢવું તે બરાબર નથી. ખરેખર તો જે દુષ્પરિણામો અધ્યાત્મને કારણે આવ્યાં છે, તેમ માનવામાં આવે છે તે અધ્યાત્મના ગલત સ્વરૂપને પરિણામે આવ્યાં છે, યથાર્થ અધ્યાત્મને કારણે નહિ.

વળી એ પણ સમજી લેવું જોઈએ કે ભૌતિક વિકાસ એ જ વ્યક્તિ અને સમાજના વિકાસનું એકમાત્ર સ્વરૂપ નથી. માત્ર ભૌતિક વિકાસમાં જ જીવનની કૃતાર્થતા નથી. અધ્યાત્મને તેના યથાર્થ સ્વરૂપે સમજવામાં આવે તો તેનાથી સમાજનો વિકાસ રૂંધાતો નથી. પરંતુ તેનો વિકાસ વધુ વ્યાપક, વધુ સમૃદ્ધ અને વધુ સાચો બને છે.

ભૌતિક વિકાસ તે વિકાસનું એકમાત્ર સ્વરૂપ નથી. સમાજ અને રાષ્ટ્રની વિકાસયાત્રામાં અધ્યાત્મને પણ ઉચિત અને ગૌરવભર્યું સ્થાન આપવું જોઈએ.

જે રાષ્ટ્રો માત્ર ભૌતિકવિકાસની પાછળ ઘેલા થયા છે તેમની આંતરિક અવસ્થા તરફ નજર નાખો !

**૧૪. આક્ષેપઃ**

એમ પણ માનવામાં આવે છે કે અધ્યાત્મને કારણે વ્યક્તિ અને સમાજના જીવનમાં અકર્મણ્યતા આવે છે.

**ઉત્તરઃ**

વાસનારૂપી જ્વરમાંથી ઊભી થયેલી દોડાદોડી અધ્યાત્મ દ્વારા ઓછી થાય છે, તે વાત સાચી છે. અહંકાર અને અહંકારજન્ય કામનાઓના વેગમાંથી નિષ્પન્ન થતી અતિ પ્રવૃત્તિનો વેગ પણ અધ્યાત્મ દ્વારા ઓછો થાય છે, તે પણ બરાબર છે; પરંતુ વ્યર્થ દોડાદોડી અને અતિ પ્રવૃત્તિ ઓછી થાય તે અકર્મણ્યતા નથી. અકર્મણ્યતા તો પ્રમાદનું પરિણામ છે. અધ્યાત્મ દ્વારા પ્રમાદને પોષણ મળતું નથી. અધ્યાત્મ દ્વારા તો કર્મનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ થાય છે. જીવનમાં કર્મને જેવું અને જેટલું સ્થાન ઉચિત હોય તેવું અને તેટલું સ્થાન અધ્યાત્મ શીખવે છે. અધ્યાત્મ દ્વારા કર્મયોગીની યથાર્થ દૃષ્ટિ અને યથાર્થ કળા લાધે છે. અકર્મણ્યતા અધ્યાત્મનું પરિણામ નથી જ.

કોઈ વ્યક્તિ પોતાની અકર્મણ્યતાને, પોતાના શૈથિલ્યને પોષવા માટે અધ્યાત્મના નામનો ઉપયોગ કરે તો તેને આપણે રોકી શકીએ નહિ; પરંતુ તે માટે આપણે અધ્યાત્મને દોષપાત્ર ઠરાવી શકીએ નહિ. ગમે તેવાં સારાં સાધનનો પણ ગલત ઉપયોગ થઈ શકે છે. આમ થાય ત્યારે

**(અનુસંધાન પાના નં. ૪૫૮ ઉપર)**

## (૦૨) ગાંધીજીનો મારગ

**- દિનુ ચુડાસમા**

સત્યવીર ગાંધીજીનું જીવન ઉચ્ચ આદર્શોના આચરણ માટે પ્રતિબદ્ધ હતું, જીવનમાં જે માનવમૂલ્યો માણસાઈ ઉજાગર કરનારા, ઊર્જા અધિક કરતા, જીવનપોષક હોય તે માટે નિત્ય પ્રયોગ કરનાર બાપુ પોતાના ચિંતનને સો ગરણે ગાળી માનવસમાજ સમક્ષ પ્રસ્તુત કરતા રહેતા. પોતાના જીવનકાર્યોમાં એમની પ્રયોગશીલતાનું પરિણામ સ્પષ્ટ ઉજાગર થતું. નિત્યનૂતન કહેવાતા ગાંધીજી માટે વૈચારિક ટહુકાઓ સર્જતા ગુણવંત શાહ શું કહે તે સાંભળીએઃ-

**મહાત્મા ગાંધી જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા.**
**આવા પ્રયોગોમાં મળેલી સફળતાને કારણે જ તેઓ 'મહાત્મા' કહેવાયા.**

આ મહામાનવની આત્મકથાએ ગુજરાતી ભાષા સાહિત્યને અદકેરું માન અપાવ્યું, અત્યાર સુધીમાં જગતની અનેક ભાષાઓમાં એનો અનુવાદ થઈ ચૂક્યો છે. લાખો નકલો લોકો સુધી પહોંચી, અનેકાનેક માણસોના ઘડતરમાં સિંહફાળો આપતા 'સત્યના પ્રયોગો' વિશ્વસાહિત્યની અનન્ય આત્મકથાકૃતિ ગણાઈ, તેના કારણમાં સત્યની માવજત અને પ્રામાણિક નીખાલસતા રહેલી દેખાઈ. ગાંધીજી દંભથી દૂર રહી પ્રામાણિકતાના મારગે વિહરનારા મારગી હતા. પ્યારા ગાંધીજીની એક કેફિયતમાં એમના આત્માનો નાદ સાંભળી શકાય છે કેઃ-

**હું 'મહાત્મા' ગણાઉ તેથી મારું વચન સાચું જ એમ માની કોઈ ન વર્તે. 'મહાત્મા' કોણ તે આપણે જાણતા નથી. સારો માર્ગ એ છે કે 'મહાત્મા' ના વચનને પણ બુદ્ધિની કસોટીએ ચડાવવું તે,**
**તેમાં કસ ન ઊતરે તો તે વચનનો ત્યાગ કરવો.**

'સત્યના પ્રયોગો'માં ઈ.સ.૧૯૨૧-૨૨ સુધીના ગાંધી-જીવનના અનેકવિધ પ્રયોગોની વાત પેટ ચોર્યા વિના કરવામાં આવી છે. એમની અણસમજ, મૂર્ખતા, વિષયાંધતા, ચોરી એવા પાસાઓને સત્યની આંગળી ઝાલી આલેખન કરાયા તેથી એમના આરંભના જીવનમાં જે ત્રુટીઓ હતી એ વાચક પામી શકે અને મર્યાદાઓ દૂર કરી મહામાનવ બનવાના પથિક બને તે પણ ભાવક જોઈ શકે એટલી પારદર્શકતાથી દરેક ઘટનાઓનું નિરૂપણ થયું છે.

જીવનમાં ભૂલ થાય તો ભૂલનો સ્વીકાર કરવાની અને તે ભૂલ ફરી થાય નહી તેવો નિર્ધાર કરવો એ પથ પર ચાલતા બાપુના જીવનમાં એકની એક ભૂલ ફરી જોવા મળતી નથી. ગાંધીદૃઢતાના આ પ્રયોગોનું પરિણામ એટલે આત્મમંથન, આત્મદર્શનમાંથી પસાર થઈ સત્યને પામવું. સત્યદર્શન એમને માટે પરમાત્મા-દર્શન સમાન હતું. ખુદને જણાતું સત્ય એ પૂર્ણસત્ય બને ત્યાં સુધી એમની સત્યસાધના શરૂ રહે, એ સત્ય જીવનમાં ઓગળી જાય, અમૃતનો અનુભવ કરાવે ત્યાં સુધી કર્મશીલ બની, અડગતાથી એ પંથના પથિક બની જતાં, બીજું કે ગાંધીજી બીજાઓના સત્યને જોવા માટે પોતાના મનની બારી અહર્નિશ ઉઘાડી રાખે છે. મારું સત્ય, તમારું પણ સત્ય હોય.. આ સત્યમાંથી અહિંસાનું વ્રત લાધ્યું હતું. બીજા પક્ષે પણ સત્ય હોય તે વાત જે માને તેમણે અહિંસાનો સ્વિકાર કર્યો. બાપુ માટે સત્ય લક્ષ્ય અને અહિંસા સાધન હતી, સમય જતા બંનેમાં અભેદ જોતા થઈ ગયા, માટે તેમની સાધના સત્ય-અહિંસાના અદ્વૈતની બની ગઈ હતી. આ સાધનાને ગાંધીજી 'સત્યાગ્રહ' નામ આપી કેડીને રાજમાર્ગ બનાવી વિશ્વને એક દિવ્યપંથ કંડારી આપે છે.

ગાંધીજીના 'સત્યાગ્રહ'ને સત્યના પ્રયોગોને એમની સાધનશુદ્ધિનો સાધાર હતો. એમનું વ્યક્તિત્વ જ અસ્તિત્વના પડકારો ઝિલવા માટે સર્જાયું હતું ને તેમાં સાધનશુદ્ધિ મૂલાધાર પ્રણ હતું. બાપુ પાસે સ્વયંની જીવનયાત્રાનો નકશો હતો, તેમનો મારગ અસત્યથી સત્ય તરફ ને સત્યથી પરમ સત્ આગળ વધતો જતો, જાણે કે સ્થૂળથી સૂક્ષ્મ તરફ અને સૂક્ષ્મથી શૂન્ય તરફની ઊર્ધ્વમૂલયાત્રા થતી. વ્યક્તિથી સમષ્ટિ તરફ જતા મારગની સાધનામાં નિમગ્ન ગાંધીજીમાં વિચાર, વાણી અને

આચરણની એકરૂપતા હતી પરિણામરૂપે રચનાત્મક જીવંત જીવનથી ભીતરી ઊર્જા સભર રહેતી જે એમને ડગલું માંડ્યું કે ના હટવું, ના હટવું ની શક્તિ પ્રદાન કરતી. ગાંધીબાપુ વિશે મોરારિબાપુનો અભિપ્રાય જોઈએ તો વાત અધિક સમજાશે.

**'ગાંધીબાપુને કોઈ નાનો ઝટકો દે તો પણ પડી જાય, પરંતુ એમના શરીરમાં શોર્ય અને અનંત ધૈર્ય હતું. ધર્મના બે પૈડા હતા, એક ગાંધીબાપુનું સત્ય. બે ગાંધીબાપુની પ્રામાણિકતા અને સાધનશુદ્ધિ અતિ મહત્ત્વના છે.'**

'સત્ય' વચનનો પ્રેમ એમને મિથ્યા વચન અને દંભથી દુર રાખે છે. આ સદ્‌ગુણને કારણે બાપુ શબ્દનું મૂલ્ય સમજી મિતભાષી અનુભવાય તેથી એમની અભિવ્યક્તમાં લાઘવનો કળાત્મક ગુણ આંખે વળગે છે. એક અર્થમાં જીવનની હરપળ નૂતન, દિવ્ય તેમ ગાંધીજીની જીવન તપોબળથી મંડિત હતી. દરેક સમયે સભાન રહી કર્મરત રહી જીવનના અમીને પામી માનવસમાજ માટે પીરસતા ગાંધીજી વિશે એમના ખોળામાં રમેલા નારાયણ દેસાઈ શું કહે તે સાંભળીએઃ-

**'ગાંધીની વાત એક તરફથી યતિઓની સાધના જેવી છે. એટલે કે સામાન્ય માણસ નિરંતર જાગરૂકપણે પ્રયાસ કરતો રહે તો તે સામાન્યમાંથી કેટલો અસામાન્ય થઈ શકે તેની કથા છે.'**

સત્યના પ્રયોગો એટલે આત્મશુદ્ધિ માટે ગાંધીજીએ કરેલી નાનાવિધ પદ્ધતિઓ. ગાંધીજીએ જ્યારથી સમજ વિકસી ત્યારથી સદ્‌વિચારો ગ્રહણ કરવાનો આરંભ કરી દીધો હતો. મેલુ ધોઈ નાખવા પ્રતિબદ્ધ થઈ, ઊજળાં કાર્યો તરફ ગતિ હતી. ઉત્તમ હોય તેનું જીવનમાં આચરણ કરવાની ધગશ કેળવી, બાળવયે રામનામ મંત્ર રંભાદાઈ પાસેથી આત્મસાત કર્યો ને અભય સુધી પહોચ્યા. શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી ધર્મમય જીવન, અનેકાંતવાદ અને સંયમિત જિંદગીની પ્રેરણા પીધી અને પચાવી જાણી. જીવન મર્મજ્ઞ જહોન રસ્કિનના ગ્રંથ 'અન ટુ ધીસ લાસ્ટ'નો ગહેરો પ્રભાવ ઝીલ્યો, ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં આ પુસ્તકનો અનુવાદ 'ઈન્ડિયન ઓપિનિયન'માં પ્રગટ કર્યો હતો. એ ભાવાનુવાદ 'સર્વોદય' એવું નાદસભર શીર્ષક આપી 'સર્વોદય'ના સારરૂપ સૂત્રો ગૂંથી આપતા કહ્યું હતુંઃ-

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ અને વાણંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને સરખો છે.

(૩) સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું છે.

ગાંધી-જીવનદર્શનને સમજવા માટે ઉપરોક્ત બાબતો ઉપરાંત રશિયન સાહિત્ય સ્વામી લિયો ટૉલ્સ્તોય પાસેથી પરિશ્રમભર્યુ જીવન અને જીવનમાં અહિંસાની અનિવાર્યતા તેમજ પ્રેમતત્ત્વની પ્રબળતાને આવકારી હતી. ગાંધીજી અને લિયો ટૉલ્સ્તોય વચ્ચે પત્રવ્યવહાર દ્વારા વિચાર-વિનિમય થયો હતો. બાપુએ ટૉલ્સ્તોયના લખાણોમાંથી પોતાના વિચારોને પુષ્ટ કરે એવી સામગ્રી લીધી હતી. અને ટૉલ્સ્તોય પણ ગાંધીના સત્યના પ્રયોગોથી ખુશ ખુશ હતા, તેથી જ 'હિન્દ સ્વરાજ' પુસ્તકનું વાંચન કરી લિયો ટૉલ્સ્તોયે ગાંધીજીને એક પત્રમાં લખ્યું હતુંઃ-

**મેં તમારી ચોપડી રસથી વાંચી છે. કેમ કે હું માનું છું કે તેમાં ચર્ચવામાં આવેલ વિષય-સત્યાગ્રહ તે હિન્દુસ્તાન માટે જ નહી, પણ કુલ આદમજાત માટે સહુથી વધારે અગત્યનો છે. હું તમારી ચોપડીને બહુ કીંમતી ગણું છું.'**

જ્યાંથી જીવનને પ્રકાશિત કરવાનું રામબાણ ઔષધ મળી આવ્યું એ લેવાની, પચાવવાની લાયકાત કેળવતા આગળ ધસતા ગાંધી-જીવનની તપસાધના ત્રણ પગથિયાં જોઈ લઈએ...

પ્રથમ પગથિયું સાવ સાધારણ વિદ્યાર્થી તરીકે એમની જિંદગી શરૂ થઈ અને પ્રારંભના છાત્રકાળથી જ આંતર-ભીતરને તપાસવાની શરૂઆત કરી, શું સારું અને ખરાબ કહેવાય તેના પૃથ્થકરણનું બીજું પગથિયું એટલે તદ્દન કાચા અને નિષ્ફળ વકીલ તરીકે આરંભ કરીને તેઓ હિન્દી કોમના સફળ અને હોનહાર વકીલની અવસ્થા સુધી પહોંચી ગયા હતા અને ત્રીજા ચરણમાં સાધક તરીકે વ્યવસ્થિત શુભારંભ કરી બાપુ સત્યને સેવી, સત્ય એ જ પરમેશ્વર સુધી જઈ શકયા. પ્રથમ સોપાનમાં મહત્ત્વનું પ્રેરક તત્ત્વ જિજ્ઞાસા, બીજામાં ચેતોવિસ્તાર અને ત્રીજામાં પ્રયોગનું મહાત્મ્ય છે.

**(અનુસંધાન પાના નં. ૪૬૬ ઉપર)**

## (૦૩) નાનાભાઈના પત્રો

- નીતિન ભટ્ટ

સેન્ટ્રલ જેલ સદર, રાજકોટ
૨૨.૦૮.૧૯૪૩

બાબુની બા,

મારા પત્રો તને મળે છે અને બટુકના (નરેન્દ્રભાઈ) કાગળો પણ મને સમયસર મળ્યા કરે છે એટલે આપણે પરસ્પર ઉચાટ ન કરવો જોઈએ. મારી તબિયત બહુ સારી છે અને પ્રભુકૃપા એવી જ રહેશે. તારી તબિયતના સમાચાર બટુકના કાગળમાં જરાય આવતા નથી એટલે મને આશ્ચર્ય થાય છે અને દુઃખ પણ થાય છે. પણ તમે લખો નહીં તો મારે શું ઉપાય? એટલે હવે એ સમાચાર જરૂર લખાવજે.

બચુના (પ્રવીણભાઈ) કાગળો આવે છે. એ મજામાં છે. એ હમણાં વેવિશાળ કરવું ન કરવું એની ચર્ચામાં પડ્યો છે. મેં એ વાત એની ઉપર અને ઈન્દુ (ઈન્દુબહેન ભટ્ટ) ઉપર છોડી છે. હવે એ બે જણાં પત્રવ્યવહાર કરે છે એટલે આપણે બંને છૂટાં છીએ એમ સમજજે. હવે આપણે વિચાર કરવાનો બટુકનો અને થોડું રસ્તાપર ચડે એટલે એને પણ છૂટો મૂકી દેવો. છોકરાઓએ આપણું કહ્યું કરવું જોઈએ એવો આગ્રહ સમજુ મા-બાપે છોડી દેવો જોઈએ. જો આપણું કહેવું યોગ્ય હશે અને જો આપણે છોકરાઓને ઘરમાં સાચી કેળવણી આપી હશે તો આપણી વાત એને ગળે ઊતરશે જ. ન ઊતરે તો દુરાગ્રહ ન રાખવો. સમજુ મા-બાપોએ આ રીતે જ વર્તવું જોઈએ. એમ નથી વર્તતાં તેમને છોકરાઓની સાથે કલેશ થાય છે અને મોટી ઉંમરે ઘરમાં કંકાસ ઊભો થાય છે.

આપણે આપણા ઘરમાં અત્યાર સુધી જે શાંતિ અને એકરાગ જાળવ્યાં છે તેને ચૂંથાવા ન જ દેવાં. છોકરાં મોટાં થાય અને એમને પાંખો આવે એટલે એમને જ્યાં ઊડવું હોય ત્યાં ઊડવા દેવાં અને આપણે પોતે બાકીનું જીવન પ્રભુસ્મરણમાં અને પરોપકારમાં ગાળવું. આ પ્રમાણે વર્તીશ તો આપણે પણ સુખી થશું. બાળકો પણ સુખી થશે અને આપણો સંસાર જેમ કલેશ વિના પસાર થાય છે તેમ જ આપણાં છોકરાઓનો સંસાર ક્લેશ વિના પસાર થશે. બાળકોએ આપણી ગમે તેવી આશાઓ પાળવી એમ માનવું એ જ મોટી મૂર્ખાઈ છે. આપણે એમની ગોવાળી કરવી અને પછી એમને આશીર્વાદ આપી સંસારમાં વહેતાં મૂકી દેવાં. આ બધુંય તારા માટે કાંઈ નવું નથી પણ આજે આ વાત તને ફરી યાદ અપાવવાનું સૂજ્યું એટલે લખ્યું છે. તારે કાંઈ જણાવવું હોય તો જણાવજે. મુલાકાત વખતે આવી વાતો નહીં થઈ શકે.

સાડીઓ વિષે જાણ્યું. તારી સાડીમાં કેટલો પનો કરવાનો છે તે જણાવજે. પિસ્તાળીસ ઈંચનો પનો કરવાનો છે કે પચાસ ઈંચનો તે પણ જાણ કરવાની જરૂર છે. એટલે તે પ્રમાણે જણાવાય. સાડી ઝીણી થશે. જાડી નહીં થાય. પછેડા કરવાના હોય તો તેનું પણ માપ અને પનો જણાવજે.

તું ક્યારે આવવાની તે જણાવજે. સાથે લાવવાની ચીજો મેં લખી છે. પોલ્સન તથા પૂણી લાવવાની જરૂર નથી. અમીચંદભાઈવાળા કબાટના ઉપરના ખાનામાં થોડી જાડી ખાદી છે. તેમાંથી એક વાર તું લાવ તો મારા ટુવાલ થાય. ટુવાલ તો સાવ ફાટી ગયો છે. એ જાડી ખાદી વપરાઈ ગઈ હોય તો થયું. એમ હશે તો ટુવાલ અહીંથી વેચાતો લઈ લઈશ.

બેબી (સરલાબહેન), મંજુ તથા ભરતના સમાચાર તું વિગતવાર લખાવતી નથી. બેબી શું ભણે છે, ઘરનું શું શું કામ કરે છે, તેના મનમાં કેવા કેવા સવાલો થાય છે, શાળામાં કયા કયા વિષયોમાં નબળી છે, ભરત કેમ રાખે છે. આ બધું જાણવાની મને ઇચ્છા થાય છે. હવે બેબી મોટી થઈ છે એટલે તારે અને બટુકે એની સાથે વાતો કરવી જોઈએ અને તેને બધી વાતોમાં રસ લેતી કરવી જોઈએ. આપણી દીકરીને જો આપણે સારી ગૃહકેળવણી ન આપી હોય તો આપણે શરમાવું પડે. માટે તું અને બટુક તમારાથી બનતું કરશો. તેને સંગીત શીખવવાની ગોઠવણ કરવા માટે હું કેટલાય મહિનાઓથી બૂમો પાડું છું પણ તમે

મને ક્યાં સાંભળો છો? બટુક પણ આ બાબતમાં બહેરો થયો લાગે છે.

મંજુ શું કરે છે ? એની શાળાના અહેવાલો આવે છે? એમાં કાંઈ જાણવા જેવું છે? એને વાંચતાં આવડી ગયું? વાર્તાઓ વાંચી શકે છે કે મોઢેથી ગપ્પાંઓ લગાવે છે? આ બધું મને જણાવ.

ભરત શું કરે છે? બાલમંદિરમાં અક્ષરો શીખ્યો? કે પછી ચિત્રો કાઢે છે? અક્ષરોને ઓળખે છે? એકલો જાય છે? જમતી વખતે કેવું વેરે છે? હજી દૂધ પીવે છે કે ચા? આ બધું જાણવાનું મને બહુ મન થાય છે. તમે કાગળ લખો ત્યારે હેઠે હૈયે લખો તો આ બધું તમને સૂઝે પણ તમે તો બે વાક્યો લખીને પતાવી દો છો.

ભરત હવે એકલો સૂવે છે કે તારી ભેગો. હવે તારે એને છૂટો પાડવો જોઈએ.

બાગના સમાચાર જાણ્યા. શાક ઊતરવા લાગ્યું? ચોળી આ વખતે ઊગી છે? વાલોળ ન નાખી હોય તો નાખજો એટલે શિયાળામાં થાય. રીંગણાં પણ ન વાવ્યાં હોય તો વાવજો. કેળ અને પપૈયાં તો બરાબર જામ્યાં હશે. પેલી સોનેરી કેળનાં કેળાં કેવાં થયાં? આંબા વગેરે મજામાં હશે. પેલી જમરૂખડીને સાચવજો. આ વખતે કદાચ જમરૂખ આવશે. પેલો સરગવો શું કરે છે? આ વખતે તો પેલું મોટાં લીબુંનું ઝાડ પણ ફળ આપશે. ફૂલો બધાં કેમ છે? પારિજાતક? જૂઈ? બોરસલ્લી? બધાના સમાચાર લખજે.

આપણી ગંગા મજામાં હશે. ચરવાનું બંધ થાય પછી પણ જ્યાં સુધી બને ત્યાં સુધી લીલું ખડ આપજો. શિયાળામાં આપણે થોડી થોડી મેથી લસણ આપીશું રોજ બે-અઢી રૂપિયાભાર મેથીદાણા આપીએ તો ઘણું સારું. ને કોઈ વાર ઘઉંની લાપશી પણ આપો. વાછડી સારી હશે. આ વાછડી સારી હશે તો જાતે દિવસે આપણે એને જ ગાય કરીને રાખશું.

ચંપાબહેન (અજવાળીબાનાં નાનાં બહેન) મજામાં હશે. તેમને ભણાવવાનું હવે ઉપાડવું જોઈએ. થોડું ભણી લે તો આગળ ઉપર અડચણ ઓછી આવે. જિંદગી સુધી કોઈની છાયા ટકશે નહીં.

મોટાભાઈના (દેવશંકરભાઈ ભટ્ટ) તથા વામનના ખબર મળે છે. કાકાના (મારા પિતાજીના) શ્રાદ્ધ વખતે તમે સૌ ભેગા થવાના હશો. હવે તો એકાદ વખત આપણે ત્યાં પણ સૌ ભેગા થાય તો સારું. બધો ભાર વામન પર પડે એ શોભે નહીં.

નવરાત્રનો વારો કોનો છે? આપણો નથી એ હું જાણું છું. આપણો વારો આવે ત્યારે આ વખતે પણ મારે નવરાત્ર કરવા છે એવો વિચાર રાખું છું. અથવા તારે કરવા.

કાગળ ઘણો લાંબો થયો. બંધ કરું. તારો જવાબ આથીયે લાંબો આવે તો મને સંતોષ થાય.

મસ્તરામના સમાચાર હરિને લખજે. જેઠાલાલે રિપેરનું શું કર્યું? તેમના ઘરના સમાચાર લખજે.

હું મજામાં છું.

નાનાભાઈ

●---------●●●--------●●●---------●

**(અનુસંધાન પાના નં. ૪૫૪ ઉપરથી)**

તે કસૂર તે સાધનનો નહિ, પરંતુ સાધનનો ગલત ઉપયોગ કરનારનો છે.

ઉપસંહારઃ

ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં અધ્યાત્મવિદ્યાને પોતાનું સ્વરૂપ ગણાવ્યું છે.

" અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ "

-ગીતા, ૧૦-૩૨.

"સર્વ વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું."

અધ્યાત્મવિદ્યાની મહત્તા દર્શાવવા માટે અને અધ્યાત્મની સામેના આક્ષેપોનો પ્રત્યુત્તર આપવા માટે ભગવાન શ્રીકૃષ્ણનું આ એક વિધાન પર્યાપ્ત ગણાવું જોઈએ.

અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓનું કેન્દ્ર છે, કારણ કે અધ્યાત્મ જીવનનું કેન્દ્ર છે. ભગવતપ્રાપ્તિમાં જ જીવનની યથાર્થ કૃતાર્થતા છે.

ભગવત્પ્રાપ્તિ માટે સમર્પિત જીવન જ એકમાત્ર જીવવા જેવું જીવન છે.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૯૮૮

## (૦૪) ગાંધીજીની દોઢ શતાબ્દી-૦૪
## દ.આ.માં સત્યાગ્રહનું બીજ રોપણ

- હિરજી નાકરાણી

દક્ષિણ આફ્રિકામાં અબ્દુલ્લા શેઠની પેઢીનો એક કેસ લડવા માટે ગાંધીજી ગયા ત્યારે શેઠે પૂછ્યું;

"તમે પ્રિટોરિયા જશો ?"

"હા, હું પ્રિટોરિયા જઈશ.

તે દિવસ હતો ૭મી જુલાઈ ૧૮૯૩નો. તેઓ ડર્બનથી પ્રિટોરિયાની પ્રથમ વર્ગની રેલ્વે ટિકીટ કઢાવીને પ્રથમ વર્ગના ડબામાં બેઠા. એક ગોરો અમલદાર આવ્યો. તેણે કહ્યું :

"આમ, આવો. તમારે છેલ્લા ડબામાં જવાનું છે"

"મારી પાસે પહેલા વર્ગની ટિકીટ છે"

"તેની ફિકર નહીં . હું તમને કહુ છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે."

"હું કહું છું કે મને આ ડબામાં ડર્બનથી બેસાડવામાં આવ્યો છે.

ને હું તેમાં જ જવા ધારું છું"

અમલદાર બોલ્યોઃ "એમ નહીં બને, તમારે ઉતરવું પડશે ને નહીં ઉતરો તો સીપાઈ ઉતારશે"

"ત્યારે ભલે સિપાઈ ઉતારે હું મારી મેળે નહીં ઉતરું"

સિપાઈ આવ્યો, તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી, ટ્રેન રવાના થઈ. હું વેઈટિંગ રૂમમાં મારું હાથ પાકીટ સાથે રાખ્યું. બાકી સામાનને હું ન અડક્યો.

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઉંચાણના ભાગમાં બહુ સખત હોય છે. મેરિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો ? ટાઢે થથર્યો. કોટડીમાં દીવો નહોતો મધરાતને સુમારે એક ઉતારું આવેલો તે કંઈ વાત કરવા માગતો હોય તેમ લાગ્યું પણ હું વાત કરવાની મનોદશામાં નહોતો.

મારો ધર્મ વિચાર્યો. "કાં તો મારે મારા હકોને સારું લડવું અથવા પાછા જવું નહીં તો જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોચવું. અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મુકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચેટિયું દરદ હતું. ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે 'રંગદ્વેષ.' એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો, તેમ કરવા જતા ઉપર દુઃખ પડે તે બધાં સહન કરવાં અને તેમાં વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો.

આવો નિશ્ચય કરી બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો."

શિયાળાની કડકડતી ઠંડીમાં ગાંધીજીએ જે સ્ટેશનમાં આખી રાત ગાળી હતી તે પણ કોઈના ડરમાં નહીં પણ પૂર્ણ નિર્ભિકતાથી. કોઈ ચિતાંમાં નહીં પણ આત્મચિંતનમાં અને કોઈ નિરાશામાં નહીં પણ આવી પડેલા પડકારને સામી છાતીએ નિર્ભયતાથી અને હિંમતથી સહન કરીને રંગભેદની નીતિને દુર કરવાનો નિશ્ચય કર્યો. આ ઘટના તેમના જીવનમાં એટલી હદે અસર કરી ગઈ કે તેમણે અશ્વેત લોકો સાથે ગોરાઓના વ્યવહાર અને વહીવટનો દક્ષિણ આફ્રિકામાં વિરોધ કરવા અશ્વેત લોકોનું સંગઠન બનાવી પૂર્ણ આત્મવિશ્વાસ અને ખરી હિંમત સાથે સત્યાગ્રહનો પ્રારંભ કર્યો. આખો પ્રસંગ સત્યના પ્રયોગોના બીજા ભાગમાં 'પ્રિટોરિયા જતા' માં સંગ્રહાયો છે. ગાંધીજીના જીવનનું વહેણ અહીંથી બદલાય છે. સામાન્ય માનવમાંથી અસામાન્ય તરફ ગતિ અને પુરુષાર્થ શરૂ થાય છે. છેવટે મહાત્મા ગાંધીમાં પરિવર્તન પામે છે.

ઇતિહાસ એવું કહે છે કે ભારતીય સંસ્કૃતિને યોગીઓ અને ઋષિમુનિઓએ દિવ્યતા અપાવી છે. યોગ

શક્તિએ વિશ્વની ચેતનાને દિવ્ય બનાવવામાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. પતંજલી યોગ વિદ્યામાં માનવની કરોડરજ્જુમાં કુલ સાત ચક્રો ગણાવ્યા છે. તેમાંનું મૂલાધાર ચક્ર પછીનું બીજું આવે છે. સ્વાધિષ્ઠાન ચક્ર. આ ચક્ર લિંગની સામે આવેલું છે. તેની વિશેષતા એ છે કે તમામ નેગેટિવ વિચારોનું આ ઉત્પાદન કેન્દ્ર છે.

આ ચક્રની પણ બે સંભાવનાઓ છે. મૂલતઃ પ્રકૃતિ પાસેથી જે સંભાવના મળે છે એ છે, ભય, ધૃણા, ક્રોધ, હિંસા પણ રૂપાંતરણ કરીને ભયને અભયમાં ધૃણાને પ્રેમમાં, ક્રોધને ક્ષમામાં અને હિંસાને અહિંસામાં રૂપાંતરિત કરી શકાય. અહિંયા પણ એ જ ભૂલ જે બીજા બધા તત્ત્વો પર થતી હોય. ક્રોધ કરીને અને ક્રોધને દબાવીને અને કોઈ જીતી નથી શકતું અથવા અહિંસા પરમોધર્મનો જાપ કરીને હિંસાને બદલાવી નથી શકવાના. આ બધા તત્ત્વો પ્રકૃતિ પાસેથી જ મળ્યા છે. એનાથી કોઈ બચી શકતું નથી. જો કોઈ ભયને સમજે તો અભયને ઉપલબ્ધ થઈ જાય. ક્રોધને સમજે તો ક્ષમાને ઉપલબ્ધ થઈ જાય છે અને હિંસાને સમજે તો અહિંસાને ઉપલબ્ધ થઈ જાય છે.

હકિકતમાં ક્રોધ અને ક્ષમા, પ્રેમ અને ધૃણા, હિંસા અને અહિંસા સિક્કાની બે બાજુઓ છે. જેણે ક્રોધને સ્વીકારી લીધો કે આ ક્રોધ છે, અને જેણે ક્રોધને પૂરી રીતે ઉલટાવીને પલટાવીને જોયો એ જલ્દી એ જગ્યાએ પહોંચી જશે કે ક્રોધની પાછળ શું છે ? ત્યારે એને ખબર પડશે કે ક્રોધની પાછળ તો ક્ષમા છે. એને રૂપાંતરિત કરવું હોય તો કોઈને પૂછવા જવાની જરૂર નથી હોતી. પોતાની જ અંદર નિરંતર શોધવાની અને પૂછવાની જરૂર છે. બધા જાણે છે કે ક્રોધ બાધા છે, ભય બાધા છે, ધૃણા બાધા છે, હિંસા પણ બાધા છે. કારણ કે જે ભયભીત છે, એ સત્યને કેવી રીતે શોધવા જશે ?

ગાંધીજીને અંગ્રેજ સિપાઈએ લાફો મારીને રેલ્વેના ડબામાંથી બહાર ધકેલી દીધા. એનો અર્થ હરગીજ એવો ન મનાય કે ગાંધીજી ડરપોક અને નિર્બળ હતા. પ્રથમ નજરે તો એવું લાગે પણ એમને જે ખટક્યું તે નીચે ઉતારી દેવાનું નહીં પણ સત્ય સામે જૂઠના આશરાથી જે રીતનું અપમાન થયું, સ્વમાન ઘવાયું તેમાંથી એક આગના તણખાનો વિસ્ફોટ થયો. તે આગ હતી પોતાના દેશબાંધવો 'રંગદ્વેષ'ની નીતિથી પીડાઈ રહ્યા હતા તેમાંથી મુક્ત કરવાની. અહીં વ્યક્તિ સ્વાર્થ કે દ્વેષ પણ હૃદયની ઉદાત્તતાએ ભાગ ભજવ્યો હતો.

અન્યાય સામે વજ્ર જેવી કઠણ છાતીએ સંગઠન શક્તિને વિકસાવી અને પોતાની સમસ્યાને સાર્વત્રિક સ્વરૂપ આપી દીધું. એટલે થઈ ગયું સત્યાગ્રહનું મંડાણ. ભય સાથે અભયની, ધૃણા સાથે પ્રેમની, હિંસા સાથે અહિંસા અને ક્રોધ સાથે ક્ષમાની લડાઈ શરૂ થઈ.

પ્રથમ તબક્કો અસત્યનો તાત્કાલીક વિજય થતો દેખાય. પણ તેના વિજય સાથે પરાજયનો દોર ચાલુ થઈ જતો હોય છે. તેમનો માયલો જાગી ગયો. પૂર્ણ આત્મવિશ્વાસ અને હિંમત સાથે દુષિત તત્ત્વોને પ્રેમ, અહિંસા અને ક્ષમાશીલતા સાથે કોઈ પણ પ્રકારના બાહ્ય અસ્ત્ર, શસ્ત્ર વગર માત્ર પ્રેમ અને અહિંસાના હથિયારથી અંગ્રેજી સત્તા સામે ન્યાય મેળવવા, અધિકાર મેળવા લડત ઉપાડી છેવટે તેઓ સફળ પણ થયા. તે પછી નેલસન મંડેલાએ ગાંધીજીનું અધૂરું કામ પૂર્ણ કર્યું અને ગાંધીજીએ આઝાદીના લડવૈયાનું કામ ભારતમાં પૂર્ણ કર્યું.

અહિંસા પરમોધર્મ અને ક્ષમાવીરસ્ય ભૂષણમની વિશાળ ભાવનાએ મોહનદાસને મહાત્મા બનાવ્યા.

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની શરૂઆત સને ૧૯૦૬ને ૧૧ સપ્ટેમ્બરથી થઈ. ટ્રાન્સવાલની સરકારે આઠ વર્ષની ઉંમરના અશ્વેત બાળકો માટે એક અલગ કાયદો બનાવ્યો. તેમાં તેઓના અંગુઠાનું નિશાન લેવાનું અને એક પ્રમાણપત્ર લેવાનું. તેને દરેક વખતે પોતાની સાથે રાખવું અને તેના ઉપર સિક્કો લગાવેલ હોવો જરૂરી માન્યો.

આ કાયદાનું ઉલંઘન કરનારને જેલની સજા થતી અને નિર્વાસિત કરવામાં આવતા અથવા દંડ ભોગવવો પડતો હતો. આ કાયદો ભારતીઓ માટે બહુ આકરો હતો. તેથી તેનો વિરોધ કરવા માટે વિશાળ સભાખંડ (ઈમ્પીરિયલ થિયેટર)માં સભા ભરાઈ જેમાં ગાંધીજીએ પોતાના વિચારો પ્રગટ કર્યા. હાજર રહેલ લોકોને આગ્રહ કરીને પરમાત્માની સાક્ષીએ પ્રતિજ્ઞા લેવડાવી કે જ્યાં સુધી સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી લડી લેવું. આ પ્રતિજ્ઞા ઉપરના કાનૂનના

વિરોધમાં હતી. આ પ્રતીજ્ઞા લઈને સભામાં ઉપસ્થિત રહેનારાઓએ ઉપરના કાયદાનો વિરોધ કરવાનો હતો. જો આમ ન થાય તો પ્રતિજ્ઞા એળે જાય. લોકોની એકમતિ થઈ ગઈ. એમણે એમ પણ કહ્યું કે જેલ જવું પડશે, અત્યાચાર સહન કરવા પડશે. અનેક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા મોતને ઘાટ પણ ઉતરવું પડશે પણ લોકોએ ગાંધીજી સાથે જ રહેવાનું પસંદ કર્યું.

આ પ્રતિજ્ઞાનો અમલ કરતા પહેલા ઈંગ્લેન્ડ જઈ સરળતાથી આ  કાનૂનને હળવો બનાવી શકાય અથવા નાબૂદ કરી શકાય તે માટે સરકાર સામે વાત મૂકી અને એક વર્ષ માટે કાનૂનનો અમલ ન કરવો એવું નક્કી થયું. વર્ષ પુરું થયું એટલે આપો આપ ૧૯૦૭ ૩૧ જુલાઈ કાનૂન લાગુ પાડી દીધો.

આ કાનૂનનો ભંગ સૌ પ્રથમ ગાંધીજીએ કર્યો ને તેને સને ૧૯૦૮ ને ૧૧ જાન્યુઆરી એ પ્રથમ વખત જેલમાં ફીટ કર્યા. બે મહિના સાદા કેદી તરીકે રહ્યા. આ બે માસ દરમિયાન તેમણે નિત્ય સવારે ગીતા પાઠ અને બપોરે કુરાન, રસ્કિન અને ટોલ્સ્ટોય બેકન અને પ્લેટોને વાંચ્યા. સાથે ચીની ખ્રિસ્તીને બાઈબલ દ્વારા અંગ્રેજી શીખવ્યું. જનરલ સ્મટ્સ તેમને મળવા ઈચ્છતા હતા. જોહાનિસબર્ગનો એક પોલીસ વડો જનરલ સ્મટ્સને લઈને ગાંધીજી પાસે આવ્યો. તે વખતે ગાંધીજી કેદીના વેશમાં હતા. તેમની પાસે પેસા કે બીજો કોઈ સામાન ન હતો. તેમને ટ્રાન્સવાલાના વડાપ્રધાનને મળવા પ્રિટોરિયા લઈ જવામાં આવ્યા.

જનરલ સ્મટ્સે એક દરખાસ્ત મૂકી; "જો ભારતીઓ સ્વેચ્છાથી રજિસ્ટ્રેશન કરાવી લે તો ફરજિયાત રજિસ્ટ્રેશનનો મુશ્કેલ કાયદો રદ કરી દેવામાં આવશે." ગાંધીજીને મૈત્રીભાવથી સમજાવવાનો સ્મટ્સે ખૂબ પ્રયત્ન કર્યો પણ કાનૂન માટે તેઓ અસહાય હતા. ગાંધીજી પ્રત્યે જનરલ સ્મટ્સને હૃદયથી સહાનુભૂતિ હતી. આમ સમાધાન તો થઈ ગયું અને ગાંધીજીને તે વખતે જ જેલ મુક્ત કરી દેવામાં આવ્યા અને અન્ય ભારતીય કેદીઓને બીજા દિવસે મુક્ત કરી દેવામાં આવશે એમ સ્મટ્સે કહ્યું.

તે વખતે ગાંધીજી પાસે ફૂટી કોડીએ નહોતી. તેમને સ્મટ્સના સચિવે જોહાનિસબર્ગ સુધીનું ભાડું ઉધાર લેવું પડ્યું.

બીજા દિવસે કેદીઓને છોડ્યા નહીં. ગાંધીજીને આપેલ વચનનો ભંગ કર્યો જેને કારણે વિશ્વાસભંગ થયાનો ગાંધીજીને જબરો આંચકો લાગ્યો. પરિણામે પુનઃ જલદ પગલા લેવા માટે ૧૯૦૮ ને ૧૬ ઓગષ્ટના દિવસે જોહાનિસબર્ગમાં વિશાળ રેલી યોજી અને બે હજાર ભારતીઓએ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રોને કેરોસીન છાંટીને હોળી કરી દીધી. તેથી સરકારનું અપમાન થતા સત્યાગ્રહીઓને વીણી વીણીને નાતાલની સરહદ પર ટ્રાન્સવાલ મોકલી દેવામાં આવ્યા. તેમાં ગાંધીજીના પુત્રને પણ મોકલી દેવામાં આવ્યો. જે હજુ તાજેતરમાં જ ભારતથી આવ્યો હતો. ગાંધીજીએ પોતે પણ કાયદાનું ઉલંઘન કર્યું.

બીજી વખત તેમને ૧૦ મી ઓક્ટોબર ૧૯૦૮માં પકડી લેવામાં આવ્યા. તે વખતે તેમણે જેલમાં તત્ત્વજ્ઞાની થોરોનો નિબંધ સવિનય અવજ્ઞા (સવિનય કાનૂનભંગ) વાંચ્યો; જે ગુલામી અને મેક્સિકન યુધ્ધને કારણે અમેરિકન સરકારને પોતાનું સમર્થન દેવાનો ઈન્કાર કરી દેવાના સંબંધમાં હતો. આ પુસ્તકે ગાંધીજીને સવિનય કાનૂન ભંગ બાબત ખૂબ પ્રેરણા આપી. તેમાંના કેટલાક વિચારો ગાંધીજીના વિચારોને સમર્થન આપનારા હતા. કેટલાકનો તો તેઓ અમલ કરી જ રહ્યા હતા. હવે તેમણે આ અધિકારો અને વિચારોમાં જહોન રસ્કિન અને ટોલ્સટોયના વિચારોને પોતાના સમર્થનના આધારરૂપ બનાવી લીધા. જેલમાં ગાંધીજીએ અધ્યયન સાથે સાથે પંચોતેર જેટલા જેલવાસીઓ માટે ભોજન બનાવવાનું અને શૌચાલયો સાફ કરવાનું સ્વીકારી લીધું.

બીજી વખતની જેલની સજા ડિસેમ્બર -૧૩ને ૧૯૦૮માં પૂરી થઈ ગઈ. તેમને ફરી મુક્ત કરવામાં આવ્યા પણ સત્યાગ્રહ આંદોલન તો ચાલું જ હતું. તેને કારણે તેમને ત્રીજી વખત જેલની સજા ૧૯૦૯ ને ૨૫મી ફેબ્રુઆરીના રોજ પ્રિટોરિયાની જેલમાં ત્રણ મહિના માટે પુરી દેવામાં આવ્યા.

જોહનિસબર્ગના પુસ્તકાલયમાંથી થોરોના લેખો માગીને લઈ આવેલા. આ લેખો વાંચવા માટે બીજા જેલવાસીઓને પણ સમજાવતા હતા તેમજ પ્રિટોરિયામાંથી

તેમને ઈમર્સનના લેખો પણ વાંચવા મળી ગયા હશે કેમકે તેમના પત્રો ઉપરથી ખ્યાલ આવે છે કે તેમણે એનો અભ્યાસ કરી લીધો હતો.

આશ્ચર્યની વાત તો એ છે કે થોરો અને ઈમર્સન ઉપર ગીતા અને ઉપનિષદનો બહુ જબરો પ્રભાવ હતો તેમના થકી ગીતા-ઉપનિષદ ભારત પાછા આવ્યા હતા.

ગાંધીજી પોતાની ઝૂપડીમાં ગીતા હંમેશા સાથે જ રાખતા હતા; જે તેમનો મૂલ્યવાન ખજાનો ગણાતો હતો. તેઓ નિત્ય એક શ્લોક પણ મોઢે કરતા હતા. ત્રીજી વખતની જેલ યાત્રા સમય દરમિયાન જનરલ સ્મટ્સે તેમને બે ધાર્મિક પુસ્તકો મોકલ્યા હતા. ત્રીજી વખતની જેલમાંથી છૂટ્યા પછી પણ ભારતીય પ્રત્યે ભેદભાવના વિરુધ્ધમાં સંઘર્ષ તો ચાલુ જ હતો. ગાંધીજીએ છેવટે ઈંગ્લેન્ડની મુખ્ય સરકાર પાસે પોતાની વાત રજુ કરવા માટે ૧૯૦૯ના જુલાઈથી નવેમ્બર સુધી ઈંગ્લેન્ડ રહ્યા ત્યાં તેઓ લખતા રહ્યા અને ભાષણો કરતા રહ્યા.

ઈંગ્લેન્ડ જવાનું મુખ્ય કારણ તો એ હતું કે દક્ષિણ આફ્રિકાનો એક સંઘ બનાવવાની વેતરણમાં હતા. સ્મટ્સ અને જનરલ બોથા બન્ને પણ લંડન ગયા હતા. આપત્તિએ હતી કે આ સંઘ ટ્રાન્સવાલના કાનૂનને પૂરા દેશમાં લાગુ પાડી દે તો ભારતીઓ માટે કાયમનો દાગ લાગી જાય.

જો કાનૂન બાબત સૈધ્ધાંતિક સમાનતાનું આશ્વાસન મળી જાય તો ભારતીય આત્મસમ્માન પર પાયાનો કુઠારાઘાત દૂર થાય તો બાકીની બાબત પછીથી નક્કી થઈ શકે. આવું કંઈક ગાંધીજી ઈચ્છતા હતા પણ બ્રિટીશ સરકારના દબાણને કારણે સ્મટ્સ ગાંધીજી ઈચ્છતા હતા તેવું કરવા માટે રાજી નહોતા.

લંડનમાં કેટલાય લોકોએ જુદા જુદા કારણોથી ભારત વિરોધી કાયદાની સખત ટીકા-નિંદા કરવામાં આવી. ત્યાં પણ ઘણો વિરોધી સૂર હોવા છતાં સરકાર એકની બે ન થઈ તેથી ગાંધીજી પુનઃત્યાંથી રવાના થઈ ગયા. અને દ.આફ્રિકા પાછા આવી ગયા. અને સત્યાગ્રહ આંદોલન પ્રબળ બનાવ્યું. જે લોકો તેમના વિચારો મુજબ ચાલતા હતા તેઓ તમામ સત્યાગ્રહી કહેવાયા.

સત્યાગ્રહીઓએ આંદોલનમાં ભાગ લઈ બલિદાન દેવાને યોગ્ય બનાવા માટે સાદગી, સંયમ, નીતિ શુદ્ધિ અને અનુશાસન અપનાવવા માટે ખૂબ સંઘર્ષ કરવો પડતો હતો. ફરી ફરી જેલમાં જતા સત્યાગ્રહીના પરિવારો અને તેમના આશ્રિતોની સાર-સંભાળ રાખવા માટેની સમસ્યાએ મહત્ત્વની બની ગઈ.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં વધુને વધુ જનતા જોડાઈ રહી હતી. સરકારનાં ખુની કાયદામાં ત્રણ પ્રકારની સજા હતી. દંડ, કેદ અને દેશનિકાલ. અને આ ત્રણે સજા સાથે કરવાનો સરકારને અધિકાર પણ હતો.

દ.આ.ના સત્યાગ્રહીઓમાં કેટલાંક કાયરો હતા, તેઓ અંગ્રેજોનો જલદ મુકાબલો કરવા તૈયાર ન હતા. કેટલાંક જેલ ભરવાના મૂડમાં હતા તો કેટલાક ચુસ્ત સત્યાગ્રહીઓને મુર્ખ ગણી કાઢી નાખતા હતા. છેવટે સત્યનો જ વિજય થવાનો છે એ વિશ્વાસે લડત ચાલતી રહી હતી. જે કંઈ મળવાનું હતું તે તે બ્રિટીશ પાર્લામેન્ટ મારફતે જ મળે તેમ હતું. એટલે દ.આફ્રિકા તરફથી એક બોઅર અને બ્રિટીશોએ ઠરાવ કર્યો હતો.

હિન્દીઓ સંપૂણ રીતે મક્કમ હતા. તેમાંના કેટલાંકને હિન્દુસ્તાન મોકલી દેવામાં આવ્યા પણ આફ્રિકામાં જન્મેલા હોય તેનું કોઈ અહીં ન હોય તો કરેશું? આવા નિરાધારોને હિન્દના કિનારે રઝળતા કરી દેવામાં આવે તેના જેવું ઘાતકીપણું બીજું શું હોઈ શકે? સરકારનું આ કામ ગેરકાયદેસરનું પણ હતું.

સત્યાગ્રહીઓ ઉપર ઝુલમ કરવામાં સરકારે કસર છોડી નહીં. પથ્થર ફોડવા, શિયાળાની સખત ઠંડીમાં હાથ-પગ ઠંડીથી અકડાઈ જતા. આવી સ્થિતિમાં કેટલાંક કેદીઓને નાની જેલમાં રાખ્યા, ત્યાં તેમને કોઈ મળવા પણ ન જઈ શકે. નાગપાલ નામના એક કેદીનું આવી રીતે કેદમાં મુત્યું થયું છતાં કોમહારી નહીં. હિન્દીઓ જેમ વધુ બળ વાપરે તેમ સરકાર તેનાથી વધુ બળ વાપરતી હતી છતાં કોઈ હારે-થાકે તેમ નહોતું. હિન્દી કેદીઓ મજૂરી કરવા તૈયાર હતા પણ અપમાન સહન કરવા તૈયાર ન હતા. જે અધિકારીઓએ તેમનું અપમાન કરેલું તેને બદલવા અથવા કેદીઓને જેલ બદલી કરી નાખવાની વાત મૂકીને તે માટે ઉપવાસ આદર્યા. પરિણામે તેમને બીજી જેલમાં મોકલવામાં

આવ્યા.

વિલાયત ગયેલ ડેપ્યુટેશન પાછું આવ્યું ત્યારે સારા સમાચાર તો નહોતા તેથી લડત લાંબો સમય ચાલવાની હતી તે માટે આર્થિક સધ્ધરતા પણ નહોતી. પૈસા વગર સત્યાગ્રહીઓના ભરણ પોષણ માટે અને તેના કુટુંબ તથા તેને આશ્રિતોના ભરણ-પોષણ માટે એક નવી અને અલગ વસાહત ઊભી કરવા નક્કી કર્યું.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસમાં ગાંધીજી પોતે બીજા ભાગના પ્રકરણ -૯માં લખે છે; આ વેળા વિલાયતથી જે ડેપ્યુટેશન પાછું ફર્યું તે સારા સમાચાર તો ન લાવ્યું. લોકો લોર્ડએમ્પટહીલે કરેલ વાતોનો સાર શો કાઢશે એની મને ઓછી ચિંતા હતી. મારી સાથે છેવટ લગી કોણ ઊભા રહેશે એ હું જાણતો હતો. સત્યાગ્રહ વિશે મારા વિચાર વધારે પરિપક્વ થયા હતા તેની વ્યાપકતા અને અલૌકિકતા હું વધારે સમજી શક્યો હતો તેથી હું શાંત હતો. વિલાયતથી પાછા ફરતાં જ મેં આગબોટમાં 'હિન્દ સ્વરાજ' લખ્યું હતું. તેનો મુદ્દો કેવળ સત્યાગ્રહની ભવ્યતા બતાવવાનો હતો. એ પુસ્તક મારી શ્રધ્ધાનું માપ છે. તેથી લડનારાની સંખ્યાનો મારી આગળ સવાલ જ નહોતો.

પણ મને પૈસાની ચિંતા રહેતી હતી. લાંબા કાળ સુધી લડત ચલાવવી ને પાસે નાણા ન હોય એ દુઃખ મોટું થઈ પડ્યું. પૈસા વિના લડત ચાલી શકે, પૈસા ઘણી વખત સત્યની લડતને દૂષિત કરે છે. પ્રભુ હંમેશા સત્યાગ્રહને - મુમુક્ષુને - આવશ્યકતા ઉપરાંત સાધન આપતો જ નથી. એ હું ત્યારે એટલું સ્પષ્ટ નહોતો સમજતો, જેટલું આજ સમજુ છું પણ હું આસ્તિક છું. મને પ્રભુએ ત્યારે પણ સાથ દીધો. મારી ભીડભાંગી. એક તરફથી મારે દક્ષિણ આફ્રિકાને કિનારે ઊતરતાં કોમને નિષ્ફળતાના ખબર આપવાના હતા તો બીજી તરફ મને પ્રભુએ નાણાંની તંગીથી મુક્ત કર્યો. કેમકે કેપટાઉન ઉતરતાં જ વિલાયતથી તાર મળ્યો કે સર રતન તાતાએ રૂ.૨૫૦૦૦ આપ્યા છે. એટલાં નાણાં તે વેળા ઘણાં થઈ પડ્યા. કામ ચાલ્યું.

પણ તે નાણાથી અથવા ગમે તેટલા નાણાથી સત્યાગ્રહની - સત્યની - આત્મશુદ્ધિની લડત ન ચાલી શકે. એ લડતને સારું ચારિત્ર્યની મૂડી જોઈએ. ધણી વગરનો મહેલ પણ જેમ ખંડિયેર જેવો લાગે તેમ ચારિત્ર્યહીન મનુષ્યનું અને તેની મિલ્કતનું સમજવું. સત્યાગ્રહીઓએ જોયું કે હવે લડત કેટલી લાંબી ચાલશે તેનું માપ કોઈથી ન કાઢી શકાય. ક્યાં જનરલ બોથાની અને જનરલ સ્મટ્સની એક તસુ પણ ન હઠવાની પ્રતિજ્ઞા ને કયાં સત્યાગ્રહીની મરણ પર્યંત ઝૂઝવાની પ્રતિજ્ઞા. હાથીને કીડી વચ્ચેનું યુદ્ધ હતું. હાથીના એક પગની નીચે અસંખ્ય કીડીઓ કચડાઈ શકે, સત્યાગ્રહી પોતાના સત્યાગ્રહની મુદ્દતને વાડથી બાંધી શકતા ન હતા. વર્ષ લાગે કે વર્ષો, બધું તેને મન એક જ હતું. તેને તો લડવું એ જ જય હતો.

લડવું એટલે જેલ જવું, દેશનિકાલ થવું, તે દરમ્યાન કટુંબનું શું? નિરંતર જેલ જનારને નોકરી તો કોઈ ન જ આપે. જેલમાંથી છૂટે ત્યારે પોતે ખાય શું? ખવડાવે શું? કયાં રહે? ભાડું કોણ આપે? આજીવિકા વિના સત્યાગ્રહી પણ મુંઝાય. ભૂખે મરે, પોતાનાંને ભૂખે મારીને પણ લડત લડનારા જગતમાં ઘણા ન જ હોઈ શકે.

આજ લગી તો જેલ જનારમાં કુટુંબોનું ભરણ તેમને દર માસે પૈસા આપીને થતું હતું. સૌને તેની આવશ્યકતા મુજબ અપાતું હતું. કીડીને કણ અને હાથીને હારો. બધાને એક સરખું તો ન જ દેવાય. પાંચ બાળકોવાળા સત્યાગ્રહીને અને બ્રહ્મચારી, જે ને કોઈ આશ્રિત જ ભરતીમાં લેવાનું તો ન જ બને. ત્યારે ક્યા ધોરણ મુજબ દ્રવ્ય અપાય ? ઘણે ભાગે દરેક કુટુંબની ઉપર વિશ્વાસ મેલીને તે ઓછામાં ઓછો આંક મૂકે તે પ્રમાણે ખર્ચ આપવામાં આવતો હતો, આમાં કપટને પુષ્કળ અવકાશ હતો. કપટીઓએ તેનો કંઈક લાભ પણ લીધો. બીજા નિખાલસ હૃદયના પણ અમુક ધોરણ મુજબ રહેનારા હોઈ મદદ આશા રાખતા હતા. મેં જોયું કે આ પ્રમાણે લડત લાંબી મુદત ચલાવવી અશક્ય હતી. લાયકને અન્યાય થવાનો ને નાલાયક પોતાના પાખંડમાં ફાવી જવાનો ભય રહેતો હતો. આ મુશ્કેલીનો ઉકેલ એક જ રીતે થાય તેમ હતું.

- બધા કુટુંબોને એક સ્થળે રાખવાંને બધાંને સાથે રહી કામ કરવું. આમાં કોઈને અન્યાયનો ભય તો ન જ રહ્યો. પાખંડને કંઈજ અવકાશ ન રહ્યો એમ પણ કહી શકાય, જાહેર પૈસા નો બચાવ થાય તે સત્યાગ્રહી કુટુંબોને

નવા અને સાદા જીવનની તથા ઘણાની સાથે હળી મળીને રહેવાની તાલીમ મળે. આવી રીતે ઘણાં પ્રાંત ને ઘણાં ધર્મના હીન્દીઓને પણ સાથે રહેવાનું મળે. આવી જગ્યા ક્યાંથી મળે ? શહેરમાં રહેવા જતા તો બકરી કાઢતા ઊંટ પેસવાનો ભય હતો. માસિક ખર્ચ જેટલું કદાચ ભાડું જ આપવું પડે ને કુટુંબોને શહેરમાં સાદાઈથી રહેવામાં મુસીબત પડે. વળી શહેરમાં એવી જગા તો ન જ મળી શકે કે જ્યાં ઘણાં કુટુંબો ઘેર બેઠે કંઈક ઉપયોગી ધંધો કરી શકે. તેથી શહેરથી બહુ દૂર પણ નહીં, બહુ નજીક પણ નહીં, એવું ક્ષેત્ર પસંદ કરવું જોઈએ એ સમજી શકાયું. ફિનિક્સ તો હતું જ. ત્યાં 'ઈન્ડિયન ઓપિનિયન' ચાલતું હતું. થોડી ખેતી પણ હતી. સગવડો ઘણી તૈયાર હતી. પણ ફિનિક્સ જોહનિસબર્ગથી ત્રણસો માઈલ દૂર હતું અથવા ત્રણ કલાકની મુસાફરીનો રસ્તો હતો. એટલે દૂર કુટુંબોને લાવવા-લઈ જવા વિકટ અને મોંઘું કાર્ય હતું. વળી કુટુંબો પોતાના ઘરબાર છોડીને આટલે દૂર જવાને તૈયાર ન થાય. તોયે આટલે દૂર તેઓને અને જેલીઓ છૂટે ત્યારે તેમને ત્યાં મોકલવાનું વગેરે અશક્ય જેવું લાગ્યું.

ત્યારે જગા તો ટ્રાન્સવાલમાં જ અને તે પણ જોહાનિસબર્ગની નજીક હોવી જોઈએ. મિ.કેલનબેકની હું ઓળખાણ કરાવી ગયો છું તેમણે ૧૧૦૦ એકર જમીન વેચાતી લીધી અને તેનો ઉપયોગ સત્યાગ્રહીઓને સારુ આપ્યો. તે જમીનમાં ફળઝાડો હતાં ને એક પાંચ-સાત માણસ રહી શકે એવું નાનું મકાન હતું. પાણીનો ઝરો હતો. ત્યાંથી સ્ટેશન એક માઈલ જેટલું દૂર હતું અને જેહાજિસબર્ગ ૨૧ માઈલ હતું. આ જ જમીન ઉપર મકાન બાંધવાનો અને કુટુંબોને વસાવવાનો નિશ્ચય થયો.

આ જમીનની ટોચે નાની ટેકરી હતી જ્યાં એક નાનાકડું મકાન હતું ત્યાં ફળઝાડ હતાં તેમાં નારંગી, એપ્રિકોટ, પ્લમ પુષ્કળ ઊગતાં હતાં. એટલાં કે મોસમમાં સત્યાગ્રહીઓ પેટ ભરીને ખાય છતાં બચે. પાણીના ઝરામાંથી પાણી મળી રહેતું હતું. જે જગ્યાએ રહેવાનું હતું ત્યાંથી ૫૦૦ વાર દૂર હશે. એટલે પાણી કાવડોમાં ભરીને લાવવાની મહેનત હતી જ. આ સ્થાનમાં નોકર મારફતે કંઈ પણ ઘરકામ, તેમ જ બને તેટલું વાડીનું અને બાંધકામનું પણ કામ ન લેવું એવો આગ્રહ હતો. એટલે પાયખાનાથી માંડીને રસોઈ સુધીનું બધું કામ હાથે જ કરવાનું હતું. કુટુંબોને રાખવાનાં હતાં પણ પ્રથમથી જ નિશ્ચય કરી લીધો હતો કે સ્ત્રીઓ અને પુરુષોને નોખાં રાખવાં તેથી મકાનો નોખાં અને થોડાં દૂર બનાવવા એમ કર્યું. દસ સ્ત્રીઓ અને સાંઠ પુરુષો રહી શકે તેટલાં મકાન તરત બનાવવાનો નિશ્ચય થયો. મિ.કેલનબેકને રહેવાનું પણ એક મકાન બનાવવાનું હતું ને તેની જ સાથે એક નિશાળનું. આ ઉપરાંત એક કારખાનું સુતરકામ, મોચીકામ, ઈત્યાદિ માટે બનાવવાનું હતું.

જેઓ આ સ્થાનમાં રહેવા આવવાના હતા તેઓ ગુજરાતના મદ્રાસ, આંધ્ર પ્રદેશના અને ઉત્તર હિન્દુસ્તાનના હતા. ધર્મે હિન્દુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી હતા. લગભગ ચાલીસ જુવાન બે ત્રણ વયોવૃધ્ધ, પાંચ ઓરતો અને વીસથી ત્રીસ બાળકો હતા. તેમાં ચાર-પાંચ બાળાઓ હતી.

ઓરતોમાંની જે ખ્રિસ્તી હતી તેમને અને બીજીને માંસાહારની ટેવ હતી. આ સ્થાનમાં માંસાહાર ન દાખલ કરવો પડે તો સારું, એમ મિ.કેલનબેકનો તેમ જ મારો અભિપ્રાય હતો. પણ જેઓને તેને વિશે જરાયે બાધ ન મળે, જેઓ સંકટ સમયે આવે સ્થાને આવવાના હતા, જેઓને જન્મથી તે વસ્તુનો અભ્યાસ, તેઓને માંસાહાર અમુક મુદતને સારુ પણ છોડવાનું કેમ કહી શકાય ? ન કહેવાય તો ખર્ચ કેટલું થાય ? વળી જેમને ગોમાંસની ટેવ હોય તેને ગોમાંસ પણ આપવું ? કેટલાં રસોડાં ચલાવવા ? મારો ધર્મ શો હતો ? આવાં કુટુંબોને પૈસા આપવાનું નિમિત્ત થઈ ને પણ હું માંસાહારને ગોમાંસાહારને મદદ તો કરતો જ હતો. જો હું એવો નિયમ કરું કે માંસાહારીને મદદ નહીં જ મળે, તો મારે સત્યાગ્રહ કેવળ નિરામિષ ભોજન કરનારની મારફતે જ લડવો જોઈએ. તે પણ કેમ થાય ? લડત તો હિન્દી માત્રને સારું હતી. મારો ધર્મ હું સ્પષ્ટ રીતે જોઈ શક્યો.

## (૦૫) પીડીલાઈટ પરિવારનો સુંગધી ગુલાબ : બળવંતભાઈ પારેખ

- અરુણ દવે

વ્હાલા અને આદ. પીડીલાઈટ પરિવારજનો..

કેમ છો ?

આજે અહીં આપ સૌને જોઈ-સાંભળીને પીડીલાઈટ પરિવારની ભવ્યતા-સમૃદ્ધતા- એકતા અને પ્રતિબદ્ધતાનો અનુભવ કરી ધન્યતા અનુભવું છું.

પીડીલાઈટ એ કોઈ ઔદ્યોગિક એકમ નથી. એ એક સંસ્કારી-સંયુકત અને પવિત્ર એકમ છે. તેની પવિત્રતાની સાબિતી એ છે કે તેના સ્થાપક- ઘડવૈયા- વિકસાવનાર એક વિચારશીલ સાધુત્વને વરેલ ઉમદા માણસ- બળવંત પારેખ હતા. તેમના શરીરરૂપી ખોળિયામાં એક પવિત્ર આત્માનો વાસ હતો. જીવનભર ઔદ્યોગિક અને વ્યાપાર જગતમાં તરબોળ રહેવા છતાં તેમના આંતરિક વિકાસનું માધ્યમ તો સત્ય, પ્રેમ અને કરુણાને સમાવતું આધ્યાત્મિકતા જ રહ્યું. તેઓએ પ્રતિષ્ઠા, સંપત્તિ, ચાહત વગેરે જે કાંઈ પ્રાપ્ત કર્યું તેનો આધાર તેમની ઉત્તમકક્ષાની અભ્યાસનિષ્ઠા, તટસ્થતા, જીવન પ્રત્યેનો માનવીય અભિગમ અને વારસામાં મળેલી સંસ્કારિતા હતા. જેમ સુંદર ફુલોની માળામાં આપણને ફૂલો દેખાય છે, સુગંધ અનુભવાય છે પણ તેને ટકાવનાર એકસૂત્ર રાખનાર દોરો દેખાતો નથી. બળવંતદાદાએ કરેલી સેવા, સહાય, સત્કાર્યો અને સુગંધરૂપી અનેકને આપેલી હૂંફ વગેરે આપણને દેખાય છે —અનુભવાય છે પણ તેમના પીંડને જાળવનાર હૃદયમાં વહેતું અધ્યાત્મિક પવિત્ર ઝરણું આપણી નજર અને સમજ બહાર રહ્યું છે.

તેમણે ઔદ્યોગિક ક્ષેત્રે કરેલાં ઉત્પાદનો જેમ મૂળે તો પૂજાની ઘંટડીથી માંડીને મહાકાય હાથીના પૂતળાને જોડવાનું કે થતા વ્યયને અટકાવવાનું જ કામ કરે છે તેમ તેના સર્જકનું મૂળ લક્ષ તો સમાજની સારપને સંયોજીને જીવન મૂલ્યોને જોડીને એક સંસ્કારી સમાજ, રામરાજય સ્થાપવાનું જ રહ્યું છે.

તેઓ પોતે જ એક મંદિર જેટલી પવિત્રતા ધરાવતા હતા અને માયલો સાધુત્વને વરેલો પ્રભુપ્રેરિત દેવદૂત હતો. ઈશ્વરે તેમને નિમિત્ત બનાવીને તેમના દ્વારા અનેક સત્કાર્યો કરાવ્યા છે. તેમણે કણ કણમાં નહીં, દરેક કણમાં જ પ્રભુદર્શન કર્યા હોવાથી જનસેવા તે જ પ્રભુ સેવાનો મંત્ર જીવનભર સ્વીકાર્યો અને અપનાવ્યો. આ વ્યવહારના કારણે તેઓને જીવન વ્યવહારમાં પ્રતીકોથી નહીં, પ્રતીતિથી જીવન જીવવાની જીવનશૈલી સહજ પ્રાપ્ત થઈ. જીવનની આ સ્વાભાવિક સહજતાએ તેમને આપણા સૌના હૃદયસમ્રાટ બનાવ્યા છે.

ટાગોરની કવિતામાં વર્ણવાયું છે કે જયારે તારા સંકટ સમયે તને તારા પડછાયા સહિત કોઈનો પણ સાથ નહીં હોય ત્યારે વિશ્વાસ રાખજે કે હું તો હાજરાહજૂર તારી પાછળ ઊભો જ હઈશ. બળવંતદાદાએ આપણામાં આવો વિશ્વાસ જન્માવ્યો હતો. કારણ કે તેમનો ખરો નિજાનંદ તો માનવસંબંધોને ઉજાગર કરવાનો હતો. ગોળ જેમ બધાને જ ગળ્યો લાગે તે પ્રાકૃતિક છે, તેમ બળવંતદાદા તેમના સંપર્કમાં આવનાર સૌ કોઈને પોતીકા જણાયા છે.

રિડર્સ ડાયજેસ્ટથી લઈને દુનિયાભરના ઉત્તમકક્ષાના સામયિકો અને સાહિત્યના અભ્યાસથી તેઓ એટલા સભર બનેલા કે કોઈપણ બાબતમાં જયાં સુધી મગજ ગ્રીન સિગ્નલ ન આપે ત્યાં સુધી હૃદયફાટક ખૂલે જ નહીં ! તેઓ વાસ્તવિકતા(ફેકટસ) અને મૂંઝવણો-પ્રશ્નો વચ્ચેનો ભેદ સ્પષ્ટ સમજતા હોવાથી કોઈ પણ પ્રશ્નનો કે મૂંઝવણનો માર્ગ સરળતાથી શોધી શકતા હતા.

આપણો મોટાભાગની વાસ્તવિકતાને જ મૂંઝવણમાં ફેરવીને દુ:ખી થઈએ છીએ. વાસ્વીકતાને સ્વીકારી લેવાની હોય છે. જેમ રાત-દિવસ થવા એ પ્રશ્ન નથી, એ ફેકટ છે. મૂંઝવણ રાત્રે થતું અંધારું કેમ દૂર કરવું એ છે ! આપણે રાત-દિવસ કેમ, કયાં, શાથી થાય છે તેમાં અટવાઈ જઈએ છીએ. વળી, બંસી બજૈયા બળવંતદાદાનું હાસ્ય કૃષ્ણ ભગવાન જેવું જ નિર્મળ અને નિદોર્શ રહ્યું છે. જેમ કવીકફીકસનું એક ટીપું જોડ માટે પૂરતું છે (વન ડ્રોપ ઈઝ ઈનફ) તેમ આપણા પ્રશ્નો ઉકેલવા- સુખ- આનંદ માટે

બળવંતદાદાનું એક 'કૃષ્ણ સ્મિત' પૂરતું હતું. આવું તેમનું વ્યકિતત્વ એટલે વિકસ્યું કારણ કે તેઓ મોટરમાં બેઠા પણ મોટર તેમનામાં ન બેઠી, તેઓ મહેલોમાં રહ્યા પણ કયારેય મહેલને માયલામાં પ્રવેશવા નથી દીધો. કોઈ પણ અભાવા વગર સહજ જે મળ્યું તેને નિજાનંદથી માણ્યું છે. તેઓ દઢ પણે માનતા અને આચરતા કે ધન એ સંપત્તિ નથી જીવન એ સંપત્તિ છે.

મનોવિજ્ઞાન અને આરોગ્ય ક્ષેત્રનો તો તેમને કોઈપણ નિષ્ણાંતને હંફાવી શકે તેટલો ગહન હતો. સૌના સુખમાં જ પોતાનું સુખ સમાએલું છે તેવા ગાંધીવિચારને આત્મસાત કરવાથી તેઓ સ્વકેન્દ્રી મટીને સર્વકેન્દ્રી બની શકયા. પોતાના સંપર્કમાં આવેલાં તમામ સ્વજનો માત્ર ભૌતિક રીતે જ સાધન-સંપન્ન બને તેવું સિમિત લક્ષ-પ્રયત્ન તેમનો નહોતો, સૌ ઉમદા સંસ્કારી માણસ બને તેવો તેમનો સતત અને સઘન પ્રયત્ન હતો.

કોઈપણ પ્રતિષ્ઠિત, ધનવાન, અભ્યાસુ અને આગેવાન માણસ માટે સૌથી મોટો પ્રશ્ન અહંકાર સહિતના આવરણોથી પર થઈ જઈ વિનમ્ર, વિવેકી, તટસ્થ, માયાળુ અને ત્યાગ જેવા માનવીય સદ્‌ગુણો જીવન-વ્યવહારમાં ટકાવી રાખવા એ છે. બળવંતદાદાએ સહજ રીતે આ અપનાવ્યું-આચર્યું હોવાથી પૂ.કાંતાબાએ કહ્યું છે કે... ''એ... તો અમારા નરસિંહ મહેતા...''

જીવનની અખંડતા, સમૃદ્ધતા અને મનુષ્યત્વને ઉજાગર કરવાની અનિવાર્યતા સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક દૃષ્ટિથી સમજાઈ હોવાથી તેમણે હૈયુ, હાથ અને મસ્તકની કેળવણી કરતી બુનિયાદી શિક્ષણ પ્રણાલીને પ્રાધાન્ય આપી પ્રોત્સાહિત કરી.

આટલી વ્યસ્તતા વચ્ચે પણ જીવનને માણવા-પામવાનું ભૂલ્યા નથી. સંગીત સહિતની તમામ કલાના આ ઉપાસકે પાને રમવું કે મિત્રો સાથે આઈસ્ક્રીમ ઝાપટવો કે પોતાના લગ્નજીવનના ૫૦ વર્ષે તમામ વિધિઓ પ્રસન્નતા-જલસાથી કરાવવાનું અને પુનઃલગ્ન પ્રસંગનો જલસો કરાવવાનું તો તેમને જ સૂઝે ! ગમતાનો ગુલાલ કરીને જ જીવી ગયા.

મનુષ્યત્વને ઉજાગર કરતી આધ્યાત્મિક ધરીને વળગીને સંઘેડા ઉતાર અખંડ જીવન જીવી જનાર બળવંતદાદાએ જીવન કેમ અને શેનાથી જીવવું... એ બંનેનું જીવંત દૃષ્ટાંત પૂરું પાડયું છે.

આપણે સૌ સદ્‌ભાગી છીએ કે વિદ્યા અને અવિદ્યાના ઉપાસક એવા બળવંતદાદાની નિશ્રામાં થોડાક વર્ષો સુધી જીવવાની ઉમદા તક મળી. આપણે તેમનો આભાર કેમ માનીશું ? થોડુંક તેમના જેવું જીવન જીવીને જ ''થેકયું'' કહી શકીશું !

બાકી આપણો તેમની સાથેનો નાતો કયારેય તૂટવાનો નથી.. કારણ... કારણ કે ''યે ફેવીકોલ કી જોડ હૈ !''

આ પ્રસંગે મને આપ સૌએ પૂજય બળવંતદાદા પ્રત્યે ઋણભાવ વ્યકત કરવાની જે થોડી ક્ષણો આપી છે તે મારું જીંદગીભરનું સંભારણું બની રહેશે.

આભાર,

(મુંબઈ ખાતે પીડીલાઈટ કંપનીના ૬૦માં સ્થાપના દિને આપેલ વકતવ્યનો ટૂંકસાર)

●---------●●●--------●●●---------●

લોકભારતી, સણોસરા. મો. ૯૪૨૬૪૬૧૨૭૭

**(અનુસંધાન પાના નં. ૪૫૬ ઉપરથી)**

એમ પણ કહી શકાય કે આ મહામાનવે આત્માના ખોરાકમાં પ્રથમ કોળિયે સત્યની પૂજા આરંભી, બીજા કોળિયે તપ આદર્યુ અને ત્રીજા કોળિયે સત્યાગ્રહનો યજ્ઞ પ્રજવલિત કર્યો. આ મારગે બાપુનું ઘડતર થતું રહ્યું, એમનું તેજવલય વિસ્તરતું ગયું. સાધનશુદ્ધિનો મારગ આત્મસાત થતો ગયો. સાદગી અને સરળતાથી આભા વિસ્તાર પામતી રહી. પોતડીધારી બાપુ સામે જગતના દિગ્ગજો માથું નમાવતા થયા ને બાપુ જીવનભર પોતાની જાતને ઘડતા રહી, સત્ય પ્રેમ કરુણા વહાવતા હે રામ! માં ગતિ પામ્યા.

અંતમાં એક ગાંધીસૂત્ર આપણા બધા માટે અહીં ટપકાવું...

**'શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકારી થવું. રાગદ્વેષાદિ રહિત થવું. આત્મશુદ્ધિ વિના લોકસેવા અસંભવિત છે.'**

●---------●●●--------●●●---------●

મો. સંપર્ક:૯૯૭૯૧૮૭૫૮૭

## (૦૬) ગાંધીજીનો બહુ ઓછી પ્રસિદ્ધિ પામેલો ખગોળ અને આકાશદર્શનનો પ્રેમ

### - નંદીવાડા રત્નશ્રી, ભાવાનુવાદ - શ્રી હસમુખ દેવમુરારિ

મહાત્મા ગાંધી આકાશ દર્શનને ઊંડા અધ્યાત્મિક અનુભવની પ્રક્રિયા ગણતા હતા. જો કે તેઓને થોડા સમય માટે આકાશ દર્શનમાં ઊંડો રસ પડ્યો હતો તે વાત પ્રમાણમાં ઘણી ઓછી જાણીતી છે. ટેકનોલોજીના ઉપયોગથી તેઓ બ્રહ્માંડના રહસ્યોથી ઘણા મુગ્ધ થયા હતા. સને ૧૯૩૨માં યરવડા જેલમાં થોડા મહિનાઓના જેલવાસ દરમિયાન આકાશ દર્શન વખતે આકાશના નકશાઓ અને ઘણાં સંદર્ભ પુસ્તકોનાં વાચનથી બ્રહ્માંડના રહસ્યોથી તેઓ ઊંડા વિચારોમાં મગ્ન થઈ જતા.

તારાઓને નીહાળવાનો અને સમજવાનો તેમનો આ ગૌણ લાગતો રસ લાંબા સમય સુધી જળવાઈ રહ્યો હતો એવું દેખાય છે. કેટલાંક વધારે મહત્ત્વનાં કાર્યોનાં દબાણને કારણે સને ૧૯૨૦માં તેમણે તેમના આ રસને રોકવો પડ્યો હતો. તેમને સન ૧૯૩૨માં દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (કાકા કાલેલકર), કે જેમને આકાશ દર્શનમાં અને આ વિષયના ગુજરાતી પુસ્તકો લાવવામાં પણ ઊંડો રસ હતો, સાથે જેલમાં પૂરવામાં આવ્યા. આ સમયગાળા દરમિયાન અને પછીના મહિનાઓમાં, કાકા કાલેલકર તો જેલમાંથી છૂટીને ગયા, પણ ગાંધીજીને આકાશ દર્શન અને બ્રહ્માંડના રહસ્યો વિશે જાણવાની દિશામાં સાહસ કરવાની તક સાંપડી.

કાકા કાલેલકરને તા.૨૩મી જુલાઈ, ૧૯૩૨માં લખેલા પત્રમાં ગાંધીજી લખે છેઃ “આકાશને નીહાળતાં જે અનંતતાનો, સ્વચ્છતાનો, નિયમનનો, ભવ્યતાનો ખ્યાલ આવે છે જે આપણને શુદ્ધ કરે છે. ગ્રહોને અને તારાઓને પહોંચી શકીએ અને ત્યાં પણ ભલે કદાચ પૃથ્વીની ઉપર સારાનરસાનો અનુભવ થાય છે તેવો થાય. પણ દૂરથી તેમાં જે સૌંદર્ય રહેલું છે અને ત્યાંથી જે શીતળતા છૂટી રહી છે તેની શાંત અસર પડે છે. એ મને અલૌકિક લાગે છે અને આકાશની સાથે આપણું અનુસંધાન કરીએ એટલે ગમે ત્યાં બેઠા હોઈએ તેની કંઈ હરકત ન રહી. એ તો ઘેર બેઠાં ગંગા આવ્યા જેવું થયું. આ બધા વિચારોએ મને આકાશ-દર્શન ઘેલો કરી મૂક્યો છે.” ભવિષ્યની આંતરગ્રહ યાત્રાની અને હાલમાં જાણીતી થયેલી બ્રહ્માંડની સમદેશિક અને એકરૂપતાની સંભાવનાઓના પડઘા આ વિચારોમાં પડી રહ્યા છે.

એમણે તારાઓનું વિજ્ઞાન સમજવામાં અને ભારતીય વિદ્યાર્થીને રસ ઉત્પન્ન થાય તે રીતે સંદર્ભ સાહિત્ય મેળવવામાં એક શિક્ષાવિદની જેમ રસ લીધો હોય તેમ દેખાય છે. તેઓએ ખગોળ અંગેના સરળ પાઠ્યપુસ્તકો મેળવવાની ઈચ્છા દર્શાવી તે તેમના કાકા કાલેલકરજી સાથેના પત્ર વ્યવહારમાં પ્રદર્શિત થાય છે. ઑગસ્ટ, ૧૯૩૨માં કાકા કાલેલકરને લખેલ પત્રમાં તેમણે તેમને તેમના ખગોળ અંગેના પુસ્તક વિશે સલાહ આપેલી કે “તે પુસ્તકમાં પશ્ચિમના ખગોળશાસ્ત્રીઓ કે તેમાંના કેટલાક તો ખૂબ હિંમત તથા જુસ્સાવાળા અને ઉમદા ચરિત્રવાળા હતાઃ એનાં ટૂંકા જીવન વૃતાંતો અને નામ આપવાં જોઈએ.” તેઓએ પ્રકાશિત કરવામાં આવનાર આ ખગોળવિજ્ઞાનનું આ પુસ્તક શક્ય તેટલું સંપૂર્ણ (ચોક્સાઈપૂર્ણ) અને આ ક્ષેત્રમાં થયેલી છેલ્લામાં છેલ્લી શોધો સાથેનું હોવું જોઈએ, તેમ પણ ઉમેર્યું હતું. આ પુસ્તકમાં કેટલાંક ભૌતિક વિજ્ઞાનના મુદ્દાઓ પણ ઉમેરી દેવા જોઈએ તેમ જણાવ્યું હતું. આ રીતે તેઓ આકાશમાં માત્ર ગ્રહો વગેરેની સ્થિતિ જોવા સુધી જ નહીં પણ તારાઓની સમજ માટે ભૌતિક વિજ્ઞાન પણ આધારરૂપ છે તેમ તેઓ માનતા હતા.

૬૩ વર્ષની ઉંમરે, મહાત્મા ગાંધીએ આ સંપૂર્ણ નવા અને કઠિન ક્ષેત્રમાં પ્રયાણ કરવાનું સાહસ તત્પરતા અને સંપૂર્ણતા સાથે કર્યું. મથુરદાસ ત્રિકમજીને લખેલા એક પત્રમાં તેમણે દુઃખ સાથે જણાવ્યું કે તેઓ આ બાબતની યોગ્ય કદર કરવામાં ઘણા મોડા પડ્યા છે. “હું રોજ રાત્રે આકાશના તારાઓ જોઉં છુ અને એનો દિવ્ય અનુભવનો આનંદ લઉં છું. હું બહુ મોટી ઉંમરે જાગ્યો. પણ, મરણ પથારીએથી

પણ તારાઓ જોવાથી જો આત્માની ઝાંખી થતી હોય તો શું ખોટું છે ?''

જો કે, તારાઓનું વિજ્ઞાન અને આ બાબતનો તેઓનો વૈજ્ઞાનિક રસ તો હતો જ, પણ તારાઓથી મઢેલા આકાશને જોવાથી મળતા આધ્યાત્મિક આનંદની અનુભૂતિની તેઓએ ફરી ફરીને વાત રજૂ કરી છે. તદુપરાંત, આ કાર્યમાં તેઓને ટેકનોલોજીના ઉપયોગથી આધ્યાત્મિક અનુભૂતિની તીવ્રતામાં કોઈ ખલેલ પહોંચી નથી.

જ્યારે એસોસિયેટેડ પ્રેસના રીપોર્ટ ગાંધીજીનું ઈન્ટરવ્યુ લેવા સારુ યરવડા જેલના પરિસરમાં આવ્યા, ત્યારે 'ગાંધીજીનો અક્ષરદેહ'ના સંપાદકોએ નોંધ્યું છે કે 'યરવડા જેલના ખુલ્લા મેદાનમાં જેલના પરિસરના વાતાવરણને માટે અસામાન્ય લાગે તેવાં બે મોટાં દૂરબીનો ગાંધીજીના ઉપયોગ માટે મૂકવામાં આવ્યા છે.'

''આ મારા માટે છે.'' ગાંધીજીએ રીપોર્ટર્સને કહ્યું. ''ખગોળશાસ્ત્રમાં મને હંમેશા રસ રહ્યો છે. તે રસ હવે તીવ્ર રીતે વધ્યો છે. જેવી મને એક પળ મળે છે, તે હું તેમાં વીતાવુ છું. આ એક અદભૂત વિષય છે, અને બીજી કોઈપણ બાબતો કરતાં ઈશ્વરનું રહસ્ય અને બ્રહ્માંડની ભવ્યતા મને અત્યંત પ્રભાવિત કરે છે. ખુલ્લા આકાશ નીચે જમીન પર પડ્યા રહીને તારાઓથી મઢેલા આકાશને અને અમાપ વિસ્તરેલા એક પછી એક બ્રહ્માંડને નીહાળતાં ઈશ્વરને પ્રાર્થના કરવાની અનુભૂતિ થાય છે. આવું કરું છું ત્યારે મારું ચિત્ત હર્ષથી ઉછળવા લાગે છે. અરે, આ બધું અદભૂત છે.'' આ શબ્દો ૩, એપ્રિલ ૧૯૩૩ 'ધ હિન્દુ'ના છે.

તેઓએ આગળ કહ્યું, ''તેની ગોઠવણી અઘરી હોવા છતાં સરળ રીતે બહુ સહેલાઈથી તેઓ સમજી શકે છે.'' ખરેખર આ ધ્યાનાકર્ષક છે, મોટા ભાગના નવા ટેલિસ્કોપ ઉપયોગ કરનારને માટે તેનો ઉપયોગ શીખવો પ્રમાણમાં ક્લિષ્ટ છે. ખરેખર, ગાંધીજી આ બધા પ્રયોગો સારી રીતે કરી શકતા હતા. એમણે એ પણ નોંધ્યું છે કે તેઓ આકાશી નક્ષત્ર 'પારિજાત'ને નીહાળવા ખૂબ આતુર હતા, જે તેઓ નીહાળી નહોતા શક્યા. આમ છતાં, તેઓને આ સ્વર્ગીય પદાર્થોને સમયને અભાવે કે આર્થિક કારણોસર ન જોઈ શકવાનો ખેદ રહ્યો હતો.

અધ્યાત્મ અંગે મુલાકાત આપતી વેળાએ, તેઓ બ્રહ્માંડના સત્યો અંગે સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ અભિવ્યક્ત કરતા. ફેબ્રુઆરીથી એપ્રિલ, ૧૯૩૨ દરમિયાનના આશ્રમવાસીઓને મોકલેલા લેખ 'આકાશ દર્શન ૧ અને ૨'માં તેઓએ નિયમિત આકાશદર્શન કરવાનું કહ્યું છે અને તેમાં તેઓએ અવકાશી પદાર્થોને જોવા સાથે 'અધ્યાત્મિક' બાબતોને પણ સાંકળી છે અને મૃગશીર્ષ નક્ષત્રનો સ્કેચ દોરીને પણ મોકલ્યો છે. તેઓએ ઉમર્યું છે કે તેઓએ છપાયેલા સ્કેચીઝમાંના નક્ષત્રોમાં જે દેખાતા હોય તે પૈકી જે તારાઓ જોઈ શકાય તે જોવા પ્રયત્ન કરવો અને આશ્રમવાસીઓને પોતાના સ્કેચીઝ જાતે પણ દોરવાની સલાહ એટલા માટે આપી કે પૃથ્વીના જુદાં જુદાં સ્થળોએથી આ નક્ષત્રોના આકારો થોડા જુદા પડે. તેઓએ નવા-સવા આકાશદર્શીને આકાશદર્શનની શરૂઆત કરતી વખતે એક નિયત જગ્યા અને નિયત સમયે આકાશ દર્શન કરવું એવી સલાહ આપી અને તે નક્ષત્રનો સ્કેચ (આકૃતિ) દોરવા સૂચવ્યું અને ઉમેર્યું કે એક વખત જો તે કોઈ નક્ષત્રથી પરિચિત થઈ જશે તો પછી તે જુદા સ્થળે અને સમયે આકારમાં થોડો ફેરફાર પણ થઈ જશે તો પણ તેને ઓળખી શકાશે. 'સપ્તર્ષિ' તારામંડળની બદલાતી સ્થિતિ મુજબ સમય જાણી શકવાની સંભાવનાની પણ તેઓએ ચર્ચા કરી છે.

આ લેખોમાં ગાંધીજીએ મૃગશીર્ષ, કેનિસ મેજર, કેનિસ માઈનોર, સસલું, ઉર્સ મેજર, ઉર્સ માઈનોર, ધ્રુવ તારક વગેરેની કાલ્પનિક આકૃતિઓ અને આ નક્ષત્રો સાથે વણાયેલી પૌરાણિક લોકકથાઓ વિશે પણ ઉલ્લેખ કર્યો છે. જો કે 'સુંદર દેખાતી આ આકૃતિઓ' આકાશમાં વાસ્તવમાં આવી આકૃતિઓ હોતી નથી તેવી તેઓએ તુર્ત જ સ્પષ્ટતા કરી છે. પછીથી આ વૈજ્ઞાનિક બાબતોથી હટીને આ તારાઓને નીહાળવાના પોતાના અનુભવનો ઉલ્લેખ કરીને લખે છે : ''જો કોઈ થોડી સેકંડો માટે પણ આ તારાઓ કે નક્ષત્રોને નીહાળે તો પોતાના દુઃખો ભૂલી જઈને ઈશ્વરની મહાનતાની પ્રશંસા કર્યા વિના રહી શકાતું નથી.''

**(અનુસંધાન પાના નં. ૪૭૧ ઉપર)**

## (૦૭) સ્વાતંત્ર્ય સંગ્રામમાં બાપુના મૂક સાથી કસ્તુરબા ગાંધી

- ભરત'કુમાર' પ્રા.ઠાકર

મહાત્મા ગાંધી(૧૮૬૯-૧૯૪૮)'રાષ્ટ્રપિતા'નું બિરૂદ પામ્યા, તેમ 'રાષ્ટ્રમાતા' તરીકે જેમની ગણના થઈ છે એવાં કસ્તુરબા ગાંધીની એપ્રિલ મહિનામાં ૧૫૦મી જન્મ જયંતીનો અવસર પડે છે. ચાલુ માસે કસ્તુરબાની સુવર્ણ શતાબ્દી પ્રસંગે એમનું આછેરું જીવન કવન પ્રાસંગિક અને પ્રેરક બની રહેશે.

### દામ્પત્યમાં સુંદર અનુકૂલન

ગાંધીજી મહાન બન્યા અને 'મહાત્મા' પણ કહેવાયા, તેમાં બાનો ફાળો પણ નાનો સૂનો નથી. ખુદ ગાંધીજીએ પણ આ વાતનો ખેલદિલ સ્વીકાર કર્યો છે. છતાં બા તો કહેતાં કે બાપુનાં પગલે ચાલવા સિવાય બીજું કંઈ જ મને આવડતું નથી. પરંતુ ગાંધીબાપુનાં પગલે ચાલવું એ પણ જેવી તેવી વાત ન હતી. એ કઠિન સિદ્ધિ બાએ મેળવી હતી.

એ પણ યોગાનુયોગ છે કે કસ્તુરબા અને ગાંધીજી બંનેનો જન્મ એકસરખા વર્ષમાં અને એક જ સ્થળે થયો હતો! પોરબંદરના વૈષ્ણવ વણિક પરિવારમાં પિતા ગોકુલદાસ મકનજી કાપડિયા અને માતા વ્રજકુંવરબાને ત્યાં મોટી દીકરી તરીકે કસ્તુરબાનો જન્મ ૧૧મી એપ્રિલ, ૧૮૬૯ના થયો હતો.

કસ્તુરબાના પિતા અને ગાંધીજીના પિતા સારા મિત્રો હતા. ઉંમરમાં ગાંધીજીથી છ મહિના મોટાં કસ્તુરબાની સાત વર્ષની વયે સાડા છ વર્ષના મોહનદાસ સાથે સગાઈ અને તેરમા વર્ષે લગ્ન(૧૮૮૩) થયેલાં. પતિની દરેક પ્રવૃત્તિઓમાં તેઓ સાચા અર્થમાં સહધર્મિણી અને સહકર્મિણી બન્યાં હતાં.

### દક્ષિણ આફ્રિકાની ધરતી પર

પતિ તરીકે બાપુએ એમની આકરી પરીક્ષા પણ કરી છે. આવા પ્રસંગોએ ખૂબ સ્વસ્થતા ધરી એમણે ગાંધીજી સાથે સુંદર અનુકૂલન સાધી લીધું હતું. ભણેલાં બહુ ઓછું, પરંતુ એમની આંતરિક સમજ ઘણી મોટી. બાપુ જેમ જેમ ઉચ્ચ જીવન પ્રતિ ડગ માંડતા ગયા તેમ તેમ બા પણ તાલ મિલાવતાં ગયાં.

૧૮૯૭માં તેઓ પહેલીવાર ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકા ગયાં. ત્યાં ૧૯૦૪માં ગાંધીજીના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. રાષ્ટ્રની સેવા અને ધર્મની સાધનાર્થે ૧૯૦૬માં બાપુએ બ્રહ્મચર્ય વ્રત અપનાવ્યું. આવી બધી આકરી પરિસ્થિતિઓમાં પણ કસ્તુરબા એ તો અખૂટ ધૈર્ય, સહનશીલતા અને હિંમતનાં દર્શન કરાવ્યાં.

દક્ષિણ આફ્રિકામાં ભારતીય પદ્ધતિથી કરેલાં લગ્નને અમાન્ય ગણતાં ત્યાંના અન્યાયી કાયદાના પ્રતિકાર રૂપે ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી ત્યારે કસ્તુરબાએ પણ સપ્ટેમ્બર, ૧૯૧૩માં ટ્રાન્સવાલ સરહદે મહિલા ટુકડીની આગેવાની લીધી હતી અને ત્રણ મહિના જેલવાસ વેઠેલો. ત્યાં એમને 'દક્ષિણ આફ્રિકાના હિન્દીઓની માતા'નું બિરુદ મળેલું.

### આશ્રમનાં સાચા સૌજન્યમૂર્તિ

૧૯૧૫માં સ્વદેશ પાછા ફર્યા બાદ કસ્તુરબા ગાંધીજીની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિયતાથી સંકળાયાંહતાં. ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી નદી કિનારે સ્થાપેલા 'હૃદયકુંજ' આશ્રમની પ્રવૃત્તિઓનું તેઓ સંચાલન કરતાં. આશ્રમવાસીઓ માટે તેઓ એક આદર્શ મૂર્તિ(ધ મધર ફિગર) હતાં.

બા એક સાચા કર્મયોગી પણ હતાં. એક ક્ષણ પણ કશા કામ વિના બેસી રહેવું એ તેમનાં માટે 'અસ્વાભાવિક' થઈ પડતું. આશ્રમમાં બાપુની કડકાઈ રહેતી, તેમ બાનો વાત્સલ્યપ્રેમ પણ વર્તાતો. હરિજનબાળા લક્ષ્મીને તેમણે પોતાની દીકરી ગણી હતી.

બાપુના જેલવાસ અને ઉપવાસ દરમ્યાન થાક કે તાપનો વિચાર કર્યા વિના ગામડાંઓ ખૂંદી વળતાં, સભાઓ ભરતાં અને સ્ત્રીઓને લડતમાં જોડાવાં સમજાવતાં. ખેડા, બોરસદ, રાજકોટ, બારડોલીનાં સત્યાગ્રહો અને દાંડીકૂચ, અસહકાર,

ભારત છોડો, સ્વદેશી જેવાં આંદોલનોમાં પણ જોડાયાં.

### વિવિધ રાષ્ટ્રિય લડતોમાં

નવેમ્બર, ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ વેળા તેઓ સામાજિક સેવાર્થે ઘૂમી વળેલાં. ૧૯૨૧માં અસહકાર આંદોલન વેગવાન બનતાં ગાંધીજીને પકડી લેવામાં આવ્યા, ત્યારે કસ્તુરબા ગામે ગામ ફરી લોકોને સ્વદેશી વસ્તુ અપનાવવા અને ખાદી પહેરવા પ્રેરિત કર્યાં હતાં. પરિણામે દેશમાં ઠેકઠેકાણે વિદેશી કાપડની હોળી થઈ.

૧૯૨૨માં બળવાના આરોપસર ગાંધીજીને છ વર્ષ કેદની સજા થતાં હિંમત હાર્યા વિના તેમણે સંમેલન યોજી લોકોનો જુસ્સો ટકાવી રાખ્યો. નોઆખલીમાં ફાટી નીકળેલાં કોમી તોફાનો ઠારવાં સપ્ટેમ્બર, ૧૯૨૪માં ગાંધીજીના ૨૧ દિવસીય ઉપવાસ સમયે કસ્તુરબાએ અપૂર્વ મક્કમતા સાથે કટોકટીનો સામનો કરેલો.

માર્ચ, ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ(દાંડીકૂચ) વખતે કસ્તુરબાએ ઉતરાણ(જિ.સુરત)માં બહેનોની ટુકડી સાચવી પિકેટિંગમાં મોખરે રહેલાં. એપ્રિલ, ૧૯૩૦માં આશ્રમની સ્વયંસેવિકાઓની ટુકડી સાથે કસ્તુરબા અને જીવનભર બાના સાચા સાથી બનેલાં મીઠુબહેન પીટીટ(૧૮૯૨-૧૯૭૩) વગેરે વિદેશી દારૂનાં પીઠાં પર મોરચો લઈ ગયેલાં. આ સબબ ૧૯૩૨-૩૩માં તેમણે કારાવાસ ભોગવ્યો. તે પછી એક દાયકો (૧૯૩૩-૪૩) બા સેવાગ્રામ(વર્ધા) રહ્યાં હતાં. ૧૯૩૮ના 'રાજકોટ સત્યાગ્રહ' વખતે તેમને એકાંતવાસની સજા થયેલી.

### આખરી અગ્નિ પરીક્ષા

૧૯૪૨માં છેલ્લી કસોટી પણ આવી. 'કરેંગે યા મરેંગે'ના નિશ્ચય સાથે અંગ્રેજો સામે છેડાયેલી 'ભારત છોડો'ની લડતમાં ૯મી ઑગસ્ટે ગાંધીજી અને અન્ય પ્રમુખ નેતાઓ સાથે કસ્તુરબા પણ પૂનાના 'આગાખાન મહેલ'માં કેદ થયાં પછી ક્યારેય પાછાં બહાર આવી શક્યાં નહિ. એક અઠવાડિયા બાદ ૧૫મી ઑગસ્ટે મહાદેવભાઈ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨)નું જેલમાં અવસાન થતાં કસ્તુરબાના માનસિક પરિતાપમાં વધારો થયો.

માર્ચથી ડિસેમ્બર, ૧૯૪૩ વચ્ચે તેમને હૃદયરોગના અનેક હુમલા આવ્યા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ તેમની તબિયત વધુ લથડી અને અંતે ૨૨મી ફેબ્રુઆરી(મહાવિશરાત્રી)ની સાંજે બાએ બાપુના ખોળામાં છેલ્લો શ્વાસ છોડ્યો. એમના અગ્નિ સંસ્કાર ત્યાં જ કરવામાં આવેલા. આજે પણ એ સ્થળે કારુણ્યમૂર્તિ કસ્તુરબા અને કર્તવ્યનિષ્ઠ મહાદેવભાઈની સમાધિઓ જોવાં મળે છે.

શરૂઆતમાં આશ્રમવાસીઓ જ કસ્તુરબાને પ્રેમથી 'બા' કહી બોલાવતા, પરંતુ તે પછી તો તેઓ આખા દેશનાં 'બા' બની ગયાં. બા અને બાપુનો સંબંધ નિર્વિકારી હતો. ભાઈ-બહેન, પિતા-પુત્રી, પતિ-પત્નીના સંબંધોનો સરવાળો કરી ખુદ બાપુ પણ તેમને 'બા' જ કહેતા! ખુદ ગાંધીજીએ કસ્તુરબાનું કેવું મૂલ્યાંકન કર્યું છે ? : "હું અહિંસાના પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો છું. ત્રીસ વર્ષો સુધી તેમણે મારી માતાનું સ્થાન પૂર્યું છે. જો બાનો સાથ ન હોત તો હું આટલો ઊંચે ચડી શક્યો જ ન હોત."

### સંવેદનશીલ સન્નારીની સ્મૃતિઓ

બાની કાયમી સ્મૃતિમાં ગાંધીજીએ ૧૯૪૫માં 'કસ્તુરબા ગાંધી રાષ્ટ્રિય સ્મારક ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી, જેનું મુખ્ય મથક કસ્તુરબા ગ્રામ- ઈન્દોર(મધ્યપ્રદેશ)માં આવેલું છે. દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં બાની પુણ્ય સ્મૃતિ સાચવતાં બે સ્થાનો ઊભાં છે. તેમાં મીઠુબહેન પીટીટે મરોલીમાં 'કસ્તુરબા આશ્રમ' અને સરકારે ઉભરાટમાં 'કસ્તુરબા વિશ્રામ' સ્થાપેલો છે. કસ્તુરબા આશ્રમ સ્વરાજ્યની લડતમાં સૈનિકોનું આશ્રયસ્થાન બન્યો હતો. રાજકોટ જિલ્લામાં રાજકોટ-ભાવનગર રોડ પર રાજકોટથી ૧૫ કિલોમીટરના અંતરે સરધાર ગામથી પહેલાં ત્રંબા નામે નાનકડું ગામ આવે છે. અહીં એમને 'રાજકોટ સત્યાગ્રહ'ની સજા રૂપે ૧૧મી ફેબ્રુઆરીથી છઠ્ઠી માર્ચ, ૧૯૩૯ સુધી નજર કેદ હેઠળ રખાયાં હતાં. આ સ્થળે પાછળથી બાની સ્મૃતિમાં કસ્તુરબા આશ્રમ સ્થપાયો હતો. જે 'કસ્તુરબાધામ' તરીકે જાણીતો હતો. વર્ષો પહેલાં અહીંથી

'આશ્રમબંધુ' નામે માસિક પણ બહાર પડતું હતું.
૨૦૦૩થી કસ્તુરબાની જન્મ જયંતીનો દિવસ ૧૧મી એપ્રિલ દેશભરમાં 'રાષ્ટ્રિય સલામત માતૃત્વ (જનની સુરક્ષા) દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

**ખાસ ટપાલ ટિકિટો પર સ્થાન**

અત્યાર સુધી કસ્તુરબા ગાંધીને સમયાંતરે ચાર વખત ટપાલ ટીકીટો પર સ્થાન મળ્યું છે. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૪ના તેમની ૨૦મી પુણ્યતિથિના અવસર પર આછા બદામી(ખનિજ લાલ) રંગમાં અને ઊભા આકારમાં ૧૫ પૈસા મૂલ્યની ખાસ સ્મૃતિ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. જેના પર ગાંધીજીના તસવીરકાર કનુ ગાંધી(૧૯૧૭-૮૬)એ દોરેલી કસ્તુરબાની તસ્વીર આપવામાં આવી છે.

'ગાંધીશતાબ્દી' પ્રસંગે ટપાલ વિભાગ દ્વારા રજી ઑક્ટોબર, ૧૯૬૯ના રોજ ૨૦ પૈસા, ૭૫ પૈસા, ૧ રૂપિયો અને ૫ રૂપિયા મૂલ્યોની ચાર ખાસ ટિકિટોનો સેટ પ્રસિદ્ધ કરવામાં આવેલો. તેમાં ૨૦ પૈસા મૂલ્યની ભૂખરા રંગની આડા આકારની ટિકિટ પર બા અને બાપુ બંનેની તસવીર દર્શાવવામાં આવી છે.

૧૯૯૫માં કસ્તુરબા ટ્રસ્ટની સુવર્ણજયંતી અવસરે બાની પુણ્યતિથિના દિવસ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના એક રૂપિયા મૂલ્યની ખાસ ટિકિટ પ્રગટ કરવામાં આવેલી. આછા લીલા, લાલ અને રાખોડી રંગોમાં મુદ્રિત આ ઊભા આકારની સ્ટેમ્પ ઉપર બા અને નીચે કસ્તુરબાગ્રામનું ચિત્ર આલેખાયું છે.

તે પછી છેલ્લે ચંપારણ સત્યાગ્રહ શતાબ્દી પ્રસંગે૧૩મી મે, ૨૦૧૭ના ૫,૧૦ અને ૨૫ રૂપિયાનાં મૂલ્યોની ઘેરા આસમાની રંગની ત્રણ ટિકિટોનો સંપુટ બહાર પાડવામાં આવેલો. તેમાં દસ રૂપિયાની ચોરસ આકારની ટિકિટ પર બાની તસવીર સાથે નારી શિક્ષણનું ચિત્ર કસ્તુરબા ગ્રામનું ચિત્ર આલેખાયું છે.

**(અનુસંધાન પાના નં. ૪૬૮ ઉપરથી)**

ગાંધીજી લખે છેઃ "બાળકો અને મોટાંઓ બંનેને નાટકો અને નાટકમાં રજૂ થતાં આકર્ષક દશ્યો જોવા ગમે છે. પરંતુ આકાશના નાટ્ય મંચ ઉપર નિસર્ગે ગોઠવેલા આ દૃશ્યો સામે માણસે ભજવેલ કોઈ દૃશ્ય આની બરાબરી કરી શકે તેમ નથી." તેઓ ઉમેરે છેઃ "આકાશદર્શનથી આપણી આંખો ઠરે છે. કોઈપણ આકાશદર્શન માટે બહાર ખુલ્લામાં રહેવું પડે છે, અને તેથી આપણા ફેફસાંને ચોખ્ખી હવા મળે છે; અને તારાઓને નીહાળવાથી નૈતિક ચારિત્ર્યને નુકશાનકારક થયું હોય તેવું એક પણ ઉદાહરણ જોવા મળ્યું નથી. ઉલ્ટાના ઈશ્વરની આ અલૌકિક ઘટનાથી ધ્યાનમાં જઈ શકીએ છીએ અને વધુ અધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી શકીએ છીએ."

શહેરનાં બાળકોને ભારતનાં બધાં શહેરોમાં તીવ્ર પ્રકાશ ફેંકતી લાઈટોના પ્રદુષણને કારણે આવા રાત્રિના સૌંદર્યની પવિત્રતા અને અધ્યાત્મિકતાના અનુભવથી વંચિત રહેવું પડે છે તે કેવી દયનીય સ્થિતિ છે. આમ છતાં, કોઈ થોડા માર્ગદર્શનથી ચંદ્ર, કેટલાક ગ્રહો, ચમકતા તારાઓ અને નક્ષત્રો શહેરના આકાશમાંથી પણ નીહાળવાનો આનંદ માણી શકાય છે.

હાલ ગાંધીજીનું દોઢસોમું જન્મ જયંતી વર્ષ ચાલે છે, ત્યારે નહેરૂ પ્લેનેટોરિયમ દ્વારા દેશભરમાં ઑક્ટોબર ૨૦૧૮થી ઑક્ટોબર ૨૦૧૯ સુધી 'બાપુ-ખગોળ-મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે.

(તા.ક. અમે લોકભારતીમાં અને આસપાસના વિસ્તારમાં દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓ અને આકાશદર્શનના પ્રેમીઓ માટે આકાશદર્શનના કાર્યક્રમો યોજીએ છીએ.)

●---------●●●--------●●●---------●

મૂળ લેખક : ડૉ. નંદીવાડા રત્નશ્રી, ડાયરેક્ટર, નહેરુ પ્લેનેટોરિયમ, નહેરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી ન્યૂ દિલ્હી.

ભાવાનુવાદ : હસમુખ દેવમુરારિ, નિયામક, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા, જિ.ભાવનગર.

## (૦૮) રવીન્દ્રનાથ : ધણીને દ્વારે

### - બુધ્ધદેવ બસુ : અનુવાદક જયંત મેઘાણી

૧૯૪૧નો મે મહિનો હતો. રવીન્દ્રનાથની એંશીમી વર્ષગાંઠનો હર્ષોત્સવ હજુ હમણાં બંગાલમાં ઉજવાયો હતો. પણ ખુદ કવિ પર તો ગંભીર માંદગીની શ્યામ છાયા ઝળુંબતી હતી. કવિવરનો દેહ ખૂબ કશ્ટાતો, એમની ચેતના ક્ષીણ થતી જતી હતી. અમે એમને કેવી હાલતમાં જોવા પામશું તેનો અંદાજ નહોતો. મેં ધારેલું કે તેઓ થોડા શબ્દો માંડ બોલી શકશે.

શાંતિનિકેતન પહોંચીને સાંજ ઢળ્યે અમે એમને મળવા ગયા ત્યારે એ પુત્ર રથીન્દ્રનાથના આવાસની ખુલ્લી ઓસરીમાં બેઠા હતા. થાકેલા, જીર્ણકાય. રાત્રિનું આછું અંધારું એમના ચહેરા પર ઝાંખપ પાથરતું હતું. બીજે દિવસે પ્રભાતે ફરી એમને જોયા ત્યારે એમની બેઠક બંધ વરંડામાં હતી. મહેકતાં પુષ્પોની છાબ સમીપે હતી. ચહેરો સુકાયેલો હતો, લાલી ઊડી ગઈ હતી. પણ એમના ભવ્ય દેહનો આભાસ અછતો નહોતો. સિંહની કેશવાળી સરીખાં ગરદન-પહોંચતા વાંકડિયાં જુલ્ફાં હવે લુપ્ત થયેલાં, પણ મસ્તક હજુ મધ્યમાં સેંથો પાડેલા શ્વેત કેશથી વિભૂષિત હતું. આરપાર જોઈ શકતી આંખોનું તેજ સુકાયું હતું. શહેનશાહ જેવો એમનો દમામ ગાયબ હતો. પણ, ઓહો, રવીન્દ્રનાથનું દેહલાલિત્ય આટલું સોહામણું તો કદી નહોતું ! કિશોરાવસ્થાથી માંડીને વરસો વરસની એમની તસ્વીરમાલા બતાવતી હતી કે વધતી વય સાથે એ ઉત્તરોત્તર વધુ દેખાવડા ભાસતા.

કોણ કહે કે કવિ માંદગીને બિછાને હતા ? અમે પ્રવેશ કર્યો ને એમનું વાણી-વહેણ વહેવા લાગ્યું. અવાજ ક્ષીણ હતો, પણ વાતો તો હંમેશ જેવી અદ્‌ભુત. થોડી થોડી વારે વાક્પ્રવાહ અટકતો ખરો, પણ શબ્દ શોધવા માટે નહીં. છતાં કવિવર વ્યાધિગ્રસ્ત હતા એ હકીકત હતી. બધાં માટીનાં માનવીઓ દેહની વિપતથી હારીને પોતાની પીડાના વિચાર-પથારા ચિત્તમાં કર્યે જતા હોય છે. પણ કવિવરની ચેતનાનું પદ્મ લેશમાત્ર કરમાયું નહોતું. એમના હોઠથી બીમારીનો ઉલ્લેખ કદી સરી પડતો નહોતો. કોઈવાર કહેતા ખરા, ‘થાક્યો છું’, કે ‘આ ખોળિયું જર્જરિત થતું લાગે છે.’ વિચારોમાં, રોજિંદા વહેવારમાં ક્યાંક શૈથિલ્ય નહીં. સુશ્રુશા માટે સેવકો હાજર રહેતા. પોતાનાં કામ બીજાઓ કરે એ વિચાર જ એમને કદી રુચતો નહીં. પણ સેવા લીધા વિના છૂટકો નહોતો.

લાંબા કાળથી ઘર કરી ગયેલા દરદ પાસે ઝૂક્યા વિના એમણે સંવેદનકૂલનને ભીનું રાખેલું. અસહ્ય વેદના અનુભવતા હોય ત્યારે એમના તેજીલા વિનોદ-ફુવારાની છોળો અટકતી નહીં.

કવિની વાણી સાંભળીને અમે જ્યારે બહાર આવ્યાં ત્યારે જીવન ધન્ય થયું હોય એવી અનુભૂતિ પામ્યાં.

એમનો ઓરડો મોટો નહીં. એક દિવાલે લાંબા ટેબલ પર દવાની શીશીઓ, પથારી, આરામ ખુરસી, થોડાં પુસ્તકોથી ભરેલી નાની આલમારીઃ આટલો અસબાબ. દીવાલ પર એમનાં જ બે ચિત્રો, ચીની ચિતારા જુ પેઓનનું એક અશ્વ-ચિત્ર, અને એક જાપાની કલાકારનું વાદળ દશ્ય. આટલામાં કવિનું વિશ્વ સમાઈ ગયેલું. આ હરિયાળી વસુંધરા, પહાડો, ઘૂઘવતા દરિયા, નગરો, સરિતાઓ ને અરણ્યોઃ આ સકલ કવિ-સૃષ્ટિ આટલા સાંકડા પરિઘમાં સમાઈ ગયેલી.

રવીન્દ્રનાથના જીવનનો સાંધ્ય-અધ્યાય કોઈ મહાકાવ્યનો કથાઅંશ બની શકે તેવો છે. એક વિશ્વવિજેતા ચક્રવર્તી, પૂર્ણ ઐશ્વર્યમાં આળોટ્યો, બધું જ પામ્યો, પણ એક દિવસ નિયતિના પ્રહારથી સર્વસ્વ હારી બેઠો. શરીર-અંગો એક પછી એક ખોટવાયાં હતાં. ઇંદ્રિય-દ્વારો એક પછી એક બિડાતાં જતાં હતાં. આંખોના ઓલવાતા જતા ઓજસ અક્ષરો માંડ ઉકેલી શકતા હતા, કરુણપટ કરમાયા

હતા. થાકેલી આંગળીઓમાં પકડેલી પીંછી ધ્રૂજતી હતી. અંતરના ઊંડાણેથી સૂરાવલિઓ ઊઠતી હતી, પણ શોષાયેલા કંઠમાં સૂરો અટવાઈ જતા હતા.

જેમની કલમમાંથી લાખો શબ્દો અવતર્યા, એ સાહિત્યસ્વામી એમના આખરી દિનોમાં લેખણ પકડી શકવા અશક્ત હતા, સહી પણ માંડ પાડી શકતા હતા. અને છતાં શબ્દ દ્વારા અણખૂટ વહેતી રહી, અવસાન પહેલાના મહિનાઓ દરમિયાન બહાર પડેલા 'જન્મદિને' નામના સંગ્રહ સુધીનાં બધાં કાવ્યો પોતાના મરોડે મઢ્યા હસ્તાક્ષરે લખેલાં. પછી આંગળા થીજી ગયાં ત્યારે નાછૂટકે કોઈની પાસે લખાવતા થયા હતા.

પોતાના સાહિત્ય સર્જન પરત્વે એમણે જે વિનમ્ર ભાવ સેવેલો એ નવાઈ પમાડે તેવો હતો. દેહનું દર્દ ગમે તેટલું હોય, પણ ખુદના લખાણ અંગે રજમાત્ર સમાધાન એમને પાલવતું નહીં. અન્યો પ્રત્યે એ ઉદાર હતા, પણ પોતાના સાહિત્યસર્જન પરત્વે આકરો સમીક્ષાભાવ સેવતા. પોતે જે કાંઈ લખશે તેને પ્રજા ઝીલી લેશે, એવા ખ્યાલથી તેઓ દૂર હતા. પ્રત્યેક નવા પુસ્તકના પ્રકરણ સાથે એ નવજન્મ પામતા અને નવી ખ્યાતિ એમને વરતી.

અમે શાંતિનિકેતન પહોંચ્યાં ત્યારે રવિબાબુએ એક ટૂંકી વાર્તા હજુ પૂરી જ કરી હતી. અવનવા પ્રકાર-પ્રયોગવાળી ઘણી નવી વાર્તાઓ એ લખી શકયા હોત. મહત્વકાંક્ષી લેખન હાથ ધરી શકાય એમ ન રહ્યું એટલે પછી બાલકાવ્યો અને જોડકણાં, કાવ્યો અને નિબંધો લખવાનું રાખ્યું. કવિના જીવનના છેલ્લા મહિનાઓમાં કલ્પના અને હકીકત વચ્ચે તુમુલ વિરોધલીલા ખેલાઈ, પણ જીવન સાથેનો એમનો નિત્યમધુર નાતો અખંડ જળવાયો. કદી ફરિયાદનાં ગાણાં નહીં, નિસાસાનો હરફ નહીં. ક્યારેક બાલસહજ વિનોદથી, હળવીફૂલ નજાકતથી પોતાની તબિયતનો ઉલ્લેખ કરી લેતા.

સૃષ્ટિને અવલોકવી એ એમની પ્રિય પ્રવૃત્તિ હતી. કાળઝાળ ગરમીમાં શાંતિનિકેતનની વસતી બધી બંધ બારણે જંપી ગઈ હોય ત્યારે કવિ ખુલ્લા વરંડામાં બેસીને સીમાડા સુધી પથરાતા ધરતીપટને ધરાઈને લોચનમાં ભરી રહેતા. અંધકારના ગર્ભમાંથી અવતરતા ગુલાબી પ્રભાતનું પાન કરતા પોતાના પ્યારા સૃષ્ટિલોકમાં ખોવાયેલા રહેતા. પણ હવે ? બંધ ખંડમાં બંદીવાન બનેલા કવિ અચાનક નીંદરમાંથી ઝબકીને જાગી જતા ત્યારે એમણે પૂછવું પડતુ, 'અત્યારે દિવસ છે કે રાત?' કવિ વાદળાં જોવા પામતા નહોતા, ઋતુચક્રના રંગપલટા અદ્રશ્ય થયેલા. જીવનના વૈવિધ્યને આકંઠ ચાહનાર આ જીવ : કોઈ જગ્યાએ ઠરીઠામ થઈને રહેવાનું એણે જાણ્યું નહોતું, એક જ ઘરમાં એમનો કદી વાસ નહોતો. ધામેધામના આ નિત્ય પ્રવાસી માટે આજે બાજુના ખંડમાં જવું મુશ્કેલ હતું. આ કારાગારમાં એમનું મન કદાચ મુલકમુલકનાં ભૂમિપટ, નગરો ને નદીઓને ઝંખતું હશે, પોતાની પ્રિય સરિતા-સખી પદ્માની સાંભરણો અંતરને તીરે ટોળે વળતી હશે, છેલ્લી વાર તેનો સંગ માણવા દોડી જવાનું દિલ થતું હશે.

બીમારી પછી રવીન્દ્રનાથની નિદ્રા ખળભળી ગઈ હતી. તરેહતરેહનાં સપનાં આવતાં, અને ઊંઘમાં પણ એ વાતો કરતા. પરોઢે બે વાગતાં જાગી જતા. પછી વાતો કરતા અથવા કોઈ સાહિત્યકૃતિ લખાવતા. એવો કોઈ વિષય ન હોય જે વિશે વાત કરવા એ ઉત્કંઠ ન હોય. જ્ઞાનના કોઈ ક્ષેત્ર માટે એને નીરસભાવ નહોતો.

શાંતિનિકેતનથી વિદાય થવાના દિવસે અમે વંદના કરવા ગયાં. એ ઢળતી બપોરે જાણે રાત હોય એવો અંધકાર કવિવરના બંધ ખંડને ઘેરતો હતો. ખૂણામાં નાના લેમ્પનો આછો પ્રકાશ ઝરતો હતો. કવિ આંખો મીંચીને પથારીમાં સ્થિર પડ્યા હતા. અમારા આગમનની જાણ થઈ ત્યારે એમણે પાંપણો અરધી ઊંચકી. આશિષ આપવા બન્ને હાથ ઊંચા કરવા ઉપાડ્યા ખરા, પણ અધવચ્ચે પાછા નમાવી લેવા પડ્યા.

('રવીન્દ્ર સાન્નિધ્યે' પુસ્તકમાંથી ટૂંકાવીને)

## (૦૯) શિષ્યઘેલા સર તપ્તસિંહ પરમાર

**- નટવર આહલપરા**

સ્મરણ છે ૧૯૭૫નું. મેં ભાવનગર સનાતન ધર્મ વિવિધલક્ષી હાઈસ્કૂલમાં ટેકનિકલ વિષય સાથે મેટ્રિકની પરીક્ષા આપી હતી. માંડમાંડ પાસ થયો હતો. વિશ્વકર્મા પુત્ર મારા પિતા પુરુશોત્તમભાઈ ડેમ બાંધવાના અને રેલવેનાં મકાન, ક્વાર્ટર બનાવવામાં પાવરધા હતા. બે ચોપડી જ ભણેલા છતાં ગણિત તો એમનું જ હતું. કેલ્ક્યુલેટર કરતાં બમણી ઝડપથી ગણતરી કરી આપે. પણ બંદા ગણિત વિષયમાં ચઢાવો પાસ! ઈજનેર બનવું હતું... એમ ઈજનેર થોડું બનાય?

હતાશ થઈ ભાવનગર વળિયા આર્ટસ અને મહેતા કૉમર્સ કૉલેજમાં પ્રિ.કૉમર્સમાં પ્રવેશ લીધો. અર્થશાસ્ત્ર, નામું, આંકડાશાસ્ત્ર જેવા વિષયો. કાંઈ ગતાગમ પડે નહીં. માંડમાંડ, જેમતેમ કરી પાસ થયો. મૂંઝાયો. શું કરવું?

એમાં જોગાનુજોગ તપ્તસિંહ પરમાર કૉલેજમાં આચાર્યપદે આવ્યા. એમને મળ્યો. મૂંઝવણ રજૂ કરી. એ સમયે જે વિદ્યાર્થીએ પ્રિ.કૉમર્સ કે પ્રિ.સાયન્સ કર્યું હોય તેને એફ.વાય.આર્ટસમાં પ્રવેશ મળતો હતો. ગુરુજીએ મને એફ.વાય. આર્ટસમાં પ્રવેશ લેવા હિંમત આપી હતી અને પછી તો લોટરી લાગી હતી.

૧૯૭૭માં ભાવનગર શહેર યુવક મહોત્સવ હતો. ઓપનઍર થિયેટરના રંગમંચ ઉપર અમે 'આકૃતિ' નાટ્ય સંસ્થાના મિત્રોએ 'પાંચ પાંડવ અને એક દ્રૌપદી' એકાંકી ભજવ્યું હતું. મેં સહદેવનું પાત્ર ભજવેલું. અમારું નાટક પ્રથમ આવ્યું અને તપ્તસિંહ પરમાર મંચ ઉપરથી બોલેલા કે, ''સહદેવનું પાત્ર પણ મને બહુ જ ગમ્યું છે. સહદેવે, બે પીડા સહન કરવાની હતી.'' પણ પછી તો કૉલેજના વાર્ષિકોત્સવમાં મને નાટક રજૂ કરવાની તક આપી હતી.

અમે મિત્રો જયેશ ભટ્ટ, કૈલાસ ભટ્ટ, પથિક પરમાર, હિતેશ દેવલુક, મધુ દવે, જયદેવ વાળા, ભરત જોષી, પાર્થ મહાબાબુએ એમ.જે.કૉલેજ ઑફ કૉમર્સમાં આદર્શ કલબ નામે સાહિત્યસંસ્થા શરૂ કરી હતી. તપ્તસિંહ પરમાર ઘણી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. અને અમને પ્રોત્સાહન-માર્ગદર્શન આપતા રહ્યા હતા.

૧૯૮૦માં કૉલેજનો વાર્ષિકોત્સવ હતો. હું દુબળો હતો. ખભે થેલો રાખતો. કલાકારનો વહેમ તો હોય જ.ઉત્સવમાં ફીશપોન્ડનો કાર્યક્રમ પણ હતો. મારા નામનો ફીશપોન્ડ નિકળ્યો. તેમાં લખ્યું હતું : ''તપ્તસિંહ પરમાર સરની એક્ટીંગ કરો!''

મર્યા! પરમાર સાહેબ, સામે બેઠા હોય અને તેમની નકલ. કેવી રીતે થાય? પણ તરત જ સાહેબે મને એક્ટીંગ કરવા કહ્યું હતું. મેં એક્ટીંગ કરી પણ સાહેબે પાંચ રૂપિયાનું ઈનામ આપ્યું અને શાબાશી આપી હતી.

૧૯૭૯માં 'શ્વાસ' નામની પહેલી ટૂંકી વાર્તા મેં લખી અને પરમાર સાહેબને વાંચવા, મઠારી આપવા વિનંતી કરી. વાર્તાને અભિવ્યક્તિ પરિવાર, અમદાવાદ દ્વારા આયોજીત ટૂંકીવાર્તા સ્પર્ધામાં ગુજરાત કક્ષાનું બીજું ઈનામ મળ્યું અને ગુરુજીના માર્ગદર્શનથી આકાશવાણી રાજકોટમાં પ્રસારણ અર્થે મોકલી હતી. કેન્દ્ર નિયામક શ્રી હસમુખ રાવલે શ્રી કિરીટ નકુમ અને સુશ્રી સવિતા પટ્ટણીના અવાજમાં સાઉન્ડ્ક સાથે પ્રસ્તુત કરી હતી.

પછી તો ત્રણ-ચાર વર્ષ દસ-બાર વાર્તા લખી હતી અને સાહેબે મઠારી આપી, વળી પ્રથમ વાર્તા સંગ્રહ 'શ્વાસ'ની પ્રસ્તાવના પણ લખી આપી હતી તેના ફળ સ્વરૂપ પુસ્તક અવતર્યું અને શ્રી સિતાંશુ યશ્ચચંદ્રના વરદ હસ્તે પ્રા.જયંત વ્યાસ, પ્રા.વિનોદ જોશી અને શ્રી મહેન્દ્ર ગોહિલની ઉપસ્થિતિમાં એસ.એન.ડી.ટી. કોલેજમાં વિમોચન થયું હતું તેમાં ગુરૂજીના આશીર્વાદ ભળ્યાં હતા.

તપ્તસિંહ પરમારનું માર્ગદર્શન, વાત્સલ્ય હું રાજકોટ આવ્યો છતાં મળતું જ રહ્યું હતું. ૧૯૯૯ સુધીમાં ૧૫ જેટલી ટૂંકીવાર્તાઓ લખાઈ હતી. તપ્તસિંહ પરમારને 'કોરો

કેનવાસ' વાર્તાસંગ્રહની પ્રસ્તાવના-વિમોચન કરવા વિનંતી કરી. મારી બંને વિનંતી સ્વીકારી અને વર્ષ ૨૦૦૦માં રાજકોટમાં મારા નિવાસે મહેમાન બન્યા. અરવિંદભાઈ મણિયાર હોલમાં પુસ્તકનું વિમોચન કર્યું હતું. આજે પણ મારા પત્ની હેતલને, પુત્રો ગુંજન, રવિ, તરૂણ અને મારા મિત્ર શશીકાંતભાઈની દીકરી શ્રદ્ધાને ભૂલ્યા નથી! સાહેબ, હું તો ગુરુજીના વાત્સલ્યથી અવાર-નવાર ભીંજાતો જ રહું છું.

સરે, સમારંભ પત્યાના ચોથા જ દિવસે આંતરદેશીય પત્ર મને લખી મોકલ્યો : 'નટવર તથા હેતલ, ગુંજન, રવિ, તરુણ, શ્રદ્ધા, ધોળકિયા સાહેબ તમે સૌએ મને લાગણીના ભાર નીચે દાબી દીધો.'

મારા મિત્ર, કવિ પ્રદીપ રાવલ-સુમિરને મેઘાણી અને મડિયાની નવલકથા ઉપર પી.એચ.ડી. કર્યું છે. તે ગ્રંથને પણ ઉમળકાથી અને જીણવટથી તેમણે જોઈ આપ્યો હતો.

વચ્ચે એક પ્રસંગ મને યાદી આવી ગયો. હું ૧૯૮૫-૮૬માં ભાવનગર લીઓ કલબમાં પ્રમુખ હતો. ભાવનગર શહેરની શાળા-મહાશાળાની વક્તૃત્વ સ્પર્ધા કરી હતી. નિર્ણાયક પદે રાજી થઈ તખ્તસિંહ પરમાર આવ્યા અને વક્તૃત્વ અંગે તટસ્થ નિર્ણય તો આપ્યો સાથો સાથ સુંદર ટિપ્સ આપી હતી.

બાપુજી, ગુરૂજી અને પ્રા.તખ્તસિંહ પરમાર સાહેબ મારા જેવા હજારો વિદ્યાર્થીઓની અમૂલ્ય પાઠશાળા હતા, છે અને સદાય રહેશે. એમની અનેક શિખે મને આજ પર્યંત સજાગ રાખ્યો છે. ક્યારેક આપણે છાપા વાંચવાની કે નગરના કાર્યક્રમો જાણવાની આળસ કરી જતા હોય છે પણ તેમ મેં પણ ધ્યાન આપેલું નહીં. સાહેબનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે, તા.૦૭-૧૦-૨૦૦૧ના રોજ હું રાજકોટ હતો. પ્રા.ડો.અનંતરાય દવે લિખિત પુસ્તક 'ધુમકેતુનું વાર્તા વિશ્વ'નું વિમોચન મેં કર્યું હતું. તું કેમ ન આવ્યો? મને આશા હતી કે તું જરૂર આવીશ.' મને ઘણું દુઃખ થયું હતું.

એક વાર મારે ભાવનગર લોકિકે જવાનું થયું હતું. મને એમ કે લોકિકે ગયાં પછી કોઈને મળવા ન જવાય. ગુરુજીને ખબર પડી. કાગળમાં મને લખ્યું હતું : ''લોકિકે આવ્યા હો તો પણ મારે ત્યાં આવી શકાય. હું જૂનવાણી નથી.''

સાહેબ, આવો સ્નેહ કયાં મળે?

ભાવનગર જવાનું હતું એટલે 'કોરો કેનવાસ' પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં ફોટા પણ સાથે લીધા હતા. બપોરના ૧૨ વાગ્યા હતા. તખ્તસિંહ પરમાર ગરમગરમ ઢોકળા જમતા હતા. મને પણ સાથે પ્રેમથી ઢોકળા જમાડ્યા હતા. એ વેળાએ હું માતા સરસ્વતીને ગદ્‌ગદિત થઈ મનોમન વંદી રહ્યો હતો.

હું રાજકોટ હોવા છતાં કોઈ ના કોઈ બહાને પ્રસંગે ભાવનગર તો આવતો જ રહેતો હતો. તા.૨૨-૦૫-૨૦૦૫ન રોજ શિશુવિહાર પ્રા.તખ્તસિંહ પરમારની બુધસભામાં ઉપસ્થિતિ હતી. ગુણવંત ઉપાધ્યાય, અરૂણ દેશાણી, અજય પાઠક, હરીશ પંડ્યા, કવિ મિત્રોએ કાવ્યપાઠ કર્યો. હું બીતા બીતા એક લઘુકથા સાથે લઈ ગયો હતો પણ મને એમ કે અહીં બુધસભામાં લઘુકથા થોડી વંચાય? પણ ત્યાંતો પરમાર સાહેબે સામેથી કહ્યું : ''લઘુકથા લાવ્યો છો?'' અને મેં એમની સામે લઘુકથા પઠન કર્યું હતું. જાણે કોઈ મોટો પુરસ્કાર મળ્યો ન હોય?

હું સને ૧૯૮૩માં શામળદાસ આર્ટ્સ કોલેજ, ભાવનગરમાં એમ.એ.નો અભ્યાસ કરતા હતો. અમે વિદ્યાર્થી મિત્રોએ મહુવા પ્રવાસનું આયોજન કર્યું. પ્રા.તખ્તસિંહ પરમાર, પ્રા.દક્ષાબેન પટ્ટણી, ખોડીદાસ પરમાર સાહેબ સાથે અમે મહુવા પહોંચ્યા. મહુવાથી ભવાની માતાના દર્શને, દરિયા કિનારે, નાળિયેરના પ્લાન્ટેશન વ. સ્થળે જવાનું હતું.

નક્કી કરેલું વાહન ન આવ્યું. માંડ માં એક શબવાહિની મળી. શબવાહિની તો શબવાહિની. બધાએ પ્રવાસનો આનંદ ખૂબ માણ્યો તો ખરો પણ ગુરૂજીનું સાનિધ્ય અમને બહું જ પ્રભાવિત કરી ગયું હતું.

અનેક હૃદયસ્પર્શી સ્મરણોમાં એક સ્મરણ મેં આજે પણ જીવની જેમ સાચવ્યું છે. ભાવનગરથી રાજકોટ આવ્યાને ત્રણ દાયકા વીત્યા. તખ્તસિંહ પરમારના પંદર

વર્ષ સુધી લાગલગાટ પત્રો મને મળ્યાં છે. પત્રો મેં જીવની જેમ સાચવ્યા છે. નૂતનવર્ષે મને અને પરિવારને આશીર્વાદ આપતો પત્ર તો અવશ્ય લખે. અઢાર વર્ષ પૂર્વે લખેલા પત્રનો અંશહ અહીં પ્રસ્તુત છે.

વિદ્યાનગર
ભાવનગર ૩૬૪૦૦૨
તા.૭-૩-૨૦૦૦

પ્રિય નટવર,

૨૦૦૦ની મહાશિવરાત્રિ મારા માટે યાદગાર દિવસ બની રહેશે. તમારા સૌનો સ્નેહ અને આભાર પરમ પિતાનો, હિમતભાઈ પ્રેમપૂર્વક લઈ આવ્યો. બસમાં જ દેવજીભાઈનો સત્સંગ થયો. ખૂબ મજા આવી. લીમડા ચોકમાં તમે સૌએ ભવ્ય સ્વાગત કર્યું, કૃષ્ણકાંતભાઈ ધોળકિયાનો પરિચય એક જ દિવસમાં માત્ર થોડા કલાકમાં મૈત્રીમાં પરિણમ્યો. અ.સૌ.હેતલબહેને મારા સ્વાગતમાં ફળ-મેવો ધર્યા. ફળાહારમાં તો રીતસર અન્નકુટ જ. જ્ઞાનગંગા જોઈ પ્રસન્નતા અનુભવી, એ પ્રવૃત્તિ માત્ર ધંધાદારી ન રહેતાં શિક્ષણ-મૂલ્યોની માવજત કરનારી સંસ્થા હોઈ- પ્રવૃત્તિ હોય તેવો અનુભવ થયો. કાર્યક્રમો ખૂબ ભાવપૂર્ણ રહ્યા. શાલ-ગણપતિ જ પર્યાપ્ત હતા. ત્યાં રૂ.પાંચસો પણ તમે આપ્યા. દબાઈ ગયો છું હું તમારા સ્નેહ નીચે. અ.સૌ. હેતલબહેન, ચિ. ગુંજન, રવિ, તરુણ તથા શ્રદ્ધાને સ્મરણાશિષ.

'બોનસાઈ' જોઈ ગયો. મધુકાન્તભાઈને મારાં સ્મરણ. બસમાં કેવી રીતે બેઠા એની વાત તો કૃષ્ણકાન્તભાઈએ કરી હશે.

સૌને સ્મરણ...

પરિવાર સાથે અહીં આવો. ગુંજન, રવિ, હેતલ પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થાય તેવી શુભકામનાઓ.

-ગુરુજીના આશીર્વાદ

ભાવનગર સનાતન ધર્મ વિવિધ હાઈસ્કૂલમાં ૧૯૬૮થી ૧૯૭૫ સુધી ભણ્યો હતો. સનાતન હાઈસ્કૂલનું વર્ષ ૨૦૦૬માં શતાબ્દી વર્ષ ઊજવાયું હતું. તખ્તસિંહ પરમારની અધ્યક્ષતામાં પ્રતિષ્ઠિત અને વરિષ્ઠ કવિઓનો મુશાયરો યોજાયો હતો. શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી અને કવિ તરીકે મને ગુરુજીની બાજુમાં બેસવાનું અને કાવ્યપાઠ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

વંદનીય ગુરુજી તખ્તસિંહ પરમારનો જન્મ તા.૦૯-૧૧-૧૯૧૯ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના કુકડા ગામે થયો હતો. તેમના મોટા સુપુત્ર જગદીશસિંહ સાથે હું વળિયા કૉલેજમાં ભાવનગર ભણ્યો હતો. બીજા નંબરના પુત્ર અશોકસિંહ ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવે છે તેમની સાથે પણ ગાંધીનગર અનેક વાર મળવાનું બન્યું છે. અને ત્રીજા નંબરના નાના સુપુત્ર સાહિત્યકાર શ્રી મહેન્દ્રસિંહ પરમાર ભાવનગર યુનિ.માં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં ફરજ બજાવે છે. તેમની સાથે પણ અવારનવાર સાહિત્યિક કાર્યક્રમોમાં હું હોઉં છું.

જ્યારે જ્યારે ભાવનગર ગુરુજીની વંદના કરવા જાઉં ત્યારે ત્યારે પૂ.બાનું વાત્સલ્ય પણ મળતું જ રહે છે.

મને તથા મારા પરિવારને ભાવનગરથી રાજકોટ આવ્યા બત્રીસ વર્ષ થયાં છે. એક પણ વર્ષ એવું પસાર નથી થયું કે ગુરરુજીના આશીર્વાદના પત્રો ન આવ્યા હોય અથવા રૂબરૂ મળવાનું બન્યું નહીં હોય. ખરેખર, ગુરુ આશિષ વિના બધું મિથ્યા છે. એમનું મારા પ્રત્યેનું વ્હાલ અને વિદ્યારસ જાણે ખળખળ વહેતું ઝરણું છે. શિષ્યઘેલા અને અવિરત લાગણી વ્યક્ત કરતા ગુરુજી પ્રા.તખ્તસિંહ પરમાર સાહેબને કોટિ કોટિ વંદન.

----------------------------

શ્રી તખ્તસિંહ પરમાર તા. ૦૯-૧૧-૨૦૧૮ના રોજ ૧૦૦મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે ત્યારે આપણે સૌ, વંદના સાથે કહીએ : 'શતમ્ જીવમ શરદ' આપ વાચકો પણ એમની વંદના કરીને પ્રતિભાવ પત્ર લખી શકો છો.

----------------------------

'શ્રી રામ નિવાસ', શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર મો.૯૪૨૯૫૦૩૨૬૮

----------------------------

'શ્રી પવનતનય' પ્લૉટ નં.૬૫ ડી/એ, વિમલનગર શેરી નં.૩, રાજકોટ-૫ મો. નં.૯૭૭૪૦૦૯૦૪૨

## (૧૦) તર્કસંગત પ્રત્યુત્તર - હરીફને કરે નિરુત્તર

- રણછોડ શાહ

સારા વિચારો અને સારી સંગત વ્યક્તિને પ્રગતિના પંથે જ લઈ જાય. આજની તાણયુક્ત જિંદગીની વચ્ચે પણ અનેક લોકો સતત વિધેયાત્મક ચિંતન અને મનન કરતાં નજરે પડે છે. આ દુનિયામાં સારી અને ઉદાહરણીય બાબતો કઈ કઈ છે તેની શોધખોળમાં જ તેઓ વ્યસ્ત રહે છે. તેમની નજર ફૂલના સૌંદર્ય ઉપર હોય છે. કાંટા તરફ તેઓ દુર્લભ સેવે છે. તેઓ પ્રત્યેક પ્રસંગમાંથી સારા મુદ્દા તારવી તેના પ્રચાર અને પ્રસાર માટે મંડી પડે છે.

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું થાય છે. તેમાંથી કોણ સારું અને કોણ નરસું તેની પસંદગી કરવામાં જ વ્યક્તિનું ડહાપણ સમાયેલું છે. નિરાશાવાદી, નિંદાખોર અને નકારાત્મક વિચારો ધરાવતા મિત્રોની પસંદગી કરતી વ્યક્તિને સારી સોબત ક્યાંથી સાંપડે ? સારી મૈત્રી શોધવાની પ્રક્રિયા તો અનાજમાંથી કાંકરા નહીં પરંતુ કાંકરામાંથી અનાજ શોધવા જેટલી કઠિન છે. એક કવિએ પ્રભુ ભક્તિ નીચેની કાવ્ય પંક્તિમાં વ્યક્ત કરી છે.

"નથી કરવા નફા-નુકશાનનાં સરવાળા-બાદબાકી,
આજ મળી છે ખુશી, મને એના ગુણાકાર કરવા દે.
મળી જેમને હું મારું અસ્તિત્વ પણ ખોઈ બેસું છું,
એવા મિત્રોમાં મને તારો સાક્ષાત્કાર તો કરવા દે."

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈનના જીવનમાં એક ઘટના ઘટી, જે સારી વ્યક્તિઓના સંપર્કથી શું પ્રાપ્ત થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આઈનસ્ટાઈન 'સાપેક્ષતાવાદના સિદ્ધાંત'(Theory of relativity) માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે. વિશ્વને આ મૂલ્યવાન સિદ્ધાંતની ભેટ આપનાર વૈજ્ઞાનિક તરીકે તેઓ સમગ્ર વિશ્વમાં જાણીતા છે.

'સાપેક્ષતાવાદ'ને સમજાવવા તેઓશ્રી પૂરી દુનિયામાં ભ્રમણ કરતા હતા. તેમનાં પ્રવચનો એટલે જ્ઞાનનો અખૂટ ભંડાર. તેમની સાથે તેમના ડ્રાઈવર પણ વિવિધ સ્થળોએ જતો. ડ્રાઈવર તમામ પ્રવચનો ધ્યાનથી સાંભળી, શક્ય તેટલી બાબતો સમજવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતો. એક દિવસ ડ્રાઈવરે આઈનસ્ટાઈનને જણાવ્યું, "મેં તમારા તમામ પ્રવચનો સાંભળ્યા હોવાથી સાપેક્ષતાવાદ મને પણ બરાબર સમજાઈ ગયો છે. વળી એટલો સરળ છે કે હવે હું પણ તેના ઉપર પ્રવચન આપી શકું."

આ સમયે ગુસ્સે થવાને બદલે આઈનસ્ટાઈનને આનંદ થયો કે તેઓનો સિદ્ધાંત હવે તો સામાન્ય વ્યક્તિને પણ સમજાઈ ગયો. તે દિવસોમાં પ્રસાર માધ્યમો આટલા બધા નહોતા. તે સંજોગોમાં લોકો આઈનસ્ટાઈન વિશે જાણતા હતા. પરંતુ તેમને જોવાનો લ્હાવો મળતો નહીં. તેઓ ઓળખની રીતે સમાજથી અપરિચિત હતા. એક દિવસ તેઓએ ડ્રાઈવરને કહ્યું કે આજે મારી જગ્યાએ તારે પ્રવચન આપવા જવાનું છે. ડ્રાઈવરે આઈનસ્ટાઈન જેવાં કપડાં પહેરી વૈજ્ઞાનિકની અને આઈનસ્ટાઈને ડ્રાઈવર જેવા વસ્ત્રો પહેરી પોતપોતાની વેશભૂષા તૈયાર કરી લીધી. તેઓ પ્રવચન આપવા માટે હોલ ઉપર ગયા. આઈનસ્ટાઈન હોલમાં છેલ્લી લાઈનમાં બેસી પ્રવચન સાંભળવા લાગ્યા.

ડ્રાઈવરે સ્ટેજ ઉપર જઈ અત્યંત સહજ રીતે કુશળતાપૂર્વક સિદ્ધાંત સમજાવી દીધો. શ્રોતાઓને કોઈ શંકા પણ ન ગઈ. પ્રવચનના અંતે પ્રશ્નોત્તરી થઈ. મોટાભાગના પ્રશ્નોના ઉત્તર અગાઉના વકતવ્યોમાં આઈનસ્ટાઈને આપ્યા હોવાથી ડ્રાઈવરને કોઈ તકલીફ પડી નહીં.

પરંતુ છેલ્લે એક પ્રશ્ન એવો આવ્યો કે ડ્રાઈવર પાસે તેનો ઉત્તર નહોતો. આવો સવાલ અગાઉ કોઈએ પૂછ્યો નહોતો જેથી ડ્રાઈવરને તેનો જવાબ આવડતો નહોતો. તેની સમક્ષ સમસ્યા ઊભી થઈ ગઈ. પરંતુ સોબતના સહારે ઉકેલ શોધવામાં સફળ થયાં. ગણતરીની સેકન્ડમાં, ગભરાયા વિના જવાબ આપ્યો, "મિત્રો, આ સવાલ તો એટલો બધો સહેલો છે કે તેનો ઉત્તર તો છેલ્લી લાઈનમાં બેઠેલ મારો ડ્રાઈવર

પણ આપી શકશે. તેમને વિનંતી કરું છું કે તેઓ આ પ્રશ્નનો જવાબ આપે."

આઈનસ્ટાઈન ડ્રાઈવરના હાજરજવાબીપણાથી ખુશ થઈ ગયા. તેઓ સીધા સ્ટેજ ઉપર પહોંચી ગયા. પ્રશ્નનો ઉત્તર આપી દીધો. તેની વિગતવાર સમજ પણ આપી દીધી. કાર્યક્રમ સારી રીતે સંપન્ન થઈ ગયો.

જીવન કેવા પ્રકારની વ્યક્તિ સાથે પસાર થાય છે તેના ઉપર પ્રગતિનો આધાર છે. આઈનસ્ટાઈન જેવી વિશ્વ વિભૂતિની ગાડી ચલાવતો અભણ ડ્રાઈવર પણ હોંશિયાર થઈ શક્યો. તેથી તો આપણે કહીએ છીએ : "જેવો સંગ તેવો રંગ." આપણી આજુબાજુ અનેક સજ્જનો રહે છે, તો દુર્જનોની પણ આ સમાજમાં ખોટ નથી. વ્યક્તિએ કોને પસંદ કરવા અને કોને છોડી દેવા, તે જાતે સૂઝબૂઝથી નક્કી કરવું પડે છે. આવું જ એક ઉદાહરણ પ્રાણીજગતમાંથી પણ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટાંત વ્યવસ્થાપનના (Management) પાઠ્યક્રમમાં નથી, પરંતુ વ્યવહારમાંથી પ્રાપ્ત થાય છે.

એક દિવસ એક કૂતરો જંગલમાં ફરતો હતો. તે તેના ઘરનો રસ્તો ભૂલી ગયો હતો. ત્યાં તો સામેથી ગર્જના કરતા સિંહને આવતો જોયો અને તેના મોતિયાં મરી ગયાં. તે ધ્રૂજી ઉઠ્યો. તેને લાગ્યું હવે 'રામ બોલો, ભાઈ, રામ' થઈ જ જશે. પરંતુ ત્યાં તો તેને રસ્તામાં વેરાયેલાં સૂકાં હાડકાંના ટૂકડાઓ જોયા. તેને તરત એક યુક્તિ સૂઝી. તે સિંહ તરફ પીઠ ફેરવી બેસી ગયો. એક હાડકું મોંમાં લઈ ચૂસવા લાગ્યો. મોટે મોટેથી બોલવા લાગ્યો, "સિંહને મારી નાંખી, તેને ખાવાની તો કંઈક મજા જ જુદી હોય છે. જો બીજો એક સિંહ મળી જાય તો મિજબાની થઈ જાય !" આમ બોલી તે જોર જોરથી ભસવા લાગ્યો. સિંહ આ સાંભળી વિચારમાં પડી ગયો. તેને વિચાર આવ્યો કે આ કૂતરો તો સિંહનો શિકાર કરી તેને મારી નાંખી ખાઈ જાય છે. માટે તેનાથી તો દૂર રહેવું જ સારું તેમ સમજીને તે ત્યાંથી ભાગી ગયો. ઝાડ ઉપર બેઠેલો વાંદરો આ ખેલ જોઈ રહ્યો હતો. તેને વિચાર આવ્યો કે જંગલના રાજા સાથે મૈત્રી કરવાની આ એક ઉત્તમ તક છે. જો સિંહ સાથે દોસ્તી થઈ જાય તો પછી તે પણ રાજાની જેમ જંગલમાં ફરી શકે ને ! તે વહાલો થવા માટે સિંહ પાસે પહોંચી ગયો. કૂતરાએ કરેલી ચાલબાજી કહેવા માટે તે અધીરો બની ગયો.

કૂતરાને લાગ્યું કે આ લુચ્ચું વાંદરું મારી વિરુદ્ધ કંઈક કરી રહ્યું છે. કાંઈ ગરબડ લાગે છે. વાંદરાએ સિંહ પાસે પહોંચી તેને કઈ રીતે કૂતરાએ બેવકૂફ બનાવ્યો તે તમામ વાતો જણાવી દીધી. સિંહ ખૂબ ક્રોધે ભરાઈ ગયો. તેણે કૂતરાને ફાડી ખાવાનો નિર્ણય કરી લીધો. સિંહે વાંદરાને પીઠ ઉપર બેસાડી લીધો અને જ્યાં કૂતરો હતો તે તરફ દોડવા લાગ્યો.

કૂતરાએ સિંહને પોતાના તરફ આવતો જોઈને સમજી ગયો કે નવી મુસીબત આવી રહી છે. પરંતુ પોતાનામાં હતી તે સઘળી તાકાત ભેગી કરીને પુનઃ સિંહ તરફ પીઠ ફેરવીને બેસી ગયો. તેણે બીજી યુક્તિ લડાવી. બરાડા પાડી પાડીને જોર જોરથી બોલવા લાગ્યો, "વાંદરાને એક કલાકથી સિંહને શોધવાનું કહ્યું છે પરંતુ બેવકૂફ હજુ સુધી પાછો આવ્યો નથી. સિંહને પટાવીને લઈ આવતાં મૂરખને કેટલીવાર લાગે છે ?" આ સાંભળીને સિંહે તુર્ત જ તેની પીઠ ઉપર બેઠેલા વાંદરાને નીચે પાડી નાંખ્યો અને તેના ઉપર હુમલો કર્યો.

મુશ્કેલીભરી પરિસ્થિતિમાં ક્યારેય વિશ્વાસ ગુમાવવો જોઈએ નહીં. એવા લોકોની મૈત્રી રાખવી જોઈએ કે જેઓ મુશ્કેલીના સમયમાં મદદ કરે. વાંદરાઓથી આ સમાજ ભરેલો છે, તેઓને શોધી કાઢી તેમનાથી દૂર રહેવું સારું. તેઓ ક્યારે દગો કરશે તે કહી શકાય નહીં. મિત્ર હોંશિયાર હોય તો સારું પરંતુ તેનાથી વિશેષ તો તે વફાદાર અને વિશ્વાસુ હોય તે આવશ્યક છે. નજીકની વ્યક્તિઓની પસંદગી કરતી વખતે અત્યંત કાળજી રાખવી જોઈએ. હરીફને હરાવવાનો ઉત્તમ રસ્તો છે, તેને તર્કબદ્ધ જવાબ આપી નિરુત્તર બનાવી દેવો જોઈએ.

"મશહૂર થઈને, ઓળખ ઊભી કરવાનો શોખ મને ક્યાં છે,
મને તો, મારા નજીકના લોકો ઓળખે એ જ ઘણું છે."

●---------●●●--------●●●---------●

મેનેજિંગ ટ્રસ્ટી, ઍમિટિ સ્કૂલ, ભરૂચ, સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

## (૧૧) એક અનોખો સેવાયજ્ઞ

- માલતી શાહ

આ સૃષ્ટિ ઉપર એવા કેટલાક ક્રાંતદૃષ્ટા સજ્જનો હોય છે કે જેઓ આ દુર્લભ માનવજન્મમાં પોતાને મળેલ તન-મન-ધનની સર્વ શક્તિઓ સત્કાર્યોમાં વહાવ્યાં જ કરે છે. આવા અમૂલ્ય માનવરત્નોમાંનું એક નામ એટલે શ્રી મહેશભાઈ ભણશાલી. 'રોગી મેરા ભગવાન હૈ' આ ભાવના સાથે તેમના દ્વારા શરૂ કરાયેલ એક અનોખા સેવાયજ્ઞમાં સામેલ થવાનો નાનકડો અનુભવ પ્રાપ્ત થયો જે અનેકને માટે પ્રેરણાસ્ત્રોત રૂપ બની શકે છે.

અત્યારે જિંદગીના પંચોતેર વર્ષના પડાવને વટાવી ચૂકેલ શ્રી મહેશભાઈએ પોતાની સોળ વર્ષની ઉંમરે લગ્ન ન કરવાનો નિર્ણય લઈ લીધો હતો. બનાસકાંઠામાં વસતા તેમના કુટુંબમાં 'થોડામાંથી થોડું' કાઢીને પણ પોતે મેળવેલ ધનનો સત્કાર્યોમાં સદુપયોગ કરવાની પરંપરા હતી જેની પૂરેપૂરી અસર તેમના કુટુંબના નાના-મોટા સભ્યો ઉપર પડેલી. પિતાશ્રીને હાથીદાંતના ચૂડા બનાવવાનો વ્યવસાય. સાત ભાઈઓમાં બીજા નંબરના શ્રી મહેશભાઈએ મિકેનિકલ ઍન્જિનિયર તરીકેનું ભણતર પૂરું કર્યું તે ગાળામાં તેમણે સેવાનો એક મોકો ઝડપી લીધો. ઈ.સ.૧૯૬૭માં બિહારમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે તેમણે શ્રી જયપ્રકાશ નારાયણજીના માર્ગદર્શન નીચે બોધગયા (જિ.ગયા, બિહાર)માં આવેલ 'સમન્વય આશ્રમ'ના સહયોગથી આજુબાજુના ગામડાંઓમાં ફરીને લોકકલ્યાણ માટે રાહતકાર્ય શરૂ કર્યું.

આ 'સમન્વય આશ્રમ'માં અમારી મુલાકાત ૨૫મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ તેના સ્થાપક અને ઈ.સ.૧૯૨૨માં જન્મેલ એવા વરિષ્ઠ શ્રી દ્વારકોજી સુંદરાની સાથે થઈ. આ આશ્રમની સ્થાપનાની વાત કરતાં તેઓએ ખૂબ સહજ ભાવે જણાવ્યું કે ઈ.સ.૧૯૫૪માં શ્રી વિનોબાજીએ તેમને બોધગયામાં રહીને લોકકલ્યાણનાં કાર્યો કરવાનો આદેશ આપ્યો. આ આદેશને ઝીલી લઈને શ્રી દ્વારકોજીએ આ 'સમન્વય આશ્રમ'ને પોતાનું આજીવન કાર્યક્ષેત્ર બનાવેલ છે. આ આશ્રમમાં આજુબાજુના ગ્રામ્ય પ્રદેશના બાળકોને રહેવા-જમવાની સગવડ આપીને તેમના શૈક્ષણિક વિકાસ તરફ પૂરું ધ્યાન આપવામાં આવે છે.

શ્રી મહેશભાઈએ ઈ.સ.૧૯૬૯માં 'ભણશાલી ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને લોકકલ્યાણનાં કાર્યો શરૂ કર્યાં. ઈ.સ.૧૯૮૪માં આ 'સમન્વય આશ્રમ'ના સહયોગથી બોધગયામાં સૌપ્રથમ વખત એક મહિના માટેની નિઃશુલ્ક 'નેત્રચિકિત્સા શિબિર'ની આ ટ્રસ્ટ દ્વારા શરૂઆત થઈ. આજુબાજુનાં ગામડાંઓના આંખના રોગના ૨૦૦૦ દર્દીઓના અહીં પહેલાં વર્ષે ઓપરેશનો કરવામાં આવ્યા, ત્યારથી આ નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિર ચાલુ જ છે. દર વર્ષે લગભગ દિવાળી પછી આવતી લાભપાંચમ (કારતક સુદ પાંચમ)ના દિવસે આ શિબિર શરૂ થાય છે. ઈ.સ.૨૦૧૭માં યોજાયેલ છેલ્લી ૩૫મી નેત્રચિકિત્સા શિબિરમાં ૪૪,૦૦૦ (ચુમ્માલીસ હજાર) દર્દીઓનાં આંખનાં ઓપરેશનો કરવામાં આવ્યાં, જેને આ શિબિરની સફળતા દર્શાવવા માટેનો સૂચક આંક ગણી શકાય. દર વખતે એક મહિનો ચાલતી આવી ૩૫ શિબિરોમાં થયેલા આંખના રોગીઓના ઓપરેશનનો આંક સાત લાખની સંખ્યા સુધી પહોંચી ગયો છે.

દર વર્ષે આ નેત્રચિકિત્સા શિબિર શરૂ કરતાં પહેલાં ત્યાં બોધગયાની આજુબાજુઓના જિલ્લાઓના ૨૨૦૦ ગામડાઓમાં ફરીને ૬ ડૉક્ટરો અને ૨૫ વ્યક્તિઓની ટીમ આંખના રોગનું નિદાન કરીને તેનાં ઓપરેશન માટે યોજાતા આ નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિરની માહિતી આપે છે. તેમાંથી ચિકિત્સાની જરૂરિયાતવાળા આંખના દર્દીઓના કાર્ડ બનાવવામાં આવે છે અને તેમને બોધગયા ખાતે યોજાયેલ શિબિરમાં આવવાની તારીખ જણાવવામાં આવે છે. ભૂતાન, નેપાલ અને ભારત દ્વારા બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ માટે બતાવાયેલ 'નિગ્મા મોનેસ્ટ્રી'ના વિશાળ અને સુંદર સુવિધાયુક્ત ધાર્મિક ભવનનો દર્દીઓના વોર્ડ માટે, તેમની રહેવા-જમવાની તથા ડ્રેસિંગ કરવાની આવશ્યકતા માટે ઉપયોગ કરવામાં આવે છે અને તે માટે

આ ભવનનું જરૂરી ભાડું ચૂકવવામાં આવે છે. જ્યારે આંખના ઓપરેશનો કરવા માટે બોધગયાના 'સમન્વય આશ્રમ'માં આવેલ 'નેત્રજ્યોતિ આઈ હોસ્પિટલ'ના સુસજ્જ ઑપરેશન થિયેટરોનો ઉપયોગ કરવામાં આવે છે.

અહીંયા આવતા પ્રત્યેક દર્દીની સાથે એક સહાયકને પણ રહેવા-જમવાની સુવિધા આપવામાં આવે છે. દર્દીને આપવામાં આવેલ તારીખ પ્રમાણે દર્દી અહીંયા દાખલ થાય ત્યારે પહેલા દિવસે તેની બી.પી., ડાયાબિટીસ, આંખ વગેરેની જરૂરી પ્રાથમિક શારીરિક તપાસ કરવામાં આવે છે. બીજા દિવસે દર્દીની આંખનું ઑપરેશન થાય છે. ત્રીજા દિવસે દર્દીની ઑપરેશન કરેલી આંખનું ડ્રેસિંગ કરીને, જરૂરી સારવાર આપવામાં આવે છે. બાદમાં જરૂરી દવાઓ, ચશ્મા વગેરેની થેલી દરેક દર્દીને અહીંથી જતી વખતે આપવામાં આવે છે.

દાખલ થયેલ દર્દીઓ તથા તેની સાથે આવેલ સહાયકને સવારે ચ્હા સાથે નાસ્તામાં બિસ્કીટ અપાય છે. દરરોજ બપોરે જમવામાં બધાને રવાનો શીરો, દાળ ભાત, પૂરી અને શાક તથા સાંજે રવાનો શીરો, પૂરી, શાક અને ખિચડી અપાય છે. ડ્રેસિંગ કરીને દર્દીને જ્યારે ઘરે જવાની રજા આપવામાં આવે છે ત્યારે દર્દીને થેલીમાં ચશ્મા અને દવાની સાથે બિસ્કીટનું પેકેટ તથા પૌંઆ આપવામાં આવે છે જે તેને ઘરે પહોંચે ત્યાં સુધી ઉપયોગી બની રહે છે. જરૂરિયાતમંદ દર્દીઓને પોતાનાં ગામ સુધી જવા-આવવાનું ભાડું તથા બહેનોને ચણિયો અને ભાઈઓને ઓઢવા માટે ચાદર અપાય છે.

સંખ્યાની વાત કરીએ તો એક મહિના સુધી દરરોજ આંખના લગભગ ૧૦૦૦થી ૧૨૦૦ ઓપરેશનો થાય છે. તેટલી જ સંખ્યામાં તેમના સહાયકો હોય છે. ઓપરેશનના આગલા દિવસે પણ એટલી જ સંખ્યામાં દર્દીઓ અને તેમના સહાયકો હોય છે. એટલે દર્દીઓ માટે ચાલતાં રસોડાંમાં લગભગ રોજના ૩ થી ૪ હજાર વ્યક્તિઓને એકસરખું નિઃશુલ્ક ભોજન અપાય છે.

અહીં દર્દીઓને વોર્ડમાં સૂવા માટે પલંગ અને ગાદલું અપાય છે અને તેના સહાયકને ગાદલું અપાય છે. જરૂરિયાત મુજબ દર્દીઓના જુદાજુદા પ્રકારના વોર્ડ હોય છે. દા.ત. (૧) ઈમરજન્સી વોર્ડ (૨) ડાયાબિટીસવાળા દર્દીઓનો વોર્ડ (૩) હાઈ બી.પી.ના દર્દીઓનો વોર્ડ (૪) જેની સાથે કોઈ સહાયક નથી અને જે એકલા જ છે તેવા દર્દીઓનો વોર્ડ (૫) અતિ ગરીબ દર્દીઓનો વોર્ડ (૬) એક આંખ ધરાવતા દર્દીઓનો વોર્ડ (૭) નાના બાળકોનો વોર્ડ વગેરે. ત્યાં રહેલા સ્વયંસેવકો આ દર્દીઓની જરૂરિયાતોનું સતત ધ્યાન રાખે છે. દા.ત. અમુક ખામી ધરાવતા દર્દીઓને વોર્ડમાં સ્વયંસેવકો જમાડે છે. ડાયાબિટીસવાળા દર્દીઓને જુદો ખોરાક આપીને તેમનો ડાયાબિટીસ કાબુમાં આવે તે પછી તેનું ઓપરેશન થાય છે. જેને જરૂર હોય તેવા દર્દીની આંખની વિશેષ સારવાર કરવામાં આવે છે. ૯૯% દર્દીઓને લેન્સ મૂકીને સેમી ફેકો પદ્ધતિથી ઓપરેશનો કરવામાં આવે છે.

મોતિયો, ઝામર, વેલ જેવાં આંખનાં દર્દોનાં ઓપરેશનો કરવા માટે દરરોજ લગભગ પચીસેક સર્જન ડૉક્ટરો સતત કાર્યરત રહે છે. દરેક ડૉક્ટર પોતાની અનુકૂળતા પ્રમાણે અને અમુક ડૉક્ટર આખો મહિનો રોકાય છે. ડૉ. કિશોરભાઈ અસનાની જેવા સેવાભાવી ડૉક્ટરો આ શિબિરોની શરૂઆતથી આ મહાયજ્ઞ સાથે જોડાયેલ છે. દિવસની શરૂઆત સૌ સાથે મળીને પ્રાર્થના દ્વારા કરે છે. પોતાના ભાગે આવેલું કામ સૌ હૃદયના શુભ ભાવો સાથે કરે છે.

આ ઓપરેશનો પૂરા થઈ જાય તે પછી તેનું ફોલો-અપ પણ ચાલુ જ રહે છે. ચાર-પાંચ ગામ વચ્ચે એક કેન્દ્ર અને સ્થળ નક્કી કરીને પહેલા દસ દિવસ અને તે પછી એક મહિના બાદ ડૉક્ટર અને તેમની ટીમ દર્દીઓની મુલાકાત લઈને આંખની તપાસ કરે છે, દવાઓ આપે છે, જરૂરી સૂચનાઓ આપે છે. ત્યારે ત્રીજા ફોલો-અપ માટે એક મહિના પછી દર્દી બોધગયા આવીને આંખ બતાવી જાય છે.

વિશાળ સંખ્યામાં અત્રે ચિકિત્સા કરાવવા આવતાં દર્દીઓ અને તેઓના સહાયકોની વ્યવસ્થા જાળવવા માટે પણ ઘણા બધા સ્વયંસેવકોની જરૂર પડે છે. 'નિગ્મા મોનેસ્ટ્રી'થી 'નેત્રજ્યોતિ આઈ હૉસ્પિટલ' સુધી જવા-આવવા માટે પંદર જેટલી ઈ-રીક્ષાઓ અને પાંચેક મોટી ગાડીઓ આખો દિવસ ફેરા કર્યા કરે છે જે માટે તેઓને દૈનિક ૮૦૦-૯૦૦ રૂપિયા જેટલું ભાડું આપવામાં આવે

છે. ડીસા, રાધનપુર, પાલનપુર, મુંબઈ વગેરે સ્થળોએ ભણશાળી ટ્રસ્ટીની ઓફિસો આવેલી છે. આ ઓફિસોના સ્ટાફને સમગ્ર વર્ષ દરમ્યાન જરૂરત પ્રમાણે કામ સોંપાય છે જેની સંખ્યા લગભગ પાંચેક હજાર જેવી થાય છે. ભણશાળી ટ્રસ્ટ દ્વારા (૧) નારોલી(તાલુકો થરાદ, ગુજરાત) (૨) ટકાવ(તા.વાવ, ગુજરાત) (૩) બોધગયા(બિહાર) વગેરે સ્થળોએ જીવનલક્ષી શાળાઓ ચલાવાય છે. આ શાળાના ૪૦, ૫૦, ૬૦, ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અહીં આવીને સ્વયંસેવકો તરીકે દર્દીને મદદ કરવાના જુદાજુદા કાર્યોનો પંદર દિવસ કે મહિના જેવો અનુભવ લે છે, જે તેમના જીવનમાં ખૂબ માર્ગદર્શક બની રહે છે. આ બહોળા કાર્યમાં લગભગ ૮૦૦-૧૦૦૦ જેટલા સ્વયંસેવકો સતત ખડેપગે સેવા આપે છે.

દર્દીઓના મોટા રસોડા માટે આ પ્રદેશના ખોરાકના જાણકાર રસોઈયાઓ બિહારથી આવે છે. સ્વયંસેવકોના રસોડા માટે ગુજરાતથી રસોઈયાઓ આવે છે. દર્દીઓ, સ્વયંસેવકો, ડૉક્ટરો વગેરેની રહેવાની વ્યવસ્થા 'નિગ્મા મોનેસ્ટ્રી', 'સમન્વય આશ્રમ' હોટલ વગેરેમાં કરવામાં આવે છે. આ વિશાળ કાર્યનું આયોજન કરવામાં શ્રી તનેસિંગભાઈ સોઢા, શ્રી મનુભાઈ માફી તથા આ કાર્યને સંપૂર્ણ સમર્પિત એવા કેટલાક અનુભવી કાર્યકરોનો સતત સહકાર પ્રાપ્ત થાય છે. આ એક આખું ખૂબ જ સુઆયોજીત ટીમવર્ક છે અને 'ઝાઝા હાથ રળિયામણાં' એ ન્યાયે આ સેવાયજ્ઞથી સમાજને ખૂબ મોટો ફાયદો થાય છે. આવા આ મહાયજ્ઞના ઉદ્‌ઘાટન માટે કોઈ કાર્ડ છપાતું નથી કે તેની કોઈ જાહેરાત પણ કરવામાં આવતી નથી. 'સમન્વય આશ્રમ'માં રહેલી કન્યાઓ દ્વારા આ શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવે છે.

કોઈપણ જાતની પ્રસિદ્ધિ વગર વર્ષોથી કાર્યરત શ્રી મહેશભાઈ યુવાનવયથી સ્પષ્ટપણે એ સમજણ ધરાવતા હતા કે શિક્ષણ અને આરોગ્ય આ બે બાબતોની કમી વ્યક્તિ, કુટુંબ, સમાજ અને અંતે રાષ્ટ્રના વિકાસમાં અવરોધરૂપ બને છે. ઈ.સ.૧૯૬૯માં 'ભણશાળી ટ્રસ્ટ'ની સ્થાપના કરીને તેઓએ પોતાના દાનની ગંગાનો પ્રવાહ આ દિશામાં વહેવડાવવાનો પ્રયત્ન અવિરત ચાલુ જ રાખ્યો છે. શિક્ષણ દ્વારા પાયાના જીવનમૂલ્યોનો વિકાસ થાય તે માટે નારોલી, ટડાવ, બોધગયા જેવાં સ્થળોએ શાળાઓની સ્થાપના કરીને અવિકસિત સમાજના બાળકોને કેળવવાના પ્રયત્નો આ ટ્રસ્ટે શરૂ કર્યા છે. આવી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કેળવણી પ્રાપ્ત કરીને કેટલાંય બાળકો સમાજમાં સારી રીતે પ્રસ્થાપિત થઈ શક્યાં છે. તે જ રીતે 'નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિર' જેવી આંખ જેવા અગત્યના અને નાજુક અવયવની ચિકિત્સાને લગતી, આરોગ્યલક્ષી પ્રવૃત્તિ દ્વારા સમાજને આંખની રોશની પ્રાપ્ત કરવામાં ઘણો મોટો સહયોગ આ ટ્રસ્ટ દ્વારા મળ્યો છે.

બિહારમાં ગયા જિલ્લો અને આજુબાજુનાં ૩૧૦ ગામડાંઓ દત્તક લઈને ભણશાળી ટ્રસ્ટ દ્વારા ત્યાં બધે શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સંતતિ નિયમન, બચત વગેરે પાયાની બાબતો અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય પણ ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે. પરિણામે આ બધાં ગામડાંઓમાં સારી એવી જાગૃતિ આવવા લાગી છે. ભણશાળી ટ્રસ્ટની નેમ આવાં ગામડાંઓની સંખ્યા ૫૦૦ સુધી કરવાની છે.

આ વર્ષે તા.૨૧ ઓક્ટોબર ૨૦૧૮થી ૨ નવેમ્બર અને વચ્ચે દિવાળીના તહેવારોની રજા બાદ ૧૧ નવેમ્બરથી ૨૯ નવેમ્બર ૨૦૧૮ દરમ્યાન બોધગયા ખાતે યોજાયેલ આવી ૩૬મી 'નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિર'ના સાતેક કરોડના ખર્ચ માટે નીચેની ૬ સંસ્થાઓનો ઉદાર આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. (૧) મેસર્સ મહેન્દ્ર બ્રધર્સ એન્ડ પરીખ ફાઉન્ડેશન, મુંબઈ (૨) મેસર્સ જવેલેક્ષ ઈન્ડિયા પ્રા.લિ., મુંબઈ (૩) શ્રી કનુભાઈ બી.શાહ (મેસર્સ કે.વી.એસ.ડાયમંડ ગ્રુપ), મુંબઈ (૪) સ્વ. શ્રીમતી અનિતાબેન દિલીપભાઈ ઠક્કર, બેલ્જિયમ (૫) શ્રીમતી શકુન્તલાબેન બી. મહેતા (મેસર્સ એચ. દિપક એન્ડ કંપની) મુંબઈ અને (૬) ભણશાળી ટ્રસ્ટ, મુંબઈ.

'જિલ્લા અંધાપન નિવારણ સમિતિ' (ગયા) દ્વારા 'સમન્વય આશ્રમ', બોધગયા (પીન-૮૨૪૨૩૧) ખાતે યોજાયેલ આ ૩૬મી નિઃશુલ્ક નેત્રચિકિત્સા શિબિરમાં તા.૨૫ ઓક્ટોબર થી ૧ નવેમ્બર ૨૦૧૮ સુધી હાજર રહેવાનો મને અને મારા જીવનસાથી શ્રી કિશોર શાહને મોકો મળ્યો તેનું સઘળું શ્રેય ગાંધીવાદી પરંપરામાં પળોટાયેલા, લોકભારતી (સણોસરા)માં શિક્ષણકાર્ય કરી ચૂકેલા એવા શ્રી

**(અનુસંધાન પાના નં. ૪૮૬ ઉપર)**

## (૧૨) વિપદ પડે નવ વલખીયે...

**- મનીષા પ્રતાપભાઈ પંડ્યા**

આજથી પીસ્તાળીશ વર્ષ પહેલા એક ગાંધીવાદી શિક્ષક દંપતિએ ગુજરાતના અમરેલી જિલ્લાના તરવડા ગામમાં એક શિક્ષણ યજ્ઞ શરૂ કર્યો. તરવડાના દૂરસ્થ આશ્રમમાં કોઈ શિક્ષક પોતાની મરજીથી જવા તૈયાર થતા ન હતા, એવા સમયે આ દંપતિએ સ્વેચ્છાએ આ કામ માથે લીધું. શિક્ષકે પોતે તો લોકભારતીમાંથી શિક્ષણ ગ્રહણ કરેલું, અને લોકભારતીના રચનાત્મક રંગમાં પૂરેપૂરા રંગાયેલા હતા. એમના ધર્મપત્નીએ પણ ખુશીથી એમાં સાથ સહકાર આપવાનું નક્કી કર્યું.

આ સેવાના ભેખધારી પતિ-પત્નીએ ઘરે ઘરે ફરીને લોકોને બાળકોને શાળામાં મોકલવા સમજાવ્યા. એમની મહેનત અને નિષ્ઠાની આ અભિયાન સફળ થવા લાગ્યું. અને વર્ષો પછી લોકો આ પ્રયોગનું ઉદાહરણ આપવા લાગ્યા. આ નાના ગામના લાંબા વસવાટ દરમિયાન એમને ત્યાં દીકરીનો જન્મ થયો. ત્રણ દીકરીઓના જન્મ પછી સગાં-સંબંધી દીકરાની આશા રાખતા હતા. દીકરીના જન્મથી આનંદ તો દૂરની વાત છે, પણ કુંટુંબીઓમાં અને અડોશી-પડોશીમાં નિરાશાનું વાતાવરણ ફેલાઈ ગયું. અરેરે, ચોથી દીકરી ? અને જાણે આ નિરાશા ઓછી હોય તેમ નવ માસની નાની દીકરીને પોલિયોએ ઝડપી લીધી. જમણી બાજુના અંગો કામ કરતા બંધ થઈ ગયા. લોકો આને અપશુકન માનીને આ તો પેટે પથરો પડ્યો એવા શબ્દો ઉચ્ચારતા થઈ ગયા.

આસપાસના લોકોને હમદર્દી થતી. દીકરી અને એ પણ અપંગ ? આ મા-બાપને ભવિષ્યમાં કેવી કેવી યાતનાઓનો સામનો કરવો પડશે ? આ છોકરી તો ક્યારેય ચાલી નહીં શકે. નાની હશે ત્યારે તો કદાચ તેડી તેડીને ફરશે, પણ મોટી થશે ત્યારે શું કરશે ?

એ સમયે આજના જેવી મેડિકલ સગવડો ન હતા. અને તેમાં આ તો નાનું ગામડું. પણ ગાંધીવાદને સંપૂર્ણ રીતે પચાવી ચૂકેલા આ મા-બાપે નક્કી કર્યું, હા મુશ્કેલી છે, પણ એનો બહાદુરીપૂર્વક સામનો કરવાથી જરૂર કંઈ રસ્તો નીકળશે. એમણે કમર કસી, અને દીકરીનો ઈલાજ એ એક જ વાતને જીવનમાં સૌથી મહત્વનું કામ ગણી લડત શરૂ કરી. દાક્તરો, દવાખાના, શહેરો અને શહેરોની હોસ્પિટલો, જ્યાં જ્યાં આશા જેવું લાગ્યું ત્યાં ત્યાં દીકરીને લઈને પહોંચી ગયા. એમણે જૂની કહેવત, "વિપદ પડે નવ વલખીયે, વલખે વિપદ ન જાય" ને ગાંઠે બાંધી લીધી. સતત પાંચ વર્ષના સંઘર્ષનું ધીમે ધીમે પરિણામ દેખાવા લાગ્યું. સારવાર, સર્જરી, કસરત અને આશાને પરિણામે જમણી બાજુમાં પગ સિવાયના અંગોમાં સારો એવો સુધારો થયો. દરમિયાન મા-બાપે એને ચાલતા શીખવ્યું અને બીજી બાજું એને ગણિત, ભાષા અને વિજ્ઞાનનું શિક્ષણ આપવાનું. બીજા બાળકો જ્યારે રમતા હોય ત્યારે આ છોકરી એના પિતા પાસે બેસી ને અભ્યાસ કરતી.

માતા-પિતાએ પોતાની બધી જ ઈચ્છાઓને કોરે મૂકી. દીકરીના ભવિષ્ય સુધારમાં જ પોતાના જીવનને ઢાળી દીધું. રેડિયોના સિગ્નલ કેવી રીતે આવે છે જેવી આધુનિક વિજ્ઞાનની વાતો સાથે વેદ, રામાયણ અને મહાભારતની વાતો પણ સમજાવી. મેઘાણી અને મુન્શી જ નહી, શેક્સપિયરની વાતો પણ કરી.

પિતાની વાતોમાં વિશ્વાસ અને પ્રેરણાથી આ છોકરી કોઈની પણ મદદ વગર ચાલતી થઈ. પિતાએ કહેલું, "કદમ અસ્થિર હોય ત્યારે રસ્તો નથી જડતો, અને અડગ મનના માનવીને હિમાલય નથી નડતો." દીકરીએ મનને અડગ બનાવ્યું. સાત વર્ષની વયે પરીક્ષા આપી સીધા ચોથા ધોરણમાં શાળામાં દાખલ થઈ. માતા-પિતાએ દીકરીને સારું શિક્ષણ મળે એટલા માટે પોતાની કર્મભૂમિ છોડી અમરેલીમાં

**(અનુસંધાન પાના નં. ૪૮૬ ઉપર)**

## (૧૩) સંસ્થા સમાચાર - મે : ૨૦૧૯

**- સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- તા.૦૨ના રોજ શ્રી ધીરુભાઈ રાઠોડ તથા શ્રી રીતેશભાઈ પંડયા ઓફિસ કામગીરી અન્વયે ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૦૪ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓનું વાલી સંમેલન ગોઠવાઈ ગયું. આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર તેમજ સૌ કાર્યકરો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.
- તા.૦૮ના રોજ બોટાદ તાલુકાના લાખાણી ગામમાં ઉનાળું તલનો ફિલ્ડ ડે શ્રી નિગમભાઈ શુકલ, શ્રી વિનીતભાઈ સવાણી અને શ્રી પ્રદીપભાઈ કયાડાની હાજરીમાં ૪૮ ખેડૂતો સાથે યોજાઈ ગયો.
- ગુજરાતની પ્રાથમિકશાળાઓના આચાર્યોને તાલીમ આપવા માટેનું મોડ્યુલ તૈયાર કરવા માટેની તેના લગભગ ૧૫ જેટલાં નિષ્ણાતોની એક લેખન બેઠક તા.૦૯, ૧૦ અને ૧૧ દરમિયાન યુનિસેફ અને એનસીઈઆરટીના સંયુક્ત ઉપક્રમે લોકભારતીમાં યોજાઈ ગઈ.
- લોકભારતીના અરણેજ(તા. કોડીનાર) ફાર્મ ઉપર એક ખેડૂત તાલીમ અને સંશોધન કેન્દ્ર શરૂ કરવા અંગે તા. ૦૯ના રોજ મણાર સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. વીરેન્દ્રસિંહ, કળસાર કેન્દ્રના શ્રી અજિતભાઈ તથા અન્ય સંબંધિતોની એક બેઠક લોકભારતીમાં યોજાઈ ગઈ.
- યુનિસેફના ગુજરાત કેન્દ્રના ઈનચાર્જ કોર્ડીનેટર શ્રી હરેશભાઈ ચૌધરી અને સલાહકાર શ્રી પાર્થેશભાઈ પંડ્યાની ઘોઘા તાલુકાની તમામ પ્રાથમિકશાળાઓમાં ગુણવત્તાસભર પ્રવૃત્તિમય શિક્ષણના એક નવા પ્રોજેક્ટને આખરી ઓપ આપવા માટેની એક બેઠક શ્રી અરુણભાઈની હાજરીમાં તા.૧૦ના રોજ લોકભારતીમાં યોજાઈ ગઈ.
- એગ્રોસેલના કૃષિ વૈજ્ઞાનિક ડો. સી. પી. સિંગ તા.૧૪ અને ૧૫ એમ બે દિવસ લોકભારતીના કૃષિ સંશોધન કેન્દ્રમાં મુલાકાતે આવી ગયા અને સોયાબીન બિયારણની વિતરણ વ્યવસ્થા સંપન્ન કરી.
- રાજયની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે પ્રાથમિક શિક્ષણ નિયામક મા. શ્રી એમ. આઈ. જોશી સાહેબના પ્રમુખ સ્થાને ભાવનગર, બોટાદ અને રાજકોટ જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીઓ, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારાશ્રીઓની ઉપસ્થિતિમાં લગભગ ૧૫૦ જેટલાં સી.આર.સી.-બી.આર.સી.ની ધો.૨માં વાંચન-લેખન અને ગણન કાર્યક્રમની રિવ્યુ બેઠક લોકભારતીના આંગણે તા.૧૭ના રોજ યોજાઈ ગઈ.
- તા.૧૭ના રોજ શ્રી નિગમભાઈ શુકલ અરવિંદ મિલ દ્વારા આયોજિત મીટીંગમાં ભાગ લેવા માટે ઢસા મુકામે જઈ આવ્યા.
- તા.૧૮ના રોજ કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર, મણાર ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર લોકભારતી તથા ગ્રામદક્ષિણામૂર્તિ, મણારના સંયુકત ઉપક્રમે એક દિવસીય ખેડૂત પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં ૧૦૬ ખેડૂત ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- ગાંધી આશ્રમ, અમદાવાદ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ગાંધી-૧૫૦ નિમિત્તે ''ચાલો અહિંસા શીખીએ-સમજીએ''ની

વિશેષ અભ્યાસ પ્રવૃત્તિના આયોજન માટેની એક યોજના ઘડાઈ રહી છે, તે અનુસંધાને શ્રી અરુણભાઈ દવે પાસે માર્ગદર્શન મેળવવા માટે ગાંધી આશ્રમ, અમદાવાદના નિયામક શ્રી અતુલભાઈ પંડ્યા, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદના પ્રતિનિધિ શ્રી અયુબભાઈ અને તેના અન્ય સાથીઓ તા. ૨૨ના રોજ લોકભારતી આવી ગયા.

- તા.૨૪ના રોજ શ્રી પ્રદીપભાઈ કયાડા આત્મા, ભાવનગર દ્વારા આયોજિત મીટીંગમાં ભાગ લેવા માટે જઈ આવ્યા.
- તા.૨૭ના રોજ શ્રી વિનીતભાઈ સવાણી જિલ્લા પંચાયત, ભાવનગર ખાતે આત્મા, ગવર્નીંગ બોર્ડની બેઠકમાં ભાગ લેવા જઈ આવ્યા.
- તા.૨૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયની ફાઈનાન્સ કમિટીની બેઠક મળી ગઈ. આ બેઠકમાં મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના શ્રી દીપકભાઈ શેઠ, શ્રી ભટનાગરસાહેબ તેમજ શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા ભાવનગર જિલ્લાના પાંચ ગામોમાં ખેડૂતોની હાલની આવક અને ખેત પદ્ધતિઓની જાણકારી મેળવવાના હેતુથી એક મોજણી હાથ ધરવામાં આવી, જેમાં ૧૦૦ ખેડૂત કુટુંબોને આવરી લેવામાં આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ પાકો પર કુલ ૪ તાલીમ યોજાઈ જેમાં ૨૧૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૨ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં જેમાં ૫૩૨ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનું વર્ષ ૨૦૧૬-૧૭ અને ૧૭-૧૮નું લોકલફંડ કચેરી ભાવનગરના ઓડિટરશ્રી ઘોઘારીભાઈ તથા તેમના સહાયક દ્વારા ઓડિટ પૂર્ણ કરવામાં આવ્યું.
- લોકભારતીની વિસ્તરણ પ્રવૃત્તિ તળે ગત સાલથી આજુબાજુના વિસ્તારમાં જળ સંચયના કાર્યો પીડીલાઈટની આર્થિક સહાયથી ગત સાલથી આપણે શરૂ કરેલાં છે. આ ઉનાળામાં અત્યારે આપણે વીરડી(તા.ગારિયાધાર)માં નવો ચેક ડેમ, સેંજળિયા(તા.પાલીતાણા)માં ચારેક ચેક ડેમ ઊંડા ઉતારવાની કામગીરી, હડમતિયા (તા.ઉમરાળા)માં કોઝવે-કમ-ચેક ડેમની કામગીરી અને સુજલામ સુફલામ યોજના તળે ભડલી (તા.સિહોર), સમઢિયાળા (તા.ઉમરાળા), ગોલરામા (તા.ઉમરાળા), ખીજડિયા (તા.પાલીતાણા), ખાખરિયા (તા.પાલીતાણા) અને નોંઘણવદર (તા.પાલીતાણા) મુકામે પીડીલાઈટના એંજીનિયર શ્રી મનસુખભાઈ તથા ફિલ્ડ આસીસ્ટંટ શ્રી ઘનશ્યામભાઈ અને લોકભારતીના એંજીનિયર શ્રી મનોજભાઈના માર્ગદર્શન હેઠળ આવી કાળ-જાળ ગરમીમાં પૂરજોશમાં કામગીરી ચાલે છે.
- લોકભારતીના કાર્યકર પરિવારમાંથી શ્રી વજુબેન નરસિંહભાઈ મકવાણા(લોકભારતીના પૂર્વ ડ્રાઈવર શ્રી નરસિંહભાઈ મકવાણાનાં ધર્મપત્ની અને વર્તમાન કાર્યકર શ્રી અનિલભાઈ મકવાણાનાં દાદીમા)નું નિધન થતાં લોકભારતીનાં કાર્યકરો તેમની સ્મશાન યાત્રામાં જોડાયાં અને સાયં પ્રાર્થનામાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
- શ્રી અરુણભાઈ દવે તા. ૫, ૧૬, ૨૪ અને ૩૧ એમ માઈધારની મુલાકાતે જઈને નવા તૈયાર થઈ રહેલા વિજ્ઞાન કેન્દ્રમાં માર્ગદર્શન કર્યું. તા. ૧૫ અને ૨૯ એમ બે દિવસ ભાવનગર ખાતે વિવિધ ટ્રસ્ટોની બેઠકમાં હાજરી આપી આવ્યા. ગરમી, પાણીની સખત ખેંચ અને વેકેશન સંદર્ભે તેમણે લોકભારતી ખાતે જ વ્યવસ્થામાં સમય આપ્યો.

**આંબલા સમાચાર**

- તા.૧૩ના રોજ આંતરભારતી સંસ્થાના ૧૫૦ જેટલા કાર્યકર્તાઓ મહારાષ્ટ્ર અને ગોવાથી સંસ્થાની મુલાકાતે આવી ગયાં. સંસ્થાનું

વાતાવરણ અને કાર્યપ્રણાલી જોઈ પ્રભાવિત થયા.

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નું ધો.૧૦નું પરિણામ ૮૭.૪ ટકા આવ્યું. ધોરણ-૧૨નું પરિણામ ૯૫.૬૫ ટકા આવ્યું.
- તા.૧૫થી આંબલા સંસ્થામાં આંબલા ગામના ગરીબ કુંટુંબો માટે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના આર્થિક સહયોગથી મફત છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેનું સંપૂર્ણ સંચાલન શ્રી ભાવેશભાઈ ડાંગર કરે છે.

**મણાર સમાચાર**

- પીડીલાઈટ સંચાલિત મહુવા ક્લસ્ટરના ગોશાળાના ડૉક્ટરોના માર્ગદર્શન નીચે ઘઉંના કુવળ(૧ ટન જથ્થો) ઉપર યુરિયા ટ્રીટમેન્ટ આપવામાં આવી જે ૩૫થી ૪૦ દિવસ બાદ ગાયો માટેના પોષ્ટિક ખોરાક તરીકે ઉપયોગમાં આવશે.
- આ માસમાં ધો.૧૦ તથા ૧૨ના બોર્ડનાં પરિણામો જાહેર થયાં. અનુક્રમે ૭૮ ટકા ૧૦૦ ટકા આવેલ છે.
- ધો.૯ તથા ધો.૧૧માં આ માસના અંતમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી. ધો.૯માં ૬૫ તથા ધો.૧૧માં ૫૫ છાત્ર-છાત્રાઓને પ્રવેશ આપવામાં આવ્યો.
- આ વરસે આંબાનો પાક લગભગ નિષ્ફળ ગયો છે. છતાં જે કાંઈ કેરી છે તેના ભાવ પ્રમાણમાં સારા મળે તે માટે સંસ્થાના વાહનમાં કેરી ભાવનગર સુધી પહોંચાડવામાં આવી રહી છે.
- અલંગ ગ્રામપંચાયત અને તાલુકા પંચાયત-તળાજા દ્વારા ૬૫-૬૫ બ્રાસ સિમેન્ટ બ્લોક આપણી સંસ્થા માટે મંજૂર કરવામાં આવ્યા. તેને ફીટ કરવાનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું.
- ‘મોજીલું શિક્ષણ’ કાર્યક્રમ અંતર્ગત દર્શક લોકગંગાના બંને કાર્યકરો ‘અગસ્ત્ય’ સંસ્થા દ્વારા આયોજિત ૧૧ દિવસની તાલીમ માટે કપડવંજ જઈ આવ્યા.
- પીડીલાઈટ, મુંબઈના એન્જિનિયરોની ટુકડી આ માસમાં બે વખત સંસ્થા મુલાકાતે આવી ગઈ. અને હાલમાં જે મકાનોનું બાંધકામ થઈ રહ્યું છે સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપી ગયા.
- તા.૧૭ના રોજ નવાગામ (સિહોર) ક્લસ્ટરના ૪ ગામના ૭૦ જેટલા પ્રગતીશીલ ખેડૂતો કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેમનો એક દિવસીય પ્રેરણા પ્રવાસમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના લોકભારતી સણોસરાના કૃષિ અને બાગાયતના નિષ્ણાતોએ બાગાયતી પાકો તથા કપાસના પાકો વિશે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરું પાડ્યું.
- આગામી ચોમાસું પાકમાં અહીં સોયાબીનના બ્રીડર સીડના વાવેતરના એમ.ઓ.યુ. અને માર્ગદર્શન માટે ડૉ. સી.પી.સીંગ, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને લોકભારતીમાંથી બ્રીડરસીડ સાથે સંકળાયેલા કાર્યકરો આવી ગયા. આ ચોમાસુ સીઝનમાં અહીં ૪૦થી ૪૫ એકરમાં સોયાબીન વાવવાનું નકકી કરવામાં આવ્યું.
- પીડીલાઈટ કંપનીના ગોશાળા વિભાગના તજજ્ઞ ડૉ. રાનડે દ્વારા અહીંની ગોશાળાની ગાયો માટેનો મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં જરૂરિયાત મુજબ ગાયોને સારવાર આપવામાં આવી.
- સંસ્થાનું મોટું તથા નાનું એમ બંને તળાવ ઊંડા ઉતારવાનું કામ જેસીબી તથા ટ્રેકટરો દ્વારા ચાલુ છે. પાણી સંગ્રહ માટે બહુ જ ઉપયોગી કામ થઈ રહ્યું છે.
- જેસીબી અને ટ્રેક્ટરના કારણે આ દિવસોમાં લગભગ ૧૮ વીઘા જેટલી જમીન નવસાધ્ય કરવામાં આવી. જેમાં ચોમાસાની સિઝનમાં ગાયો માટે જુવારનો ચારો વાવવામાં આવશે.
- વોટર ઈનીશ્યિટીવ પ્રોગ્રામ અંતર્ગત આ માસમાં તળાજા તાલુકાના ચાર તળાવ ઊંડા ઊંતારવાનું તથા એક ચેકડેમનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.
- આઈ.ટી.આઈ. મહુવા કળસારા ૧૬ યુવાનો તથા ૩ કાર્યકરો અહીંના કૃષિ-બાગાયત વિકાસ

કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

- આ માસમાં શ્રી વીરજીભાઈ જસાણી, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, ઉમરાળા હાઈસ્કુલનો સ્ટાફ, ઉ.બુ. વિદ્યાલય-ટંકારિયાના શિક્ષક તથા વિદ્યાર્થીઓએ સંસ્થાની મુલાકાત લીધી.

**(અનુસંધાન પાના નં. ૪૮૧ ઉપરથી)**

મનુભાઈ શાહને જાય છે. ૮૩ વર્ષની ઉંમરે પણ તેઓ યુવાનને શરમાવે તેવી જીવનશૈલી ધરાવે છે. આ અને આવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં શ્રી મનુભાઈ અનેકવાર હાજર રહી ચૂક્યા છે. તેમના આવા અનુભવોનો લાભ મળવાની સાથે અમે 'રોગી મારા ભગવાન છે' એ સૂત્ર જ્યાં ઠેરઠેર લગાવવામાં આવ્યું છે તેવા આ સેવાયજ્ઞને ખૂબ નજીકથી જોઈ શક્યા અને સ્વયંસેવક તરીકે સાવ થોડું પણ કામ કરી શક્યા.

●---------●●●--------●●●---------●

૨૨, શ્રીપાળ ફ્લેટ્સ, દેરી રોડ, કૃષ્ણનગર, ભાવનગર- ૩૬૪૦૦૧

...શ્રદ્ધાંજલિ...

- લોકભારતીની પહેલી બેચના વિદ્યાર્થી અને શિક્ષણક્ષેત્ર સાથે વર્ષોથી સંકળાયેલા (સમાણા લોકશાળાના આચાર્ય) શ્રી કનુભાઈ વ્યાસનું તા. ૧૩-૦૫-૨૦૧૯ના રોજ જૈફવયે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકદક્ષિણામૂર્તિ સંસ્થા પરિવારના સ્વજન-સ્નેહાળ અને અમરગઢ હોસ્પિટલમાં એશિયાના પ્રથમ પંક્તિના ટી.બી. ક્ષેત્રના સર્જન તરીકે આદર્શ સેવા કરનાર ડૉ. ત્રિવેદીસાહેબનું ૯૧ વર્ષની વયે તેમના નિવાસ સ્થાને અમદાવાદ ખાતે તા. ૦૨-૦૫-૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારજનોને તેમના ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થનાકરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

**(અનુસંધાન પાના નં. ૪૮૨ ઉપરથી)**

સ્થળાંતર કર્યું. એમણે દીકરીને જ્ઞાન અને જીવનઘડતરનું ભાથું આપવાના કાર્યને પોતાના જીવનના ધ્યેય તરીકે સ્વીકારી લીધું.

વીસ વરસ સુધી આ લડત ચાલુ રહી. પુરુષપ્રધાન સમાજમાં અપંગ દીકરી માટે જગ્યા બનાવવી એ કોઈ સહેલું કામ ન હતું, પણ તન, મન, ધનથી એ ધ્યેયમાં જ રચ્યા પચ્યા રહી, એમણે દીકરીને સુરતની NIT એન્જિનીયરીંગ કોલેજમાં દાખલ કરાવી. એન્જિનીયર બનાવી. દીકરીને કોઈની દયા ઉપર નહીં., પણ પોતાના આત્મવિશ્વાસ અને પોતાની મહેનત ઉપર જીવવાનું શીખવ્યું. પોતાની જાતને ભૂલાવી દઈ, દીકરીના ભવિષ્યને પગભર કર્યું. દીકરી વડોદરામાં નોકરીએ લાગી ત્યારે મા-બાપનું મન આનંદના હિલોળા લેવા લાગ્યું. આખરે એમની કઠોર તપસ્યાનું પરિણામ નજરે જોવા મળ્યું.

આવા જિદ્દી બાપની દીકરી પણ જિદ્દી કેમ ન હોય ? એને લાગ્યું કે આટલું પુરતું નથી. મારે આનાથી કંઈક વિશેષ કરવું છે, અને બધી બાધાઓ પાર કરીને એ અમેરિકા પહોંચી ગઈ. અમેરિકામાં નોકરી મેળવી, અને પાછી સંઘર્ષમાં જોડાઈ ગઈ. પિતાના આદર્શો અને પિતાની હિંમતને સદાયે ધ્યાનમાં રાખી, ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરવા લાગી. વિશ્વની સૌથી વિખ્યાત આઈ.ટી.કંપની 'એપલ'માં તનતોડ મહેનત કરી, સેલફોન અને કમ્પ્યૂટરના ક્ષેત્રમાં ૫૦થી વધારે શોધખોળ કરીને પેટન્ટ મેળવી. આજે એ દીકરી એપલમાં સિનિયર એક્ઝિક્યૂટિવ છે અને એક મોટી ટીમનું નેતૃત્વ કરે છે. એ આજે પણ કહે છે, આ બધું મારા પિતાના સમર્પણથી શક્ય બન્યું છે.

આ દીકરી એ એપલ સિનિયર ડાયરેક્ટર મનીષા પંડ્યા અને પિતા એ પુસ્તક પરબ વડોદરાના પ્રણેતા, એક શિક્ષક, એક સમાજસેવક, એક ભાષાપ્રેમી અને લોકભારતીમાંથી નીવડેલા શિક્ષણવિદ્ ડો.પ્રતાપભાઈ પંડ્યા. આજે તા.૪ અપ્રિલના પિતાના જન્મદિવસે દિકરી માત્ર એટલું જ કહે છે, "લવ યુ પપ્પા".